# નાગરિક આગેવાન: જે પીડ પરાઈ જાણે રે...



# નાગરિક આગેવાનઃ
# જે પીડ પરાઈ જાણે રે…

**નાગરિક આગેવાન: જે પીડ પરાઈ જાણે રે...**

**© ઉન્નતિ, ૨૦૦૯**

| | |
|---|---|
| પ્રત | : ૫૦૦ |
| પ્રથમ આવૃત્તિ | : નવેમ્બર, ૨૦૦૯ |
| પ્રકાશક | : ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંગઠન<br>૭૦૧-૭૦૨, સાકાર-૪, મા. જે. પુસ્તકાલય સામે,<br>આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| સંપાદક | : સંજય દવે - ચરખા |
| ટાઈપિંગ, લે-આઉટ, અને ડિઝાઈન | : રાજેશ પટેલ |
| ચિત્રો | : સત્યમ દવે |
| મુદ્રક | : લિપિ ગ્રાફિક્સ, અમદાવાદ |

*આ પુસ્તકના કોઈ પણ લેખ કે લેખના અંશનો આપ શૈક્ષણિક હેતુ અને વ્યાપક ફેલાવા અર્થે ઉપયોગ કરી શકો છો. તેમાં 'ઉન્નતિ'ના નામનો અવશ્ય ઉલ્લેખ કરીને અમને તે અંગેની જાણ કરશો.*

# આમુખ

■ *ઇન્દુકુમાર જાની*

## સાચો નાગરિક જ ન્યાયી સમાજનું નિર્માણ કરશે

*સ્વરાજમાં નાનામાં નાના નાગરિકને સરકારને પૂછવાનો, ખુલાસો માગવાનો અધિકાર છે, કારણ કે સરકાર સંતાન છે, નાગરિકો તેના જન્મદાતા છે. (પૃષ્ઠ: ૨૦૬)*

*નાગરિક હરેક પ્રકારની રાજકીય, આર્થિક, ધાર્મિક કે સાંસ્કૃતિક સત્તાઓ પર અંકુશ રાખવાનું શીખે તે, પોતે રાજસત્તા પર જાય તેના કરતાંયે વધારે જરૂરી છે. (પૃષ્ઠ: ૨૭૯)* (‘સદ્‌ભિ: સંગ’માંથી)

*- મનુભાઈ પંચોળી ‘દર્શક’*

‘નાગરિક આગેવાન: જે પીડ પરાઈ જાણે રે...’ના ૨૮ આલેખનોમાંથી પસાર થતાં ‘દર્શક’ની કહેલી ઉપરોક્ત વાતો અવારનવાર સાંભરી આવી. સ્ત્રી હોય કે પુરુષ, ગરીબ હોય કે શ્રીમંત, શિક્ષિત હોય કે અશિક્ષિત... વળી, કોઈ પણ ધર્મ-જાતિ-પ્રદેશ-વર્ગ કે વર્ણની વ્યક્તિ હોય.... એ સહુના મતદાનને અંતે સરકાર અસ્તિત્વમાં આવે છે. આ મતદાન કરતો નાગરિક સરકારનો જન્મદાતા છે, માલિક છે. પરંતુ, વ્યવહારમાં એવું થતું જોવા મળે છે કે એના મતથી ચૂંટાયેલા રાજકારણી તથા તંત્રની નોકરશાહીની મીલીભગતથી નાગરિક બિચારો-બાપડો બની ગયો છે. જ્યારે ચૂંટણી થાય ત્યારે મત આપીને તે પોતાની ફરજ પૂરી થઈ ગઈ એવું માને છે. બાળકના જન્મ પછી એનું સતત પાલન-પોષણ કરવું પડે છે, એના વિકાસની કાળજી રાખવી પડે છે, એ જ રીતે જે સરકાર અસ્તિત્વમાં આવે તેના પર દેખરેખ રાખવી પડે છે; લોકલક્ષી અને સ્વચ્છ વહીવટ મળે એની ચોંપ રાખવી પડે છે. ‘સરકાર જ બધું કરશે’ એમ માનીને ગાફેલ રહી શકાય નહીં. સર્વોદય જગતમાં એક વાક્ય પ્રચલિત છેઃ ‘જેટલું અ-સરકારી, એટલું અસરકારી!’

ભારતમાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું છે તેથી સરકારી કાનૂન અને નિયમોની જાણકારી જાતે મેળવવી એ દરેક નાગરિક માટે શક્ય નથી. ‘કાયદાની અજ્ઞાનતા એ બચાવ હોઈ શકે નહીં’

એવો સિદ્ધાંત 'કાયદાના શાસન' (રુલ ઑફ લૉ)માં વણાયેલો છે. એટલે આવા સંજોગોમાં જ્યારે પંચાયતી રાજ હેઠળ સત્તાનું વિકેન્દ્રિકરણ થયું હોય તેમ જ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને નાગરિક સેવાઓ પૂરી પાડવાના અધિકારો સોંપાયા હોય ત્યારે આમ આદમીની જાગૃતિ અને કાયદાકીય સજ્જતા અનિવાર્ય બને છે.

આ તબક્કે સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા ખૂબ મહત્ત્વની બને છે. ગામની છેવાડે રહેલા નાગરિકને પંચાયતી રાજનો લાભ મળે; જે વિકાસકાર્યો થાય, યોજનાઓનું અમલીકરણ થાય તેની તમામ જાણકારી એને મળે એ કામ સ્વૈચ્છિક સંસ્થા સુપેરે નિભાવે તો લોકશક્તિનું નિર્માણ થાય. અહીં જે કિસ્સાઓ છે તેમાં 'ઉન્નતિ' સંસ્થા દ્વારા અપાતી તાલીમો, સરળ ભાષામાં તૈયાર થતું સાહિત્ય, કાનૂની જાણકારી, તેમ જ ક્ષેત્રકાર્ય (ફીલ્ડ વર્ક) દરમિયાન વિચાર અને કાર્યોનું થતું આદાનપ્રદાન વગેરે બાબતો આમ આદમીનું સશક્તિકરણ કરે છે. અહીં મોટાભાગના ગ્રામકાર્યકરોએ કહ્યું છે કે અમારામાં આત્મવિશ્વાસ નહોતો, અમે કંઈ જાણતા નહોતા, પરંતુ 'ઉન્નતિ'ના સંપર્કમાં આવ્યા, તાલીમ લીધી અને સાહિત્ય વાંચ્યું એને કારણે અમે વિકાસકાર્યો કરી શક્યા! આમ, સ્વવિકાસથી જન્મેલો આત્મવિશ્વાસ કે જે અંતે ગ્રામવિકાસમાં પરિણમ્યો એનાં થોડાંક ઉદાહરણોઃ

- મહાદેવભાઈ ભરવાડના ગામ દોલતપુરાનાં ૨૫૦ ખોરડાં અને એમાંથી ૧૨૫ ઘરની સામે ઉકરડા હતા. ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય. ઉકરડા દૂર કરવા માટે સમજાવટ કરી જોઈ પણ લોકો ટેવાઈ ગયેલા એટલે કશો જ સહકાર ન મળ્યો. ઉકરડો કરનારા વ્યક્તિને તેમના જ વેવાઈએ સમજાવ્યા. આમ, વેવાઈની મદદ લેવાની મહાદેવભાઈની યુક્તિ કામ લાગી. ધીરે ધીરે ગામલોકોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાયું. ઉકરડા દૂર થયા. પછી વિકલાંગોની યાદી બનાવીને એમને શિષ્યવૃત્તિ અપાવી. નજીકના થોરીથાંભા ગામે પહેલીવાર રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી શરૂ થઈ. છ ગામોના ગરીબોને રેશનકાર્ડ મળ્યાં. આ રીતે આમઆદમીમાંથી જવાબદાર નાગરિકનો જન્મ થયો એ પ્રક્રિયાને મહાદેવભાઈ આ શબ્દોમાં વર્ણવે છેઃ 'સાચું નેતૃત્વ એને કહેવાય જે બહોળા સમાજનું અને ખાસ કરીને વંચિતોનું હિત જળવાય તેવા પ્રયત્નો કરે. લોકો પ્રત્યે પ્રેમ અને સહનશક્તિ હોય તો જ કોઈ વ્યક્તિ અસરકારક આગેવાની પૂરી પાડી શકે.'
- દલિતોમાં પણ અતિપછાત ગણાતા સમાજનાં ભાનુબહેન ચેનવા (દેરોલ, તા. ખેડબ્રહ્મા) માત્ર ૨૬ વર્ષની વયે સરપંચ તરીકે ચૂંટાયાં. તલાટી બાવન વર્ષનો, પોતાને દરેક રીતે ઊંચો ગણે. ભાનુબહેને એને સાનમાં સમજાવી દીધું કે, 'તમે સેક્રેટરી છો અને હું સરપંચ. સરપંચનો હોદ્દો ઊંચો ગણાય. તમારે મારી વાત માનવી જોઈએ.' પંચાયતી રાજ વ્યવસ્થાની ઝીણીઝીણી અનેક બાબતોથી 'ઉન્નતિ' સંચાલિત 'પંચાયત સંદર્ભ કેન્દ્ર'માં ભાનુબહેન તાલીમ પામ્યાં. એમનો આત્મવિશ્વાસ વધ્યો. પંચાયતનું ભંડોળ માત્ર રૂ. ૫૦૦ હતું.

એમણે વેરા ઉઘરાણી કડકાઈથી કરી તેથી બે લાખ રૂપિયાનું ભંડોળ એકત્ર થઈ શક્યું. એમને નડતા તલાટીની બદલી કરાવી ને પછી સરપંચ તરીકે અનેકવિધ કામો કર્યાં. જેમાં સ્મશાન સુધીના રસ્તાનું તથા આંગણવાડીનું અને તલાટીના નિવાસસ્થાનનું બાંધકામ કરાવ્યું. મજૂરોને રોજગારી ચૂકવવાના મુદ્દે તેઓ મક્કમ રહ્યાં અને રોડના બાંધકામ પર જાતદેખરેખ રાખી. મધ્યાહ્‌ન ભોજન, વાજબી ભાવની દુકાન પર દેખરેખ અને પાણીની સુવિધા ઊભી કરી. ૨૦૦૨નાં કોમી તોફાનોમાં જે મુસ્લિમ કુટુંબોને નુકસાન થયેલું તેમને વળતર અપાવ્યું.

- સાથળ (તા. ધોળકા)ના યુવાન ચેતનભાઈ મકવાણાએ 'ઉન્નતિ'ની તાલીમમાં યોજનાઓની તલસ્પર્શી માહિતી મેળવી. સરપંચ-તલાટીની કામગીરી પર નિગરાની રાખી. ફૉર્મના પચાસ પૈસાને સ્થાને તલાટી વીસ રૂપિયા પડાવતો હતો તે બંધ કરાવ્યું. શાળામાં ભણવાનું છોડી દેતાં બાળકોના પુનઃપ્રવેશ માટે વાલીઓને સમજાવટ, મધ્યાહ્ન ભોજન વગેરે કામો કર્યાં. ગ્રામ સભા દ્વારા શિક્ષણમાં પારદર્શિતા આણી. આજે દર ગુરુવારે ધોળકા ખાતે એક જગ્યાએ બેસીને 'માહિતીના અધિકાર'નો લાભ લોકોને અપાવે છે.
- માત્ર સાત ધોરણ સુધી ભણેલાં સવિતાબહેન ચમારે સરપંચ તરીકે આરસીસી રોડ, ગરનાળાનો પુલ, પાણીની પાઈપલાઈન, કૉમ્યુનિટી હૉલ, હૅન્ડ પંપ વગેરેના લાખો રૂપિયાનાં વિકાસકામો કર્યાં. એમના પર ચારિત્ર્યથી માંડીને ભ્રષ્ટાચારના આક્ષેપો થયા. ખુદ કૉન્ટ્રાક્ટરે સોગંદનામું કર્યું કે એમણે ભ્રષ્ટાચાર કર્યો નથી તેમ છતાં સવિતાબહેનને સરપંચપદેથી હટાવાયાં, ફરી ચૂંટણી થઈ. એમાં જીતી ગયાં. આજે એમની ત્રીજી ટર્મ છે. મહિલા સરપંચોના તાલુકા સ્તરના મંચનાં તેઓ પ્રમુખ પણ છે. એમણે સંઘર્ષ વેળા અત્યાચાર નિવારણ ધારાનો ઉપયોગ કર્યા વગર સફળતા મેળવી એ ખૂબ મહત્ત્વનું છે. તેઓ સફળતાનું શ્રેય 'ઉન્નતિ'ની તાલીમને આપે છે.
- દિનેશભાઈ પંડ્યા (મુ. ઢુંઢર, તા. હિંમતનગર) દરજીકામ કરીને જીવનનિર્વાહ કરે છે. ૨૦૦૧માં પંચાયત સભ્ય થયા. પહેલી જ મિટિંગમાં 'સામાજિક ન્યાય સમિતિ'ની રચના હવે પછી થશે એવો ઠરાવ લવાયેલો. અગાઉ ૧૬ ઠરાવો મંજૂર થયેલા, આ ઠરાવમાં દિનેશભાઈએ લેખિત વિરોધ નોંધાવ્યો. એને પરિણામે તલાટી માટે મુસીબત ઊભી થાત તેથી અંતે સમિતિ રચાઈ અને દિનેશભાઈ સમિતિના અધ્યક્ષ થયા. દિનેશભાઈ દલિત સમાજના છે અને એમની જાતિના માત્ર ૪૦ મત હોવા છતાં તાલુકા પંચાયતમાં પણ ચૂંટાયા. અનેક વિકાસકામો, નિરાધાર પેન્શન, વિધવા સહાય વગેરેનાં કામો કર્યાં. માત્ર દલિત જ નહીં, પછાતવર્ગ સહિત ૬૦૦ વંચિતોને ઘરથાળના પ્લૉટ અપાવ્યા.
- દંત્રાલ (તા. ખેડબ્રહ્મા) ગામે પંચાયતમંત્રી આવ્યા. તેમના સ્વાગતનું કામ ભગતસિંહ ડાભીને સોંપાયું, પણ માઈક પર તેઓ માંડ બોલી શક્યા. હવે તાલીમોને કારણે એમનો

સંકોચ દૂર થઈ ગયો છે. પરિણામે આજે 'ક્ષેત્રીય પંચાયત વિકાસ સમિતિ'ના પ્રમુખ તરીકે એમણે સમગ્ર તાલુકાની ગ્રામવિકાસ સમિતિઓ કાર્યાન્વિત કરી છે. દુકાળ વેળા રાહતકામો, ઢોરવાડા, પાણીની વ્યવસ્થા કરી છે. આ વિસ્તારમાં બીટી-કોટનમાં બાળમજૂરીનું દૂષણ તેમના ધ્યાન પર આવ્યું કે તરત એમણે વાલીઓનો સંપર્ક સાધ્યો. બાળકોને શાળાએ મોકલવાનું ચાલુ કરાવ્યું.

- માહિતી મેળવવાના અધિકાર હેઠળ કાણીયેલ (તા. દસક્રોઈ)ના શનાજી ડાભીએ શાળા નિયમિત ચાલે એવું કરી બતાવ્યું છે. એ જ રીતે સસ્તા અનાજની દુકાન, આંગણવાડી, શાળામાં પીવાનું પાણી, સફાઈ, રોડ રિપેરિંગ વગેરેનાં કામો કર્યાં છે. આ બધું એમણે એક નાગરિકની હેસિયતથી કર્યું છે. 'અમે છતી આંખે દૃષ્ટિહીન હતા, તાલીમને લીધે નાગરિકને કેટલી સત્તા છે એનો અમને ખ્યાલ આવ્યો. ગામનાં વિકાસકામોની ચર્ચા કરવા માટે હવે અમે દૂર પૂનમે મળીએ છીએ' એવું શનાભાઈ કહે છે.
- માત્ર સાત ચોપડી ભણેલા, આદિવાસી મકનાભાઈ બુબડિયા (મુ. છોછર, તા. ખેડબ્રહ્મા)એ નવો ચીલો પાડ્યો છે. એમણે રોડ તથા તળાવનાં કામોનું જાહેર ઑડિટ કરાવ્યું છે. એમને મારી નાખવાની ધમકી અપાઈ છતાં ડર્યા વગર તેમણે ભ્રષ્ટાચાર ખુલ્લો પાડવાનું મિશન ચાલુ જ રાખ્યું છે.
- આદિવાસી વિસ્તારમાં જંગલની જમીન પર જ્યાં ખેતી થતી હોય તે જમીન ખેડનારને નામે કરવાનો કેન્દ્ર સરકારે કાયદો કર્યો છે. આ માટે નવા પ્લાન્ટેશન થતાં રોકવા પડે. કણાદર (તા. વિજયનગર)માં સુરેશભાઈ હોથાએ જંગલખાતા દ્વારા પ્લાન્ટેશનના ખાડાઓ ખોદવાનું કામ ચાલતું હતું તે રોકાવ્યું. વન અધિકાર કાયદા હેઠળ ૫૦૦ લોકોને જંગલ વિસ્તારની ખેતીની જમીનો મળે તે માટે ફૉર્મ ભર્યાં. રોજગાર કાયદા હેઠળ જોબ-કાર્ડ અપાવ્યાં. એમણે આદિવાસી સમાજમાં લોકજાગૃતિ આણવાનું જબરદસ્ત કામ કર્યું છે.

અહીં એક હકીકત એ પણ નોંધવી રહી કે આ નાગરિકોએ વિકાસકાર્યોની સાથોસાથ સમાજસુધારાનાં કામો પણ હાથ ધર્યાં છે. મહાદેવભાઈ ભરવાડે મરણ પાછળ બાર દિવસ સુધી ચાલતો જમણવાર બંધ કરાવ્યો, ખોળો ભરવાના પ્રસંગે દેવું કરીને પણ કરવામાં આવતો ખર્ચ બંધ કરાવ્યો. ચેતનભાઈ મકવાણાએ દલિતોને સવર્ણકોમના લોકો પરેશાન કરતા તે હિંમતભેર બંધ કરાવ્યું. પીએસઆઈની મદદ લઈને દારૂનું દૂષણ દૂર કર્યું. મકનાભાઈ બુબડિયાએ પશુબલિ ચડાવવાનો કુરિવાજ બંધ કરાવ્યો. ભગતસિંહ ડાભીએ પણ વ્યસનમુક્તિનું કાર્ય કર્યું.

ક્યારેક એવું જોવા મળે છે કે, સાફલ્યગાથાઓ, કેસ-સ્ટડી, દૃષ્ટાંતો વગેરે હેઠળ જે કિસ્સાઓ અપાય છે તેમાં વ્યક્તિનાં નામો-ગામો બદલાય છે પણ બાકીની વિગતો બીબાંઢાળ હોય છે

અહીંનાં આલેખનોમાં જુદા જુદા મુદ્દાઓ પર કામો થયાં હોવાથી તે અલગ પડે છે. એમાં વાત ભલે વ્યક્તિવિકાસની હોય પણ તે વિકાસ અંગત નથી બની રહેતો; અંતતોગત્વા તે સમાજવિકાસ અને ગ્રામવિકાસમાં પરિણમે છે. વળી, જે વ્યક્તિ સંઘર્ષમાંથી તવાઈને, ઘડાઈને જાહેરકામો કરવામાં પલોટાય છે તેનામાં હિંમત અને આત્મવિશ્વાસ જબરદસ્ત જોવા મળે છે. પછી એના દ્વારા જે રચનાત્મક કાર્યો હાથ ધરાય છે તેમાં સફળતા અચૂક મળે છે. સંઘર્ષ અને રચનાનાં બે પૈડાંવાળું એ વાહન અનેક શિખરો સર કરે છે.

સૈકાઓ સુધી ગુલામ રહેલા ભારત દેશમાં રાજાઓ હતા અને પ્રજાજન હતા. બાદશાહ હતા અને રૈયત હતી. નાગરિકનો જન્મ આઝાદી પછી થયો. આ નાગરિકોએ પોતાનું સંવિધાન અંગિકૃત કર્યું. સ્વતંત્રતા, લોકશાહી, સમાનતા, બંધુત્વ, ન્યાય વગેરે આદર્શોનો પરિચય સરેરાશ ભારતીયોને છએક દાયકાથી જ પ્રાપ્ત થયો છે. આજે નાગરિકત્વનો પિંડ બંધાઈ રહ્યો છે. સાચી અને સબળ નાગરિકતાના નિર્માણમાં આ પુસ્તક પ્રેરણાદાયી નિવડશે અને મહત્ત્વનું યોગદાન કરશે એવી મને શ્રદ્ધા છે.

***ઇન્દુકુમાર જાની***
*તંત્રી,*
*'નયા માર્ગ', ખેતભવન, ગાંધી આશ્રમની બાજુમાં,*
*અમદાવાદ-૩૮૦ ૦૨૭.*

# નાગરિક આગેવાનીને વિકસાવવાની યાત્રા

જે લોકશાહીમાં નાગરિકો પોતે સતર્ક અને સક્રિય હોય ત્યાં જ સર્વગ્રાહી અને જવાબદારીપૂર્વકનો વિકાસ શક્ય બને છે. પ્રતિનિધિઓની ચૂંટણી, પોતાની માગણીઓની યોગ્ય રજૂઆત અને તે પૂરી થાય તે માટે સરકાર ઉપર યોગ્ય દબાણ લાવવું - એ સંદર્ભમાં લોકશાહીમાં નાગરિકોનું મહત્ત્વ સ્વીકારાયેલું છે. નવી પંચાયતી રાજ વ્યવસ્થાએ ગ્રામ સભાના સ્વરૂપમાં સૌથી પાયાની બંધારણીય વ્યવસ્થામાં નાગરિકોની સામેલગીરી માટે તક પૂરી પાડી છે.

૭૩મા બંધારણીય સુધારા દ્વારા વિશેષ જોગવાઈ કરવામાં આવી હોવા છતાં ગ્રામીણ ભારતની જટિલ સામાજિક-આર્થિક તેમ જ રાજકીય પરિસ્થિતિઓને કારણે ગ્રામ સભાઓનાં પરિણામો ધારણા મુજબ આવી શક્યાં નથી. 'ઉન્નતિ' દ્વારા ઘણી પંચાયતોમાં, પંચાયત અને ગ્રામ સભા વચ્ચે કડી રૂપ ભૂમિકા ભજવી શકે એવા, 'પંચાયત વિકાસ સમિતિ' નામનાં નાગરિક-સંગઠનોની રચના કરવામાં આવી. તેનો ઉદ્દેશ નાગરિકોને લાભાર્થી તરીકે ઓળખતા પરાવલંબનમાંથી મુક્ત કરી વિકાસપ્રક્રિયામાં તેમને સક્રિય ભાગીદાર બનાવવાનો હતો. પંચાયતો સરકારી યોજનાઓનું અમલીકરણ કરનારી સંસ્થાઓ બની રહેવાને બદલે સ્થાનિક સરકાર તરીકે પોતાની ઓળખ ઊભી કરી શકે તે માટે તેને મજબૂત કરવાનો તેની પાછળનો આશય હતો. પંચાયત સ્તરે પ્રત્યેક વૉર્ડમાંથી બે કે ત્રણ સક્રિય નાગરિકોને પસંદ કરીને આ સમિતિ રચાઈ. આ સમિતિ ગ્રામ સભાની બેઠકોમાં મહિલાઓ તેમ જ સમાજના અન્ય વંચિત વર્ગોને સામેલ કરવાના પ્રયાસો કરે એટલું જ નહિ, પરંતુ ગામના પ્રશ્નોની સચોટ રજૂઆત કરાવે અને સમગ્ર પ્રક્રિયા નિયમોનુસાર થાય તેનું ધ્યાન રાખે એવી અમારી કોશિશ હતી.

અમારા આ પ્રયાસોના સાબરકાંઠા તથા અમદાવાદ જિલ્લાઓના કેટલાક તાલુકાઓમાં પ્રોત્સાહક પરિણામો મળ્યાં છે. પંચાયત વિકાસ સમિતિઓ ગ્રામ સભાઓને પુનઃ ચેતનવંતી બનાવવામાં સફળ થઈ અને શોષણ પ્રથા તેમ જ નશાખોરી જેવી સ્થાનિક સમસ્યાઓ ઉકેલવામાં સહાયક બની તેમ જ સરકારી યોજનાઓના અમલ ઉપર પણ દેખરેખ રાખી શકી છે. આ પ્રયોગને સાબરકાંઠા જિલ્લાના મોડાસા, ઈડર, હિંમતનગર અને વિજયનગર તાલુકાઓ ઉપરાંત, અમદાવાદ

જિલ્લાના વિરમગામ તાલુકામાં સ્થાનિક સંગઠનોની મદદથી તબક્કાવાર અમલમાં મૂકવામાં આવ્યો. આ સ્થાનિક સંગઠનોમાંથી જ તાલીમકારો પસંદ કરવામાં આવ્યા અને તેમને નાગરિકોનાં જૂથો ઊભાં કરવાની પ્રક્રિયા માટે તાલીમ આપવામાં આવી.

આ રચનાત્મક દરમ્યાનગીરીને કારણે ઘણા સ્થાનિક નાગરિકો અને આગેવાનો સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને વધુ જવાબદાર અને સંવેદનશીલ બનાવવા માટે સક્રિય ભૂમિકા ભજવવા લાગ્યા. જે-તે સમુદાય પ્રત્યે સંવેદનશીલતા દાખવીને, સમસ્યાઓ પ્રત્યે ઊંડાણપૂર્વકની સમજણ કેળવીને તેમ જ સમાનતા અને સામાજિક ન્યાયના ધ્યેય માટે પ્રતિબદ્ધતા દાખવીને આ નાગરિક સમૂહો અને આગેવાનો વધુ વિશ્વસનીયતા કેળવી શક્યા. તેમણે જાગૃતિ કેળવીને અને પગલાં લેવા માટે લોકોને તૈયાર કરીને પ્રજાના અવાજને વધારે બૂલંદ બનાવ્યો છે. વિવિધ સેવાઓ પૂરી પાડવાના કાર્યક્રમો અને યોજનાઓનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરીને તેમણે તેમના સંઘર્ષને ટેકો પૂરો પાડ્યો છે. સરકારી અધિકારીઓ સાથે વાતચીત અને મસલતો કરીને જરૂરી સુધારાત્મક પગલાં લેવા તેમના ઉપર દબાણ ઊભું કર્યું છે. એ રીતે આ લોકોએ યોજનાઓનું અમલીકરણ સુધારવામાં ફાળો આપ્યો છે એટલું જ નહિ, પરંતુ અમલદારશાહીની નિર્ણય પ્રક્રિયાને પારદર્શી, લોકભાગીદારીવાળી અને ગરીબો તરફી બનાવી છે.

આ વાત ધ્યાનમાં રાખીને, સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં સક્રિય ભાગીદારી દ્વારા સામાન્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં મળેલી સફળતાને દસ્તાવેજ સ્વરૂપ આપવાનો અને તેનું પ્રકાશન કરવાનો ‘ઉન્નતિ’એ નિર્ણય કર્યો. તેના પરિણામ સ્વરૂપ આ પુસ્તક આપની સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ. અહીં રજૂ થયેલી દરેક વાત પ્રેરણાદાયી છે અને એ દર્શાવે છે કે સામાન્ય લોકો પણ જો વાસ્તવિકતાનો અનુભવ કરે અને પરિવર્તન લાવવા મક્કમ બને તો પરિવર્તન શક્ય બની શકે છે.

લોકજાગૃતિની આ સમગ્ર પ્રક્રિયામાં ભાગ લેનાર ‘આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ’ના ભીખાભાઈ ગોહેલ, ‘લોકસેવા યુવા ટ્રસ્ટ’ના શંકરભાઈ વણકર, ‘ઈશ્વર ખાદી ગ્રામોદ્યોગ સંઘ’ના દિલિપભાઈ ગોહિલ, ‘સેવાભારતી સંસ્થા’ના રજનીભાઈ પરમાર, ‘સમજ ટ્રસ્ટ’ના કરસનભાઈ ભરવાડ તથા ‘ઉન્નતિ’ના થેપાભાઈ પરમાર, જસ્મિનભાઈ પ્રજાપતિ, સ્વ. ખોડીદાસભાઈ વેગડા અને ચંદુભાઈ પરમારનો ‘ઉન્નતિ’ વતી હું આભાર માનું છું. લોકશિક્ષણકારોની સફળતાની વાતોનું દસ્તાવેજીકરણ કરવા માટે સમય ફાળવનાર તમામ પત્રકારોનો પણ હું આભાર માનું છું.

‘ઉન્નતિ’ના મારા તમામ સાથીદારોનો પણ ખાસ ઉલ્લેખ કરવા માગું છું, તે ઉપરાંત, આ પુસ્તકનાં ડિઝાઈન અને લે-આઉટ તૈયાર કરનાર રાજેશભાઈ પટેલનો પણ આભારી છું.

સફળતાની આ વાતો પત્રકારો સુધી પહોંચાડવા માટે ખાસ જહેમત ઉઠાવવા બદલ તેમ જ આ પુસ્તકનું સંકલન અને સંપાદન કરનાર 'ચરખા'ના સંજયભાઈ દવેનો હું આભારી છું.

અમારા પ્રયાસોમાં સાચા માર્ગદર્શક અને પ્રેરણાસ્રોત બની રહેવા બદલ 'ઉન્નતિ'ના નિયામક શ્રી બિનોયભાઈ આચાર્ય પ્રત્યે કૃતજ્ઞતા અને ખૂબ આદર વ્યક્ત કરું છું.

હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામનારા અમારા પ્રિય સાથીદાર ખોડીદાસભાઈ વેગડાને શ્રદ્ધાપૂર્વક યાદ કરીને તેમને આ પુસ્તક અર્પણ કરું છું.

**તાપસ સતપથી**
પ્રોગ્રામ મેનેજર
ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંગઠન
અમદાવાદ

# અનુક્રમણિકા

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .


- આમુખ: સાચો નાગરિક જ ન્યાયી સમાજનું નિર્માણ કરશે .......... *ઇન્દુકુમાર જાની*
- નાગરિક આગેવાનીને વિકસાવવાની યાત્રા ............................. *તાપસ સતપથી*

૧. મહાદેવભાઈ: ઝુકે નહીં, રુકે નહીં ............................................. *સંજય દવે* ..... ૧૩

૨. માહિતી વહેંચતા માણસ- રમેશજી સોમાજી ઠાકોર ...................... *ક્ષમા કટારીયા* ..... ૧૮

૩. જાગ્રત સરપંચ, નિષ્ઠાવાન આગેવાન અને
ઉમદા માનવી ભાનુબહેન ચેનવા ................................................ *સંજય દવે* ..... ૨૨

૪. દારૂ અને ભ્રષ્ટાચારના દૂષણને નાથતો
તરવરીયો યુવા-આગેવાન ચેતન .............................................. *દેવસી બારડ* ..... ૨૬

૫. અવરોધોની વૈતરણી પાર કરીને ઉમદા શાસન
પૂરું પાડતાં આગેવાન સવિતાબહેન .............................................. *સંજય દવે* ..... ૩૧

૬. ભુપેન્દ્રભાઈ માટે માહિતી એ જ મોટું હથિયાર અને
માહિતી એ જ ગુરુ છે ...................................................... *મમતા સોલંકી* ..... ૩૬

૭. એક સામાન્ય દરજીમાંથી તાલુકા પંચાયતના અસાધારણ
સભ્ય બનવા સુધીની દિનેશભાઈની પ્રેરણાદાયી સફર ........................ *સંજય દવે* ..... ૪૦

૮. સક્રિય ગ્રામ સમિતિઓ થકી ભગતસિંહે કંડારી વિકાસની કેડી .............. *સંજય દવે* ..... ૪૫

૯. સૌથી ગરીબ પરિવારોનું હિત હૈયે ધરાવતા આગેવાન મગનભાઈ ......... *સંજય દવે* ..... ૫૦

૧૦. સાથળ ગામના રંગ-રૂપ બદલ્યા હિંમતવાન, મક્કમ અને
પોલાદી મનોબળવાળાં મીનાબહેને... .................................. *અનિતા જતકર* .....૫૪

૧૧. આઘાત અને પ્રત્યાઘાત સામે પણ મીનાભાઈ અડીખમ છે ............... *અજય રામી* ..... ૫૯

૧૨. મારે લોકોની મદદના બદલામાં કંઈ જોઈતું નથી: નટવરભાઈ ........*હરિતા તલાટી* ..... ૬૩

૧૩. મથતા તો હતા પણ 'ઉન્નતિ'ના આવવાથી દિશા મળી ................ *ક્ષમા કટારીયા* ..... ૬૬

૧૪. વીરજીભાઈ લીંબાતઃ ગાયક પણ, લાયક પણ અને નાયક પણ .........*દિવ્યેશ વ્યાસ* ..... ૭૦

૧૫. રેવાભાઈ મગનભાઈ ભાંભી: પરગજુ લોકસેવક ...........................*સપના વ્યાસ* ..... ૭૪

૧૬. દિનેશભાઈ એમ. પરમારઃ ફરતા રહેવું, વિકાસ કાર્યો ...................*દિવ્યેશ વ્યાસ* ..... ૭૭
કરતા રહેવું

૧૭. ગામ અને સમાજના વિકાસ માટે લડતા રહેવું એ જ
જેસિંગભાઈનો જીવન સંદેશ છે ............................................*મમતા સોલંકી* ..... ૮૦

૧૮. શનાજી ડાભીઃ માહિતી મગાવો, સમસ્યા ભગાવો .........................*દિવ્યેશ વ્યાસ* ..... ૮૪

૧૯. કટકીના સામ્રાજ્યમાંથી ગ્રામજનોને મુક્ત કરાવતા દેવાભાઈ ............*દેવસી બારડ* .....૮૭

૨૦. દૃઢ નિર્ધાર સાથે ભ્રષ્ટાચાર રોકનાર જાગૃત ..............................*હરિતા તલાટી* ..... ૯૦
આગેવાન જવાનસિંહ

૨૧. વહીવટી કામોમાં ભ્રષ્ટાચાર દૂર કરું એ જ
મારો જીવનમંત્ર: મકનાભાઈ ...............................................*મમતા સોલંકી* ..... ૯૬

૨૨. નાગરિકોને નેતૃત્વ કરવાની તક આપતા
અનોખા આગેવાન સુરેશભાઈ ................................................*અજય રામી* ... ૧૦૧

૨૩. જ્ઞાતિઓની વાડાબંધી દૂર કરવાની નેમ ધરાવતા
વયોવૃદ્ધ આગેવાન લલ્લુભાઈ ..............................................*મમતા સોલંકી* ... ૧૦૫

૨૪. શિક્ષણના માધ્યમ દ્વારા ગામની કાયાપલટ કરવા માટે
આરંભાયેલો યજ્ઞ ........................................................... *અનિતા જતકર* ...૧૦૯

૨૫. મારા ગામમાં મારે મોટી સ્કૂલ કરવી છે: ભરતભાઈ .................*હિમાંશુ કીકાણી* ... ૧૧૩

૨૬. શહેરી ગરીબો માટે પાણી અને સફાઈની સમસ્યાના ઉકેલ માટે
કટિબદ્ધ જ્યોત્સનાબહેન ..................................................*એલિસ મોરિસ* ... ૧૧૭

૨૭. કુદરતી આફતોમાં સરાહનીય કામગીરી કરનાર આગેવાન
ઇસ્માઈલભાઈ .............................................................*એલિસ મોરિસ* ... ૧૨૦

૨૮. શહેરી શાસનની નાડ પારખતા નાગરિક આગેવાન ગુણવંતભાઈ .....*એલિસ મોરિસ* ... ૧૨૩

# મહાદેવભાઈ: ઝુકે નહીં, રુકે નહીં

ગામનું નામ દોલતપુરા. થોડા વખત પહેલાંની વાત છે. ગામમાં એ વખતે ઉકરડાનું સામ્રાજ્ય. ગામમાં જ્યાં જુઓ ત્યાં ઉકરડા અને ગંદકી. ગામમાં પ્રવેશતાં જ એની ઝાંખી થાય. ગામના પ્રવેશદ્વાર પાસેનાં મકાનોની આગળ, રસ્તાની બંને બાજુ ફેલાયેલો ઉકરડો જોઈને ગામમાં આવવાનું મન જ ન થાય. ઢોરોના વાડાને કારણે શરૂ થયેલી ગંદકી ઓછી હોય એમ ગામનાં બાળકો અને મહિલાઓ રાતે ઉકરડા પાસે જ કુદરતી હાજતે જતાં. આવી ગંદકીવાળા ગામમાં પ્રવેશવું જ દુષ્કર બને. લોકોની બેદરકારી અને અનઆરોગ્યપ્રદ ટેવોએ માઝા મૂકી. પરિણામે ઉકરડાનો ઢગ એવો તો ફેલાયો કે ધીરેધીરે ગામનો મુખ્ય રસ્તો રોકાઈ ગયો. ક્યારેક તો દ્વિ-ચક્રી વાહન પણ માંડ નીકળી શકતું.



**_મહાદેવભાઈ ભરવાડ_**
*ગામ: લિયા*
*તાલુકો: વિરમગામ*
*જિલ્લો: અમદાવાદ*

હદ તો ત્યાં થઈ કે ઉકરડો હવે ગામનાં વાહનો માટે બમ્પની ગરજ સારવા લાગ્યો. ગંદકી જાણે કે દોલતપુરાના ગ્રામજનોને કોઠે પડી ગઈ હતી. જોકે, મહાદેવભાઈને આ મંજૂર નહોતું. કોણ છે આ મહાદેવભાઈ? મહાદેવભાઈ છે જોમવંતો યુવાન, એક નાગરિક-આગેવાન. આમ તો એમનું ગામ લિયા, પણ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાનાં ૧૦ ગામોમાં વિકાસના પ્રશ્નો હાથ ધરવાના ભાગ રૂપે

*દોલતપુરામાં કુલ ખોરડાં ૨૫૦ અને એમાંથી ૧૨૫ ઘરની સામે ઉકરડા હતા. અડધું અડધ ગામ ઉકરડાઓ વચ્ચે જીવતું હોય એ કેમ સાંખી લેવાય!*

તે લિયાની સાથેસાથે દોલતપુરા ગામમાં પણ અવારનવાર જાય. વિરમગામ તાલુકાનાં કુલ ૬૭ ગામોમાંથી ૧૦ ગામોમાં તેમની નાગરિક-આગેવાન તરીકે ઓળખ.

મહાદેવભાઈએ દોલતપુરા ગામની ગંદકી દૂર કરવા માટે રીતસરની ઝુંબેશ જ ઉપાડી. સૌથી પહેલાં તો તેમણે આખા ગામનું નિરીક્ષણ કરીને ઉકરડા અને ગંદકીનો તાગ મેળવ્યો. એ નિરીક્ષણનાં તારણો વિશે મહાદેવભાઈ કહે છે, “દોલતપુરામાં કુલ ખોરડાં ૨૫૦ અને એમાંથી ૧૨૫ ઘરની સામે ઉકરડા હતા. અડધું અડધ ગામ ઉકરડાઓ વચ્ચે જીવતું હોય એ કેમ સાંખી લેવાય!” મહાદેવભાઈ તરત જ ગામના સરપંચને ત્યાં જઈ પહોંચ્યા. જ્યારે આપણે કોઈ સારું કામ કરતા હોઈએ ત્યારે બધા જ લોકો રાજી થાય એ જરૂરી નથી જ. એ વાત ગામના સરપંચને ગળે ઉતરી નહોતી એટલે એમણે કહ્યું, “મહાદેવભાઈ, અમારા ગામમાં તો વર્ષોથી ઉકરડા છે. હવે ઉકરડો કરનારા કેટલાક માથાભારે માણસો કેમેય કરીને માને એવા નથી. વળી, હું ઉકરડા હટાવવાનો પ્રયત્ન કરું અને ગામમાં કોઈ માથાકૂટ



થાય તો નિમિત્ત હું બનું. મારા સંબંધ બગડે." જોકે, મહાદેવભાઈ સરપંચની આવી પ્રતિક્રિયાથી સહેજે નિરાશ થયા નહીં. દોલતપુરના ઉકરડા દૂર કરીને ગામને ચોખ્ખુંચણાક બનાવી દેવાનો તેમણે નિર્ધાર કર્યો હતો.

ઉકરડો હટે એવું ઇચ્છતા ગામના બીજા કેટલાક લોકોએ મહાદેવભાઈને કહ્યું કે, "સૌથી પહેલાં ઉકરડો કરનારા બે-ત્રણ માથાભારે લોકોને તમે ઉકરડો હટાવવા માટે મનાવી લો તો પછી બીજા બધા પણ માની જશે."

લોકોની વાતમાં દમ છે એમ મહાદેવભાઈને લાગ્યું. તેથી તેમણે ઉકરડો કરનારા પરિવારના વેવાઈને ત્યાં જઈને સમગ્ર પરિસ્થિતિથી તેમને વાકેફ કર્યા. એ પરિવારના વેવાઈ ખૂબ સમજુ હતા. તેમણે મહાદેવભાઈને સહકાર આપવાનું નક્કી કર્યું અને પોતાના માથાભારે વેવાઈને સમજાવવા તેઓ તેમના ઘરે પહોંચ્યા. માથાભારે પરિવારને સમજાવતા વેવાઈએ કહ્યું: "ઉકરડાની જગ્યા તમારી મિલકત નથી. ગામની ગંદકી દૂર થાય અને ગામ નિર્મળ બને તે માટે તમને ઉકરડો હટાવવામાં શું વાંધો છે? તમારા આવા ગંદા ગામમાં કોણ આવશે?" વેવાઈની વાતનું વજન પડ્યું ને એ પરિવારે તરત જ ઉકરડો હટાવવાની તૈયારી બતાવી. એટલું જ નહીં, પણ હવે પછી ગંદકી નહીં કરવાની ખાતરી પણ આપી.

યુવાન આગેવાન મહાદેવભાઈ જાણતા હતા કે જો હવે આ તક ઝડપી ઉકરડાનો કાયમી નિકાલ કરવાની વ્યવસ્થા નહીં ગોઠવાય તો ઠેરનું ઠેર રહી જશે. એટલે જ એમણે ગ્રામ પંચાયતના સભ્યો અને સરપંચને સમજાવી ગામના પાછળના ભાગની પડતર જમીન કચરાના નિકાલ માટે ફાળવવાનો ઠરાવ કરાવ્યો. એ જમીનમાંથી ગાંડા બાવળ કઢાવી જમીન ખુલ્લી કરવામાં આવી. સાથેસાથે આખા ગામમાંથી ઉકરડાને હટાવવામાં આવ્યો.

મહાદેવભાઈની ધીરજ, અને હિંમત હાર્યા વગર સતત મથતા રહેવાની તૈયારીને કારણે દોલતપુરા ગામને નિર્મળ ગ્રામનો પુરસ્કાર પણ એનાયત થયો. મહાદેવભાઈની આગેવાનીએ એક ગંદાગોબરા ગામને સાચા અર્થમાં નિર્મળ ગામ કરી બતાવ્યું.

દોલતપુરા પછી હવે વારો આવ્યો થોરીથાંભા ગામનો. કોળી પટેલ, ભરવાડ, વાઘરી, દલિત, લુહાર વગેરેની મળીને ૨૫૦૦ જેટલી વસતિ ધરાવતું થોરીથાંભા ગામ વિરમગામ તાલુકામાં આવેલું છે. મહાદેવભાઈ અવારનવાર આ ગામની મુલાકાત લે. એક મુલાકાત વખતે એમણે જોયું કે ગામની નિશાળમાં રાષ્ટ્રીય તહેવારની સારી રીતે ઉજવણી થતી નથી. રાષ્ટ્રીય તહેવાર રંગેચંગે ઉજવાય અને તેમાં વિધવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે તો નિશાળના વિદ્યાર્થીઓની

*ભરવાડ સમાજમાં વહુનો ખોળો ભરવાના પ્રસંગને રંગેચંગે પાર પાડવા માટે ૩૦ ટકાથી વધુ વાર્ષિક વ્યાજે નાણાં લાવવા પડે ને પછી દેવાનું ચક્કર ચાલુ થઈ જાય. જોકે, મહાદેવભાઈના નેતૃત્વ હેઠળ તેમના સમાજના લોકોએ આ રિવાજ બંધ કરાવ્યો છે.*

સાથેસાથે ગામના લોકોમાં પણ દેશભક્તિની ભાવના વિકસે. એટલે જ એમણે શાળાના શિક્ષકને આ અંગે ટકોર કરી અને શિક્ષકે એમની વાત સ્વીકારી પણ ખરી. હવેથી થોરીથાંભાની પ્રાથમિક શાળામાં ૧૫મી ઑગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. નાટક, ગીત-સંગીત અને વકતૃત્વ સ્પર્ધાના માહોલને માણવા હવે આખું ગામ એ દિવસોમાં શાળામાં ઉમટી પડે છે. ગામના રહેવાસી નટુભાઈ વણકર કહે છે કે, "પહેલાં તો અમે ગામમાં આંટાફેરા કરતા છતાં અમને અમારાં છોકરા બાબતે કોઈ ચંતા (ચિંતા) નો'તી. હાહેબ (સાહેબ) છોરાંને હૂવાડે કે બેહાડે એની કોઈને પડી નો'તી, પણ આ મહાદેવભાઈએ બધાને ધમધમતા કરી દીધા."

મહાદેવભાઈના જ લિયા ગામની નિશાળમાં પણ એક રસપ્રદ બનાવ બન્યો. શાળાના એક કાર્યક્રમમાં એક છોકરીને ઇનામના પૈસા ન મળ્યા એટલે તે છોકરીના પિતાએ શિક્ષકોને તતડાવી નાંખ્યા. મહાદેવભાઈને એની જાણ થઈ એટલે એમણે પેલી છોકરીના પિતાને જઈને શાંતિથી સમજાવ્યા. શિક્ષકો ઘણા દિવસો સુધી મહેનત કરીને બાળકોમાં શિક્ષણ અને કલાનો વિકાસ કરે છે. વળી, શિક્ષકો બાળકોને અભિનય અને બીજી કલાઓ વિનામૂલ્યે શીખવે છે તેથી ઇનામના પૈસાની તેમની પાસે આશા રાખવી ન જોઈએ એમ તેમણે સમજાવ્યું. પેલા ભાઈને પોતાની ભૂલ સમજાઈ તેથી તેઓ શિક્ષક સમક્ષ દિલગીરી વ્યક્ત કરી આવ્યા. આવી ઘટનામાં મહાદેવભાઈએ શા માટે હસ્તક્ષેપ કર્યો? મહાદેવભાઈ કહે છેઃ "મારે શિક્ષકોની કદર કરવી હતી અને તેમનો ભણાવવાનો જુસ્સો ઓછો ન થાય એની મને ફિકર હતી. મારી આ નાનકડી ચેષ્ટાથી શિક્ષકોનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે એવું મને લાગે છે."

મહાદેવભાઈનાં આવાં સદ્‌કાર્યોની યાદી ઘણી લાંબી છે. તેમણે વિરમગામ તાલુકાનાં છ ગામોના પચ્ચીસેક લોકોને રાશનકાર્ડ કઢાવી આપ્યાં છે. તેમણે સ્થાનિક સંસ્થા 'સમજ ટ્રસ્ટ' અને અમદાવાદ સ્થિત સ્વૈચ્છિક સંસ્થા 'ઉન્નતિ' દ્વારા આયોજિત જુદી જુદી તાલીમોમાં ભાગ લઈ પોતાનાં જ્ઞાન અને કૌશલ્ય કેળવ્યાં છે. તેમની નેતૃત્વ શક્તિનો બધો યશ તેઓ આ બંને સંસ્થાઓને આપે છે.

ગામ અને સમાજ સુધારાની શરૂઆત એમણે પોતાના ઘર અને કુટુંબથી કરી છે એ નોંધપાત્ર વાત છે. એમના ભરવાડ સમાજમાં વહુનો ખોળો ભરવાના પ્રસંગમાં છોકરીવાળાને વીશેક હજારથી વધારે ખર્ચ થઈ જતો. આ પ્રસંગમાં ૫૦થી માંડીને ૧૦૦ લોકોને આમંત્રણ આપવામાં આવે. પ્રસંગને રંગેચંગે પાર પાડવા માટે ૩૦ ટકાથી વધુ વાર્ષિક વ્યાજે નાણાં લાવવા પડે ને પછી દેવાનું ચક્કર ચાલુ થઈ જાય. જોકે, મહાદેવભાઈના નેતૃત્વ હેઠળ તેમના સમાજના લોકોએ આ રિવાજ બંધ કરાવ્યો છે, એટલે કે હવે માત્ર ઘરના જૂજ સભ્યોને આમંત્રીને પ્રસંગ ઉજવાય છે. પરિણામે ખર્ચ અને દેવું ઘટી ગયું છે.

વળી, એમના સમાજમાં મરણ પછી ૧૨ દિવસ સુધી નાતને જમાડવા પાછળ થતો ખર્ચ બંધ કરાવીને હવે માત્ર એક જ દિવસ જમણવારની પ્રથા પાડી છે. આ બધા સુધારાથી તેમના ભરવાડ સમાજમાં વિકાસનો વાયરો વાયો છે.


વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શિષ્યવૃત્તિ અપાવવી, મહિલાઓના સક્ષમ મંચ ઊભાં કરીને જાગૃતિ આણવી, બાળકોનાં શિક્ષણની ગાડી પાટે ચડાવવી અને પોતાના અતિપછાત ગામનો વિકાસ કરવો એ જ એમની હાલની દિનચર્યા કે કામગીરીનો ભાગ છે.

'ઉન્નતિ' દ્વારા નેતૃત્વની તાલીમ મેળવીને મહાદેવભાઈ આજે સામાજિક કુરિવાજો સામે બોલતા થયા છે. ગામ અને જનસમાજના ભલા માટે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પણ હિંમતભેર રજૂઆતો કરતા થયા છે.

મહાદેવભાઈના મતે, "સાચું નેતૃત્વ એને કહેવાય જે બહોળા સમાજનું અને ખાસ કરીને વંચિતોનું હિત જળવાય તેવા પ્રયત્નો કરે. લોકો પ્રત્યે પ્રેમ અને સહનશક્તિ હોય તો જ આગેવાન અસરકારક આગેવાની પૂરી પાડી શકે."

*(આ લેખના લેખક સંજય દવે, 'ચરખા'ના સંયોજક છે.)*

# માહિતી વહેંચતા માણસ- રમેશજી સોમાજી ઠાકોર



**રમેશજી ઠાકોર**
*ગામ: ભરકુંડા*
*તાલુકો: દસક્રોઈ*
*જિલ્લો: અમદાવાદ*

રમેશજી સોમાજી ઠાકોરની પહેલી ઓળખાણ વિનુભાઈ પસાભાઈ ઠાકોરના બાળપણના મિત્ર તરીકેની ખરી પણ તેથી વધુ સારી ઓળખાણ ભરકુંડા ગામમાં માહિતી વહેંચતા ખેપિયા તરીકેની આપી શકાય. ૪૨ વર્ષીય રમેશજીને એક વાર 'ઉન્નતિ' દ્વારા માહિતી મળી કે આંગણવાડીમાં સગર્ભા મહિલાઓને જરૂરી વિટામિનયુક્ત આહાર પૂરો પાડવામાં આવે છે. તેઓ તરત એનો પ્રચાર-પ્રસાર કરવા લાગી ગયા, જે મળે તેના કાને વાત નાખતા જાય. વખત હોય ને મતદાર યાદીની જાહેરાત છાપાંમાં જુએ કે તરત બધાને ટકોર કરતા રહે કે તમારી માહિતી તપાસી આવો. રેડિયો કાર્યક્રમ 'ગામડાનો ધબકાર' અને 'ઉન્નતિ' સંસ્થાનું સામયિક 'પંચાયત જગત' તો કદી ચૂકાય જ નહીં. વળી, એમાં આપવામાં આવેલી માહિતી તે સૌને પહોંચાડવાના કામે લાગી જાય. આ રેડિયો કાર્યક્રમ તેમને એટલો પ્રિય કે તેમણે અને તેમનાં પત્નીએ તેમાં રજૂ થતા પ્રશ્નોના જવાબ આપી ઇનામો પણ મેળવ્યાં છે. માહિતી-પ્રસારનું તેમણે જાતે સ્વીકારેલું આ કામ સંજોગવશાત્ તેમનું શારીરિક સ્વાસ્થ્ય બગડવા છતાં અને આર્થિક ખેંચ ઊભી થવા છતાં તેમણે ચાલુ રાખ્યું છે.

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ભરકુંડા ગામના રમેશજીએ ભણતા હતા ત્યારે શિક્ષક બનવાનું

સ્વપ્ન સેવ્યું હતું, પણ સંજોગવશાત્ તે શક્ય ન બન્યું. ૧૨મા ધોરણથી અભ્યાસ અટક્યો. ત્યારબાદ ૧૯૯૦માં વિધાનસભાની ચૂંટણી વખતે ગામનાં વિકાસનાં કામો તરફ તેમનું ધ્યાન ખેંચાયું અને પછી તે વણથંભ્યું ચાલ્યું. ૧૯૯૫-૨૦૦૦ દરમ્યાન તેઓ પંચાયત સભ્ય રહ્યા.

આ જ ગાળામાં ‘ઉન્નતિ’ના દિનેશભાઈ પરમાર તેમના ગામે આવ્યા. પંચાયતની ફરજો અને ગામનાં કામની તેમની વાત સાંભળી રમેશજી તરત જ ‘ગ્રામ વિકાસ સમિતિ’માં સામેલ થવા તૈયાર થઈ ગયા. તેમણે દિનેશભાઈની સાથે ઘેર ઘેર ફરીને લોકો સુધી ‘ઉન્નતિ’ની વાત પહોંચાડી. તેમનો પંચાયત-સભ્ય તરીકેનો કાર્યકાળ પૂરો થયો પણ તેમણે પૂરા જોશથી ‘ગ્રામ વિકાસ સમિતિ’નું કામ ઉપાડી લીધું હતું. ત્યારપછી ‘ઉન્નતિ’ના કાર્યકર ખોડીદાસભાઈ વેગડાએ ગામમાં ‘પંચાયત વિકાસ સમિતિ’ની રચના કરાવી. ખોડીદાસભાઈના માર્ગદર્શન હેઠળ રમેશભાઈએ માઈક્રો-પ્લાનિંગ થકી ગામનો નકશો અને જરૂરિયાતોની યાદી બનાવવાનું કામ શરૂ કર્યું. રામનગર તરફ જતું ગરનાળું પાકું કરાવવા માટેના ઠરાવ અંગે પંચાયત-સભ્યો અને ગામના અન્ય વડીલોને સંમત કરવામાં પણ રમેશભાઈની ભૂમિકા મહત્ત્વની હતી. એમના શબ્દોમાં, “*ઉન્નતિ*નું એક પણ કામ એવું નહીં હોય જેમાં હું સામેલ ન થયો હોઉં.”

વિનુભાઈ સાથે રહીને ગામની બહાર રામનગર જવાના રસ્તામાં આવતું ગરનાળું પાકું કરાવવા માટે મહેનત કર્યા બાદ ગામની પશ્ચિમ બાજુએ આવેલી કાચી કેનાલમાંથી કાંસ સફાઈ અને કેનાલ ઊંડી કરાવવા માટે તેમણે કમર કસી. આ કેનાલમાં કાંસ જમા થાય અને ચોમાસા



*તાલુકાની કચેરીમાંથી માહિતી મળી- 'દરરોજ ૮ કલાક દુકાન ખુલ્લી રહેવી જોઈએ. અઠવાડિયામાં ૧ દિવસ રજા રાખી શકે.' આ જવાબ 'ગ્રામ વિકાસ સમિતિ'એ પેલા દુકાનદારને બતાવ્યો. હવે દુકાનદારે તેમને દાદ આપ્યા વિના છુટકો નહોતો.*

પહેલાં વેળાસર સાફ ન થાય એટલે ચોમાસામાં ગામમાં ઊંબરા સુધી પાણી પહોંચે; ક્યારેક ઘરમાં પણ પાણી પેસી જતા. 'ઉન્નતિ'ના સભ્યો, 'ગ્રામ વિકાસ સમિતિ'ના સભ્યો અને પંચાયતના સભ્યોની સંમતિ અંકે કરીને તેઓ હોજીખાણથી તળાવ સુધી કેનાલ ઊંડી કરવાનું કામ પૂરું ન થયું ત્યાં સુધી નિરાંતે બેઠા નહીં.

રમેશજીનો મૂળ વારસાગત વ્યવસાય ખેતીનો, પરંતુ તબિયત બગડતાં તેમણે ખેતી ભાગે આપી અને સહેજ ઓછી અંગમહેનત હોય તેવા નાનકડા ગલ્લાના વ્યવસાયમાં ઝુકાવ્યું. અલબત્ત, પાછળથી તેમણે એ વ્યવસાય પણ પડતો મૂકવો પડ્યો. પણ આ તંગ પરિસ્થિતિમાં પણ "ગામ માટે કંઈક કરવું છે" એવી ભાવના જળવાઈ રહી તે મોટી વાત હતી. તેમના મિત્ર વિનુભાઈના શબ્દોમાં, "સમાજનું કોઈ કામ કરવાનું હોય તો રમેશભાઈ આગળ હોય જ." જરૂર પડ્યે પતિ-પત્ની સાથે જઈને કોઈનું કામ અટવાયું હોય ત્યારે ઉકેલવામાં મદદ કરે.

ગામનો આવો જ એક પ્રશ્ન હતો સસ્તા અનાજની દુકાનમાંથી કરિયાણું મેળવવાનો. ભરકુંડા ૧૦૦૦-૧૨૦૦ની વસતિ ધરાવતું નાનું ગામ હોવાથી ગામમાં સસ્તા અનાજની દુકાન નથી. લોકો નજીકના ગામ વહેલાલમાં અનાજ લેવા જાય. ત્યાં લાંબી લાંબી કતારો હોય અને તેમાં પણ સવારે બને એટલા વહેલા પહોંચી જવું પડે- તો જ વારો આવે. હવે વહેલાલ ગામે જે સસ્તા અનાજની દુકાન હતી તે કોઈ ને કોઈ બહાને સવારે એકાદ-બે કલાકમાં બંધ થઈ જતી. લોકોએ વારંવાર ધક્કો ખાઈને પાછા ફરવું પડતું હતું. એ તો સ્પષ્ટ હતું કે દુકાનદારનો ઇરાદો નેક નહોતો. છેવટે રમેશજીએ માહિતી અધિકારનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું. તેમણે સસ્તા અનાજની દુકાન કેટલો સમય ખુલ્લી રહેવી જોઈએ તેના વિશે માહિતી અધિકાર હેઠળ માહિતી માગી. એક મહિનામાં તાલુકાની કચેરીમાંથી માહિતી મળી- 'દરરોજ ૮ કલાક દુકાન ખુલ્લી રહેવી જોઈએ. અઠવાડિયામાં ૧ દિવસ રજા રાખી શકે.' આ જવાબ 'ગ્રામ વિકાસ સમિતિ'એ પેલા દુકાનદારને બતાવ્યો. હવે દુકાનદારે તેમને દાદ આપ્યા વિના છુટકો નહોતો.

ગામના લોકો કામચોરી, ભ્રષ્ટાચાર સામે માહિતી અધિકારનો ઉપયોગ કરતાં થાય તેનાથી રૂડું બીજું શું વારુ?

રમેશજીના પત્ની સુનિતાબહેન પણ સક્રિયપણે 'ગ્રામ વિકાસ સમિતિ'માં રસ લે છે અને હાલ પંચાયત-સભ્ય પણ છે. પોતાની તબિયતના પ્રશ્નો અને મર્યાદાઓ છતાં રમેશજી સતત નાનાં-મોટાં કામોમાં પરોવાયેલા રહે છે. ક્યારેક તે પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં અપાતા મધ્યાહ્ન ભોજનની તપાસ કરવા ઉપડે છે તો ક્યારેક કોઈક વાલીઓને પોતાનાં બાળકોને શાળામાં મૂકવા માટે સમજાવવા જાય છે. ક્યારેક વળી વિધવા બહેનોને મળતા લાભની જાણકારી જે-તે જરૂરિયાતમંદને પહોંચાડે છે.

*(આ લેખનાં લેખિકા ક્ષમા કટારીયા, મુક્ત પત્રકાર છે.)*

■ *સંજય દવે*

# જાગ્રત સરપંચ, નિષ્ઠાવાન આગેવાન અને ઉમદા માનવી ભાનુબહેન ચેનવા



***ભાનુબહેન ચેનવા***
*ગામ: દેરોલ*
*તાલુકો: ખેડબ્રહ્મા*
*જિલ્લો: સાબરકાંઠા*

"બહેન, તમે છવ્વીસ વર્ષનાં છો અને હું બાવન વર્ષનો છું. તમે મારાથી અડધી ઉંમરનાં છો છતાં મને તમે શીખામણ આપશો કે મારે શું કરવું?" એક પ્રૌઢ તલાટીએ ગામનાં યુવાન સરપંચબહેનને આમ કહ્યું. સરપંચબહેને તલાટીને તરત જ કહ્યું કે, "એક સરપંચ તરીકે તમે મારા સેક્રેટરી છો. તમારા કરતાં મારો હોદ્દો ઊંચો છે એટલે તમારે હોદ્દાની રૂએ પણ મારી વાત માનવી રહી."

તલાટીને આત્મવિશ્વાસપૂર્વક આમ કહેનાર સરપંચબહેનનું નામ છે ભાનુબહેન ચેનવા. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનું દેરોલ તેમનું ગામ. વર્ષ ૨૦૦૨માં સરપંચ બનેલાં ભાનુબહેને 'ઉન્નતિ' સંસ્થા પાસેથી તાલીમ અને માર્ગદર્શન મેળવીને પોતાની જાતને કેળવી છે. ખેડબ્રહ્મા મુકામે 'ઉન્નતિ' દ્વારા સંચાલિત 'પંચાયત સંદર્ભ કેન્દ્ર'ના પ્રતિનિધિઓએ તેમને પંચાયતી રાજ વ્યવસ્થાની ઝીણીઝીણી અનેક બાબતોથી એમને સતત માહિતગાર કર્યા. કેન્દ્રના કાર્યકરો તેમને તાલુકા પંચાયતની મુલાકાતે પણ લઈ ગયા. વળી, સરકારી-બિનસરકારી સંસ્થાઓ દ્વારા યોજાતી ક્ષમતાવર્ધન અંગેની જુદીજુદી તાલીમોમાં ભાગ લેવા માટે તેમને પ્રોત્સાહિત કર્યાં. પરિણામે, એમનામાં ધીરેધીરે આત્મવિશ્વાસનો સંચાર થવા લાગ્યો.

પંચાયતી રાજ અંગે પોતાને મુંઝવતા પ્રશ્નોમાં માર્ગદર્શન મેળવવા માટે ભાનુબહેન, 'ઉન્નતિ'ના 'પંચાયત સંદર્ભ કેન્દ્ર'ની અવારનવાર મુલાકાત લેતાં.

આપણે ત્યાં હજુ, ખાસ કરીને ગ્રામીણ સ્તરે મહિલાઓ અને દલિતોનો આગેવાન તરીકે સ્વીકાર થતો નથી. ભાનુબહેન સરપંચ તરીકેની પોતાની ફરજ સારી રીતે નિભાવી શકે તે માટે કેન્દ્રના કાર્યકરોએ તેમના દેરોલ ગામની મહિલાઓ સાથે અનેકવાર મિટિંગો યોજી. ધીરેધીરે ગામની મહિલાઓ જાગૃત થઈ અને પછી સક્રિય મહિલાઓની એક સમિતિ રચાઈ. આ સમિતિએ ધીરેધીરે ગામના પ્રશ્નોના ઉકેલ માટે સક્રિય ભૂમિકા ભજવવા માંડી, સાથેસાથે ભાનુબહેનને મોટું પીઠબળ પણ પૂરું પાડ્યું. તાલીમો, મિટિંગોમાં ભાગ લઈને અને માર્ગદર્શન મેળવીને સક્ષમ થયેલાં ભાનુબહેને પોતાની પંચાયતની મિટિંગો દર મહિને યોજવા માંડી તેમ જ ગામના પ્રશ્નોનો ઉકેલ લાવવાનું શરૂ કર્યું.

ભાનુબહેન સરપંચ બન્યાં ત્યારે તેમની ગ્રામ પંચાયતમાં માત્ર ૫૦૦ રૂપિયાનું ભંડોળ હતું. નજીવું ભંડોળ જોઈને ભાનુબહેનને ચિંતા પેઠી એટલે એમણે વેરા ઉઘરાણીનું સખ્તાઈથી પાલન કરાવ્યું. પરિણામે, આજે દેરોલ પંચાયતમાં બે લાખ રૂપિયાનું નોંધપાત્ર ભંડોળ એકઠું થયું છે. ભાનુબહેન પોતાનાં ઘરકામ, ખેતી કામ, પશુપાલન અને પોતાનાં બાળકોની સંભાળ રાખવાનાં કામની સાથેસાથે ગ્રામ વિકાસનાં કામો કરવાની તેમની ભૂમિકા બખૂબી નિભાવે છે.



*ગામની શાળાની દર અઠવાડિયે મુલાકાત લઈને, શિક્ષકો સાથે ચર્ચા કરીને તેમણે શિક્ષણની ગુણવત્તા જળવાય એ બાબતે ખૂબ રસ લીધો છે. મધ્યાહ્ન ભોજન યોજનાની વ્યવસ્થા ઉપર એમણે સતત નજર રાખી છે.*

તેમનાં પાંચ વર્ષના શાસનકાળમાં ભાનુબહેને અનેક મુસીબતોનો જવાંમર્દીથી સામનો કર્યો છે. સહકાર ન આપતા તલાટીને બદલે નવા તલાટીની નિમણૂક કરાવવાની પ્રક્રિયાથી સંઘર્ષની શરૂઆત થઈ. નવા તલાટી મેળવ્યા પછી હવે બીજી એક મુશ્કેલી સામે આવી ઊભી રહી. સ્મશાનગૃહ તરફ જતો રસ્તો તૈયાર કરવાના અને ૪૦૦ મજૂરોને રોજગારી આપવાના કામમાં ગામના જ કેટલાક ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો. એ ઘટનાને યાદ કરતાં ભાનુબહેન કહે છે કે, "ગામના સ્મશાન સુધીનો રસ્તો બનાવવા અને મજૂરોને રોજગારી આપવા પાછળ મારો કોઈ સ્વાર્થ નહોતો. છતાં કેટલાક લોકોને એ કામ થાય એ ગમતું નહોતું."

ભાનુબહેને તાલુકા પંચાયતમાં રજૂઆત કરીને એ કામ શરૂ કરાવ્યું. છતાં વિરોધી ખેડૂતોએ બીજા જ અઠવાડિયે ત્યાં પહોંચીને કામ બંધ કરાવ્યું. અકળાયેલાં ભાનુબહેને મક્કમ નિર્ધાર કર્યો કે, "હું રોડ ઉપર સતત ઊભી રહીને એ કામ પૂરું કરાવીશ, પછી ભલે મારા વિરોધીઓ મને મારી નાંખે." તેમણે મજૂરોને પણ વિરોધીઓના ઘરની સામે ધરણાં કરવાનું સૂચવ્યું. છેવટે વિરોધીઓના હાથ હેઠા પડ્યા અને રોડનું કામ શરૂ થયું. રોડની સાથેસાથે આંગણવાડીનું બાંધકામ, તલાટી-કમ-મંત્રીનું નિવાસસ્થાન, પાણીની સુવિધા ઊભી કરવી જેવાં અનેક ગામો ભાનુબહેને સફળતાપૂર્વક કર્યાં. માત્ર ભૌતિક સુવિધાઓ જ નહીં, મૂળભૂત સુવિધાઓની ગુણવત્તા બાબતે પણ ભાનુબહેન જાગ્રત રહ્યાં છે.

ગામની શાળાની દર અઠવાડિયે મુલાકાત લઈને, શિક્ષકો સાથે ચર્ચા કરીને તેમણે શિક્ષણની ગુણવત્તા જળવાય એ બાબતે ખૂબ રસ લીધો છે. મધ્યાહ્ન ભોજન યોજનાની વ્યવસ્થા ઉપર એમણે સતત નજર રાખી છે. ગ્રામ પંચાયતની નિરીક્ષણ સમિતિના ચેરપર્સન તરીકેની જવાબદારી એમણે સ્વીકારી એ પહેલાં ગામની વાજબી ભાવની દુકાનમાં ઘણી અનિયમિતતા હતી. ચેરપર્સન બન્યા પછી એમણે દુકાનને નિયમિત રીતે ચાલુ રાખવાની ફરજ પાડી. તેથી ગ્રામજનોને હવે વખતસર રાશન મળી રહે છે.

વર્ષ ૨૦૦૨માં ગોધરાની ઘટના પછી થયેલા માનવસંહાર વખતે તેમણે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર અસરગ્રસ્ત મુસ્લિમ કુટુંબોને નુકસાનનું વળતર અપાવ્યું હતું. શરૂઆતમાં તો હિંસાનો માહોલ જોઈને ભાનુબહેન જાણે કે સૂઝબૂઝ ખોઈ બેઠાં હતાં. દેરોલ ગામનાં એક મુસ્લિમબહેન કહે છે, "અમે ગામમાં પાછા ફરતાં ડરતાં હતાં, પણ ભાનુબહેને તેઓ અમારી સાથે હોવાની ખાતરી કરાવી ને પૂરેપૂરો સહકાર પણ આપ્યો."


"સહયોગ આપવા માટે તત્પર હોય એની મદદ લેવી અને વિઘ્નસંતોષીઓ તરફ નજર સુધ્ધાં ન કરવી" એ ભાનુબહેનની ફિલસૂફી છે.

સરપંચ તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી હવે ભાનુબહેન 'ખેડબ્રહ્મા તાલુકા મહિલા પ્રતિનિધિ સંઘ'ના પ્રવક્તા તરીકે સક્રિય છે અને મહિલા પંચાયત પ્રતિનિધિઓને જ્યારે જરૂર હોય એટલું માર્ગદર્શન પૂરું પાડે છે. ભાનુબહેન કહે છે, "પાંચ વર્ષના વહીવટમાં હું મારા ગામ માટે ઘણું કરી શકી હવે હું તાલુકા પંચાયતમાં ચૂંટાવા ઇચ્છું છું."

*(આ લેખના લેખક સંજય દવે, 'ચરખા'ના સંયોજક છે.)*

■ *દેવસી બારડ*

# દારૂ અને ભ્રષ્ટાચારના દૂષણને નાથતો તરવરીયો યુવા-આગેવાન ચેતન



***ચેતનભાઈ મકવાણા***
*ગામઃ સાથળ*
*તાલુકોઃ ધોળકા*
*જિલ્લોઃ અમદાવાદ*

૧૭ વર્ષ સુધી તે ગામની પંચાયતનું એક પગથિયું પણ ચડ્યો નહોતો. ગામમાં તેની છાપ એક ટપોરીથી વિશેષ કાંઈ નહોતી. પોલીસ અધિકારી સુધ્ધાંની તેણે ફેંટ પકડી છે. આજે પાંચ વર્ષમાં પરિસ્થિતિ તદ્દન ઊંધી છે. પંચાયતનો 'પ' ન જાણતો 'ચેતન્યો' આજે આખા તાલુકાને પંચાયતી રાજની ટ્રેનિંગ આપે છે. ગામની નાની અમથી વાત હોય તો લોકો સરપંચ પાસે નહીં, પણ 'ચેતન્યા' પાસે દોડી જાય છે.

આ ચેતન્યાને તમારે મળવું હોય તો અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સાથળ ગામમાં જવું પડે. પાંચ વર્ષ પહેલાંનું એ તોછડું 'ચેતન્યો' નામ, હવે 'ચેતનભાઈ' બની ગયું છે. ચેતન મકવાણાની સ્ટોરી બોલીવુડની કોઈ મસાલા મુવી કરતાં જરા પણ ઉતરતી નથી. કૉલેજના પ્રથમ વર્ષ સુધી ભણેલા ચેતનના પ્રયત્નોથી સાથળ ગામમાં ભ્રષ્ટાચાર, દારૂ જેવાં અનિષ્ટો દૂર થયાં છે. સાથળ ગામના છ હજાર લોકો જ નહીં, આખા તાલુકાના અસંખ્ય લોકો સરકારની યોજના અને પોતાના હક પ્રત્યે જાગૃત બન્યા છે. સરકારી ચોપડે સંવેદનશીલ ગણાતા સાથળને એક ગોકુળિયું ગામ બનાવવા ગામના કેટલાક યુવાનો સક્રિય બનીને અફલાતુન કામગીરી કરી રહ્યા છે. આ યુવાનોનો લીડર એ જ આપણો ચેતન.

પાંચ વર્ષ પહેલાંનું સાથળ ગામ કેવું હતું? સાંભળો ચેતન મકવાણાના મોઢેઃ 'તમે નહીં માનો, પાંચ વર્ષ પહેલાં સાથળ દારૂના મામલે કુખ્યાત હતું. બાપને મદિરાપાન કરતા જોઈને તેનાં નાનાં બાળકો દારૂની ભઠ્ઠી ઉપર જઈ એક કોથળી ઉભાઉભ ગટગટાવી જતાં હતાં. લોકોના હિત માટે જે પણ સરકારી યોજનાઓ અમલમાં છે તેની માહિતી સામાન્ય માણસ સુધી ક્યારેય નો'તી પહોંચતી. કોઈ મોટું કામ છોડો, આવકના દાખલા જેવી નાની અમથી બાબતમાં પણ તલાટી-કમ-મંત્રી ગરીબ લોકો પાસેથી કટકી વસુલ કરતો હતો. મધ્યાહ્ન ભોજન યોજનાના પણ હાલ એ જ. શાળાની છોકરીઓમાં શાળા છોડવાનું પ્રમાણ વિશેષ હતું. આમ, ગામમાં સમસ્યાનો કોઈ આરો નહોતો. હું એવું નથી કહેતો કે અમારી બધી જ સમસ્યાનું નિરાકરણ આવી ગયું છે, પરંતુ અમે જરૂર સફળ થયા છીએ.' ચેતન અને તેના મિત્રોના પ્રયત્નોને કારણે આજે સાથળ, આજુ-બાજુનાં અનેક ગામો માટે એક ઉદાહરણ બની ગયું છે.

સાથળ ગામ અચાનક નથી બદલાયું. ૨૦૦૩માં એક ઘટના બની, જેણે 'ચેતન્યા'ને 'ચેતન' બનાવ્યો. ધોળકા બસ સ્ટેશનની સામે ચેતન મકવાણાની એસટીડીની દુકાન. અવારનવાર કેટલાક દરબારો હરિજનના છોકરાને વણકર... વણકર... કહીને ચીડવતા રહે. વાત ચેતન સુધી પહોંચી. આ વિસ્તારમાં ચેતનની ટંગળી ઊંચી ખરી. બસ સ્ટેન્ડ સામે જ ચેતને પેલા યુવાનોને ફટકાર્યા, એટલું જ નહીં વચ્ચે પડનાર પોલીસમેનની પણ ફેંટ પકડી લીધી. ત્યારે 'ઉન્નતિ' સંસ્થાના કાર્યકર ચંદુભાઈ હાજર હતા. ફિલ્મમાં દર્શાવાતા પ્રેક્ષકોની જેમ ચંદુભાઈએ પણ આ ફાઈટનું લાઈવ ટેલિકાસ્ટ જોયું. તેમને લાગ્યું કે આ યુવાનમાં હીર તો છે જ, પણ તે અવળે રસ્તે ફંટાઈ રહ્યું છે. આ યુવાનના જુસ્સાને યોગ્ય માર્ગ બતાવવામાં આવે તો ગાડી ઍક્સપ્રેસ વાહનની જેમ પુરપાટ દોડે. બીજા દિવસે ચંદુભાઈએ ચેતનને 'ઉન્નતિ' સંસ્થા વિશે સમજાવ્યું. આ તરવરીયો યુવાન ગામને કેવી રીતે દોરી શકે તે વાત પણ કરી અને 'ઉન્નતિ' સંસ્થામાં જોડાવા આમંત્રણ પણ આપી દીધું. ચેતને પણ વાત સ્વીકારી લીધી, માર્ગ ભૂલેલા પથિકને જાણે રસ્તો મળી ગયો. આજે પાંચ વર્ષે તેનું મૂલ્યાંકન કરો તો સફળતાની પૂરી ગેરંટી છે. 'ઉન્નતિ'ના સહયોગથી ચેતને પહેલા પંચાયતી રાજની તાલીમ લીધી. ગામના સરપંચની જવાબદારી શું છે? તલાટી-કમ-મંત્રીનું કામ શું છે? સરકારની કઈ યોજના ચાલે છે? તેની અમલવારી થાય છે કે નહીં? વગેરે વગેરે જાણ્યું.

***સાથળ ગામ ગુજરાતનું સંભવતઃ પ્રથમ ગામ છે જ્યાં ગ્રામ શિક્ષણમાં પારદર્શકતા લાવવા માટે ગ્રામ સભા મળી હોય. સરકારની કોઈ પણ યોજના હોય, ચેતન અને એના સાથીઓ એના વિશે ગામમાં ઘરે ઘરે જઈ જાણ કરે છે. તેમણે ગામમાં દરેક યોજનાનાં બૉર્ડ મારી દીધાં છે જેથી લોકોને ખ્યાલ પડે કે સરકારની કઈ કઈ યોજનાઓ આજે અમલમાં છે.***

અમદાવાદ જિલ્લાનું સાથળ ગામ છ હજારની વસતિ ધરાવે છે. વણકર, મુસ્લિમ, દરબાર,



દેવીપૂજકની વસતિ મુખ્ય છે. 'ઉન્નતિ'માં જોડાયા પહેલાં ચેતન અમદાવાદમાં 'આઈસીઆઈસીઆઈ' બૅંકમાં માર્કેટિંગની જોબ કરતો હતો. અમુક સમય નોકરી કર્યા બાદ તેણે બૅંકને બદલે ધોળકામાં પોતાની એસટીડીની દુકાનને પ્રાધાન્ય આપ્યું. એકદમ સામાન્ય પરિવારમાંથી આવતા ચેતનના પિતા રતિલાલભાઈ અને માતા ગજરાબહેન ખેતમજૂરી કરી ગુજરાન ચલાવે છે. બહેન જયશ્રી એમએમાં અભ્યાસ કરે છે. ચેતન કહે છે, "ઉન્નતિમાં જોડાયા બાદ મારી લાઈફ બદલાઈ ગઈ છે."

સાથળ ગામ ૧૨ પંચાયત વૉર્ડમાં વહેંચાયેલું છે. ચેતને 'ઉન્નતિ'ના સહયોગથી દરેક વૉર્ડમાં બબ્બે યુવાનોને પોતાની સાથે લીધા. તેણે સૌ પ્રથમ કામ તલાટી-મંત્રીની ખાયકી બંધ કરવાનું કર્યું. ગામનો તલાટી જમીન ખાતે કરવાથી માંડી નાનામાં નાના કામ કરવામાં પૈસાની ભાષા જ સમજતો હતો. ચેતન ભૂતકાળની તે ઘટનાને તાજી કરે છે, 'અમારો મંત્રી દાખલાના ૫૦ પૈસાને બદલે ૨૦ રૂપિયા પડાવતો હતો. એક વાર મારી પાસેથી તેણે પૈસા માગ્યા. મેં તેને આ વાત કાગળ પર લખી આપવા કહ્યું. ફસાઈ જવાની બીકે મંત્રીશ્રી તૈયાર ન થયા. અમે બધા મિત્રોએ આ વાત લોકોને કરી, હવે પછી પૈસા ન

આપવા જણાવ્યું. ગામના આગેવાનો, સરપંચ અને મંત્રી સાથે મંત્રણા થઈ. અંતે પંચાયતમાં પાંચ પૈસા પણ વધારે ન આપવાનું ગામના દરેક નાગરિકને સમજાવ્યું.' ચેતન અને મિત્રોના પ્રયત્નનું પરિણામ એ આવ્યું કે આજે ગામનો કોઈ પણ નાગરિક એક પણ પૈસો વધારે ચુકવતો નથી.

પંચાયતમાં નાણાકીય સ્વચ્છતા તો ચેતનનો પ્રથમ પડાવ હતો. આ સફળતા બાદ ચેતન અને મિત્રોનો આત્મવિશ્વાસ વધી ગયો. હવે સૌથી મોટો પડકાર હતો દારૂની ભઠ્ઠીને બંધ કરવાનો. પોલીસનો સીધો સપોર્ટ મેળવતા લોકોની સામે બાથ ભીડવાનું કામ ચેતન અને મિત્રો માટે અઘરું તો હતું જ. સૌથી પહેલાં ૨૪ મિત્રો સાથે મળીને ગામમાં દારૂની ભઠ્ઠી ચલાવતા દેવીપૂજકોને મળ્યા. ગામના હિતમાં આ દુષણ બંધ કરી બીજો ધંધો શરૂ કરવા માટે સમજાવ્યા. જોકે, તેઓ એકના બે ન થયા. ચેતન અને તેના મિત્રોની વાત છેક પોલીસ સ્ટેશન સુધી પહોંચી.

જે કામ પોલીસે કરવાનું હતું તે કામ પોતાના જીવની પરવા કર્યા વગર એક યુવાન કરી રહ્યો હતો. સ્વચ્છ છાપ ધરાવતા તત્કાલીન પીએસઆઈ બી.ટી.કરોલીયાએ પણ આ વાતની નોંધ લીધી. એક દિવસ ખુદ કરોલીયા સાહેબ ચેતનને શોધતા શોધતા ગામમાં પહોંચી ગયા. ગામના લોકોને સામે રાખી ચેતનને પૂછ્યુંઃ 'બોલ આ લોકોમાંથી દારૂ કોણ ગાળે છે.' ચેતનનો જવાબ હતોઃ 'હપતો તમારો માણસ લેવા આવે છે. તેઓને પૂછો કે કોણ દારૂ ગાળે છે. દારૂ ગાળનાર કેટલાક લોકો મારી સામે છે તેમ છતાં ગામને દારૂનાં દૂષણમાંથી મુક્ત કેવી રીતે કરવું એ મારો પ્રશ્ન છે. હું તેનું નિરાકરણ મારી રીતે જ લાવીશ.' ચેતનની વાત દારૂ ગાળનાર લોકોના હ્રદય સોંસરવી ઉતરી ગઈ. અનેક સમસ્યા બાદ આજે ચેતન દારૂની મોટાભાગની ભઠ્ઠીઓને દૂર કરી ચૂક્યો છે.

ગામના સૌથી મોટા માથાના દુઃખાવા સમાન દારૂમાં રાહત થતા ચેતન અને મિત્રોએ પ્રાથમિક શાળા અને મધ્યાહ્ન ભોજન યોજના તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. મધ્યાહ્નમાં બાળકોને સારું જમવાનું મળી રહે તે માટે એક કમિટી બનાવવામાં આવી છે. આ કમિટી યોજના પર નજર રાખે છે. આજે બધાં જ બાળકો મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ લે છે. ગામની શાળામાં છોકરીઓ અને છોકરાઓનો ડ્રોપ આઉટ રેશિયો (શાળા છોડવાનું પ્રમાણ) કેટલો છે તે પણ ચેતનના ગ્રુપે જાણ્યું. જે માતાપિતા દીકરીને સ્કૂલે ન મોકલતા હોય તેમને ત્યાં જઈને ચેતન સમજાવે છે. પરિણામે, આજે ગામમાં અધવચ્ચેથી જે બાળકો ઉઠી જતાં હતાં તે પ્રમાણ ઓછું થયું છે.

સાથળ ગામ ગુજરાતનું સંભવતઃ પ્રથમ ગામ છે જ્યાં ગ્રામ શિક્ષણમાં પારદર્શકતા લાવવા માટે ગ્રામ સભા મળી હોય. સરકારની કોઈ પણ યોજના હોય, ચેતન અને એના સાથીઓ એના વિશે ગામમાં ઘરે ઘરે જઈ જાણ કરે છે. તેમણે ગામમાં દરેક યોજનાનાં બૉર્ડ મારી દીધાં છે જેથી લોકોને ખ્યાલ પડે કે સરકારની કઈ કઈ યોજનાઓ આજે અમલમાં છે. ચેતનનું કામ ગ્રામ પંચાયત પૂરતું સીમિત નથી, તાલુકામાં પણ કોઈ કામ હોય તો તે હંમેશા મદદ કરવા તત્પર બને છે. માહિતી અધિકાર કાયદાને કારણે આજે લોકો સરકારની યોજના અને મળતા લાભ પ્રત્યે વધારે પારદર્શક બન્યા છે. ચેતને ગામ લોકોના હક માટે માહિતી અધિકારનું હથિયાર પણ ઉઠાવ્યું છે. અત્યાર સુધી ચાર જેટલી અરજી પણ કરી છે. ગામના ગરીબો ઈન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજના વગેરેનો લાભ લઈ શકે તે માટે ચેતન અને તેના સાથીઓ માર્ગદર્શન આપે છે. ચેતન દર ગુરુવારે ધોળકા તાલુકા પંચાયતની બહાર તંબુ નાખીને સામાન્ય નાગરિકોને પંચાયતી રાજની તાલીમ પણ આપે છે. આજ સુધી અસંખ્ય લોકોએ ચેતનની પંચાયતી રાજની તાલીમ લીધી છે.

*(આ લેખના લેખક દેવસી બારડ, 'દિવ્ય ભાસ્કર'ના પત્રકાર છે.)*

■ સંજય દવે

# અવરોધોની વૈતરણી પાર કરીને ઉમદા શાસન પૂરું પાડતાં આગેવાન સવિતાબહેન



**સવિતાબહેન ચમાર**
*ગામઃ સઢા*
*તાલુકોઃ હિંમતનગર*
*જિલ્લોઃ સાબરકાંઠા*

"મહિલા સરપંચ એટલે ડમી સરપંચ. કોઈ પણ મહિલા ભલે સરપંચ બની હોય પણ વહીવટ તો તેના પતિ કે સસરા કે જેઠ જ કરે." સામાન્ય રીતે આપણે ત્યાં મહિલાઓ વિશે આવી ગેરમાન્યતા પ્રવર્તે છે. ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલાં થોડાંક બહેનો વહીવટનો દોર સંભાળતા ન હોય એટલે બીજી બહેનોને પણ એ દૃષ્ટિએ જ જોવી એ વાજબી નથી.

ભારત અને ગુજરાતમાં પોતાની કોઠાસૂઝથી નીડર બનીને ગામનું શાસન સફળતાપૂર્વક સંભાળતાં બહેનોની યાદી ખૂબ લાંબી થાય. આજે એવાં એક બાહોશ મહિલા સરપંચની વાત માંડવી છે. ૪૨ વર્ષનાં એ દલિત સરપંચનું નામ છે સવિતાબહેન બાલુભાઈ ચમાર. માત્ર સાતમું ધોરણ પાસ સવિતાબહેનને સુશાસન પૂરું પાડવામાં ઓછું ભણતર આડે આવ્યું નથી. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાનું સઢા એમનું ગામ. હિંમતનગરથી ત્રીસેક કિમી દૂર આવેલા સઢા ગામમાં ૧૯૯૫ની ચૂંટણીમાં સવિતાબહેન બહુમતીથી સરપંચપદે ચૂંટાઈ આવ્યાં. ચૂંટાયાં પછી તરત જ તેમણે ગામના વિકાસનાં કામો હાથ ધર્યાં.

સવિતાબહેને ગામની જરૂરિયાત મુજબ કુલ ૩૬ લાખ રૂપિયાનાં કામો કર્યાં. ગામનો ૧૨૦૦ ફૂટનો

*સવિતાબહેને ચૂંટાયાં પછી પોતાનાં સગાં-સંબંધીઓનો રબ્બર સ્ટેમ્પ બની રહેવાને બદલે પોતાની સૂઝથી ગામનાં કામો કરવા માંડ્યાં. તેથી ગ્રામપંચાયતના સાત સભ્યોમાંથી છ તેમની વિરુદ્ધ થઈ ગયા.*

આરસીસી રોડ બનાવ્યો, ગરનાળાનો પૂલ બનાવડાવ્યો, ૭૦૦ ફૂટની પાણીની પાઈપલાઈન નંખાવી, પાણીની એક ટંકી બનાવડાવી, ઘેરઘેર નળ નંખાવ્યા, ગામ માટે કૉમ્યુનિટી હૉલ બનાવડાવ્યો અને ઇલેક્ટ્રિક મોટર પણ નખાવી. વળી, ગામની પાંચ નિરાધાર વ્યક્તિઓને નિરાધાર સહાય યોજનાનો લાભ અપાવ્યો, પાંચ કુટુંબોને મરણોત્તર ક્રિયા માટે સરકારી યોજનામાંથી નાણાં અપાવ્યાં. આવાં તો અનેક સદ્‌કાર્યોથી સવિતાબહેને ગામલોકોનાં હૃદયને જીતી લીધાં. ગામના લોકો સવિતાબહેનની કામગીરીથી સંતોષ અને ખુશી અનુભવવા લાગ્યા, પરંતુ પંચાયતના કેટલાક સભ્યોને સવિતાબહેનની સફળતાની અદેખાઈ આવવા લાવી. સવિતાબહેન દલિત મહિલા છે એ એમની અદેખાઈનું મૂળ કારણ હતું. એક દલિત મહિલા ગામના વિકાસનાં કામોનો જશ લઈ જાય એ એમને કઠતું હતું. જોકે, વિરોધ કરનારા આ પંચાયતસભ્યોમાં ઉચ્ચ વર્ણના સભ્યોની સાથેસાથે દલિત સભ્યો પણ હતા. સવિતાબહેને ચૂંટાયાં પછી પોતાનાં સગાં-સંબંધીઓનો રબ્બર સ્ટેમ્પ બની રહેવાને બદલે પોતાની સૂઝથી ગામનાં કામો કરવા માંડ્યાં. તેથી ગ્રામપંચાયતના સાત સભ્યોમાંથી છ તેમની વિરુદ્ધ થઈ ગયા.

સવિતાબહેન ઉપર ભ્રષ્ટાચાર અને ગેરવર્તનના આક્ષેપો કરવામાં આવ્યા. સવિતાબહેનનો દોષ માત્ર એટલો જ હતો કે તેઓ એક હૅન્ડપંપના બજેટમાંથી બે હૅન્ડપંપ ન બનાવી શક્યાં. પંચાયતના બજેટમાં હૅન્ડપંપ માટે રૂ. ૨૯,૫૦૦ હતા. તે રૂપિયામાંથી ૨૦૦ ફૂટ ઊંડો ખાડો ખોદીને મજૂરીના ખર્ચ સાથે માત્ર એક જ હૅન્ડપંપ બની શકે એ સ્વાભાવિક હતું. તો પણ પંચાયતના એ છ સભ્યોએ સવિતાબહેન ઉપર હૅન્ડપંપના કામમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ મૂક્યો. જોકે, સવિતાબહેન તો નિર્દોષ હતાં તેથી તેમણે હૅન્ડપંપ બનાવનાર કૉન્ટ્રાક્ટર પાસે કાયદેસર રીતે સોગંદનામું કરાવ્યું. કૉન્ટ્રાક્ટરે સ્ટૅમ્પ ઉપર રૂ. ૨૯,૫૦૦નો ખર્ચ કયાં કયાં કામોમાં થયો તે લખી આપ્યું. સવિતાબહેને એક પાઈ પણ લીધી નથી અને કોઈ ભ્રષ્ટાચાર કર્યો નથી તેવું પણ તેણે લખી આપ્યું. આમ, પોતાની ઉપર થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપનું સવિતાબહેને સાચા પુરાવા લાવીને ખંડન કર્યું. સઢા ગામના ગ્રામજનોને તો સવિતાબહેનમાં પહેલેથી જ પૂરેપૂરો વિશ્વાસ હતો. જોકે, આ પ્રસંગથી ગ્રામજનોનાં વિશ્વાસ અને શ્રદ્ધા વધુ દૃઢ થયાં.



પંચાયતના સભ્યોએ સવિતાબહેનને બદનામ કરવાનું અને માનસિક રીતે હેરાન કરવાનું ચાલુ રાખ્યું. સવિતાબહેન અનુસૂચિત જાતિનાં હોવાથી તેઓ અત્યાચાર અધિનિયમ (ઍટ્રોસિટી ઍક્ટ)નો ડર બતાવે છે તેવો આક્ષેપ પંચાયતના સભ્યોએ મૂક્યો. સવિતાબહેને પોતાની જિંદગીમાં ક્યારેય કોઈની સામે ઍટ્રોસિટી ઍક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી નહોતી. સ્થાનિક પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરે પણ, સવિતાબહેને ફરિયાદ કરી નથી તેવા પુરાવા આપ્યા. તે પુરાવાનું પોલીસે આપેલું પ્રમાણપત્ર આજે પણ સવિતાબહેન પાસે છે.

સવિતાબહેનને હેરાન કરવામાં પંચાયતના સભ્યોએ કંઈ બાકી રાખ્યું નહોતું. દરેક મોરચે હારેલા વિરોધીઓએ હવે સવિતાબહેનનાં કુટુંબીજનોને લક્ષ્ય બનાવ્યાં. સવિતાબહેનના પતિ બાલુભાઈ હિંમતનગરની એક શાળામાં શિક્ષક છે. સવિતાબહેનના વિરોધીઓએ એક દિવસ તેમને ફોન કરીને જણાવ્યું કે, “તમારી પત્ની તો કોઈ અજાણ્યા પુરુષને લઈને ક્યાંક જતી રહી છે.” બાલુભાઈને ખ્યાલ આવી ગયો કે આ વિઘ્નસંતોષીઓનું ષડયંત્ર છે. તેમને પોતાની પત્ની ઉપર વિશ્વાસ અને ગૌરવ હતાં, પરંતુ કંઈક અજુગતું ન થાય તે માટે તેમણે ગામમાં પોતાના પડોશીને ત્યાં ફોન કર્યો. પડોશીએ સમાચાર આપ્યા કે, “તેમના કોઈક સંબંધી ગુજરી ગયા છે ત્યાં નાતની બધી મહિલાઓ સાથે તેઓ બેસણામાં ગયાં છે.” સવિતાબહેન નિર્દોષ હોવાના આટઆટલા પુરાવા હોવા છતાં તેમના ચારિત્ર્ય વિશે તેમ જ તેમના પ્રામાણિક અને પારદર્શક વહીવટ વિશે પાયા વગરના આક્ષેપો કરવામાં આવ્યા. છેવટે પંચાયતના સભ્યોએ બહુમતીથી તેમને સત્તા ઉપરથી દૂર કર્યાં. ગામ આખું સવિતાબહેનની સાથે હતું, પરંતુ પંચાયતના

*પંચાયતના સભ્યોના વર્તાવથી હું ડરી નહોતી, પણ નાસીપાસ જરૂર થઈ ગઈ હતી. મને હોદ્દા ઉપરથી દૂર કર્યા પછી પણ હેરાન કરવામાં આવતી તેથી જ મેં ફરી વાર ચૂંટણી લડી લેવાનું વિચાર્યું અને ગામલોકોએ મારામાં મૂકેલા વિશ્વાસના બળે હું જીતી ગઈ.*

બહુમતી સભ્યો સરપંચને પદભ્રષ્ટ કરી શકે તેવી કાયદાકીય જોગવાઈ હોવાથી કમનસીબે અઢી વર્ષમાં જ સવિતાબહેનને સરપંચપદ છોડવું પડ્યું.

સવિતાબહેન એમ હારીને બેસી જાય તેમ નહોતાં, સાત ચોપડી ભણેલી આ વીરાંગનાએ પોતાને થયેલા અન્યાય સામે લડી લેવાનું નક્કી કર્યું. અદાલત સુધી ઝઘડો પહોંચ્યો. અદાલતે ફરી વાર ચૂંટણી યોજવાનો આદેશ આપ્યો. છેવટે પંચાયતને બરખાસ્ત કરી નવેસરથી ઑક્ટોબર, '૯૮માં ચૂંટણી યોજવામાં આવી. એ ચૂંટણીમાં સવિતાબહેન ન ઊભાં રહે તે માટે તેમને ગામના પંચાયતસભ્યો દ્વારા ધમકીઓ પણ આવી, છતાં સવિતાબહેન હિંમતભેર ચૂંટણી લડ્યાં. પંચાયતના સભ્યોએ જેમનામાં અવિશ્વાસ વ્યક્ત કરીને પદભ્રષ્ટ કર્યાં હતાં તે સવિતાબહેનને જ ગામલોકોએ ફરીથી ચૂંટી કાઢ્યાં. તેમની ફરી વાર થયેલી જીત અંગે સવિતાબહેન કહે છે કે, "પંચાયતના સભ્યોના વર્તાવથી હું ડરી નહોતી, પણ નાસીપાસ જરૂર થઈ ગઈ હતી. મને હોદ્દા ઉપરથી દૂર કર્યા પછી પણ હેરાન કરવામાં આવતી તેથી જ મેં ફરી વાર ચૂંટણી લડી લેવાનું વિચાર્યું અને ગામલોકોએ મારામાં મૂકેલા વિશ્વાસના બળે હું જીતી ગઈ."

બીજી ટર્મમાં ૧૯૯૮થી ૨૦૦૨ દરમ્યાન સવિતાબહેને ઠાકોર વાસનો સીસી રોડ, દલિત ફળિયાની સંરક્ષણ દિવાલ અને સઢાથી બોરી ગામ સુધીનો પેવર રોડ બનાવ્યા. તેમણે ગામની ૧થી ૭ ધોરણની શાળામાં પાંચ નવા ઓરડા પણ બનાવડાવ્યા. વિઘ્નસંતોષીઓ તેમનો પીછો છોડતાં નહોતાં. બીજી ટર્મમાં પંચાયતના સભ્યોએ તેમને પદભ્રષ્ટ કરવા નવું ગતકડું કાઢ્યું. ગામમાં એક રબારી પરિવારના મકાનનું વર્ષો જૂનું દબાણ હતું. સવિતાબહેન જ્યારે પહેલી ટર્મમાં પદભ્રષ્ટ થયાં ત્યારે સરપંચનો ચાર્જ સંભાળતા ઉપસરપંચે પોતે પણ આ દબાણ હટાવ્યું નહોતું. તેમ છતાં સવિતાબહેનને એ મુદ્દે સરપંચ પદેથી દૂર કરવાની અરજી, પંચાયત સભ્યોએ કરી. પરિણામે, બીજી ટર્મ પૂરી થવામાં ચાર માસ બાકી હતા ત્યારે જિલ્લા વિકાસ અધિકારીએ તેમને સસ્પેન્ડ કર્યાં.

અવરોધોથી ભાંગી પડે એ સવિતાબહેન નહીં. સવિતાબહેન ગાંધીનગરમાં વિકાસ કમિશનરની કચેરી સુધી પહોંચ્યા. ત્યાંથી સ્ટે લઈ આવ્યાં એટલે સરપંચ પદે બાકીના ચાર મહિના પણ ટકી રહ્યાં.

ડિસેમ્બર ૨૦૦૬માં યોજાયેલી ચૂંટણીમાં પણ લોકોનાં હમદર્દ સવિતાબહેન ત્રીજી વાર સરપંચ તરીકે ચૂંટાયાં. આવી અખૂટ હિંમત અને શાસનની ધૂરા સંભાળવાની આવડત એમનામાં આવી ક્યાંથી? સવિતાબહેન કહે છે, "પહેલી ટર્મમાં મને પદભ્રષ્ટ કરવામાં આવી ત્યારે છાપામાં મારા વિશે વાંચીને 'ઉન્નતિ'ના તાપસભાઈ મને મળવા આવ્યા. બસ, ત્યારથી આજ દિન સુધી 'ઉન્નતિ'એ મને સતત મદદ, માર્ગદર્શન અને હિંમત પૂરાં પાડ્યાં."

'ઉન્નતિ' દ્વારા યોજાયેલી સરપંચોના ક્ષમતાવર્ધન અંગેની તાલીમોમાં ભાગ લઈને સવિતાબહેને કાયદાનું જ્ઞાન મેળવ્યું. એ જ્ઞાન જ એમની તાકાત હતી. સવિતાબહેન એ તાલીમને યાદ કરતા કહે છે, "પહેલાં તો પંચાયત ધારો એટલે શું એ ખબર નહોતી. તલાટી, સરપંચનો સેક્રેટરી છે એવી પણ ખબર નહોતી, પણ 'ઉન્નતિ'ના સંગથી જ્ઞાનનો રંગ લાગ્યો મને."

ગામના દલિતો જ નહીં, બીજી જ્ઞાતિના લોકો પણ સવિતાબહેનને સાચા નાગરિક-આગેવાન તરીકે આદરપૂર્વક જુએ છે. ગામના અગ્રણીઓ પ્રમોદભાઈ ગોર અને ચંદુભાઈ વ્યાસ સવિતાબહેનને કહે છે, "હવે સરપંચપદથી તમારે આગળ વધવાનું છે. અમે તમારી સાથે જ છીએ." ગામના જેસરભાઈ ઓડ, મગનભાઈ ગીરી જેવા આગેવાનો પણ સવિતાબહેનને ખૂબ સહયોગ આપે છે. પંચાયતની નવી ચૂંટાયેલી પાંખ પણ હવે તેમને વિકાસનાં કામોમાં સાથ આપે છે.

સવિતાબહેને હવે તાલુકા અને જિલ્લા સ્તરે પણ નામના મેળવી છે. તેઓ હિંમતનગર તાલુકાના 'મહિલા સરપંચોના મંચ'નાં પ્રમુખ છે. વંચિતોના પ્રશ્નોને વાચા આપતા લોકમંચનાં પણ તેઓ તાલુકા-પ્રમુખ છે. તાલુકા પંચાયતની આરોગ્ય સમિતિનાં ઉપપ્રમુખ તરીકેનો કાર્યભાર પણ તેઓ સંભાળે છે.

આટઆટલી જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળતાં સવિતાબહેન કહે છે, "મારા પતિના પીઠબળથી જ હું મારી જવાબદારીઓ સારી રીતે નિભાવી શકી છું. એમણે મને વિકસવાની તક આપીને સતત સાથે હોવાનો અહેસાસ પણ કરાવ્યો છે." પ્રામાણિકતા, સચ્ચાઈ અને સમભાવના ગુણગ્રાહી સવિતાબહેન પ્રેરણારૂપ સુકાની બની રહ્યાં છે.

*(આ લેખના લેખક સંજય દવે, 'ચરખા'ના સંયોજક છે.)*

■ *મમતા સોલંકી*

# ભુપેન્દ્રભાઈ માટે માહિતી એ જ મોટું હથિયાર અને માહિતી એ જ ગુરુ છે



***ભુપેન્દ્રભાઈ પરમાર***
*ગામ: નેસડા*
*તાલુકો: ધોળકા*
*જિલ્લો: અમદાવાદ*

માત્ર ૨૭ વર્ષની ઉંમરે પંચાયતની ચૂંટણીમાં બે સિનિયર ઉમેદવારને હરાવી જીત મેળવી હોય અને લોકોનો વિશ્વાસ જીતી લીધો હોય એ યુવાનનો આત્મવિશ્વાસ અને જુસ્સો કેવો હોય એ જોવું હોય તો કદાચ ધોળકાના નાનકડા નેસડા ગામના વતની ભુપેન્દ્રભાઈને મળવું પડે. નાની કદ-કાઠી પણ જુસ્સો મોટો. અંદાજિત ૩થી ૪ હજારની વસ્તી ધરાવતા અને ગુલાબ, મોગરો, પારસ, ચંપો, ડેઈઝી, હજારીગલ અને ગુલછડીનાં ખેતરો-બગીચાઓથી પથરાયેલા નેસડા ગામના ભુપેન્દ્રભાઈ પરમાર કોઈ પણ કામ કરી શકવાની આવડત ધરાવે છે. ખેતી, ખેતમજૂરી ઉપરાંત, બીજાં ટૅકનિકલ કામો કરી શકતા ભુપેન્દ્રભાઈને સમજણા થયા ત્યારથી લોકસેવાનાં કામોમાં રસ પડતો. આ લોકસેવાના કામની લત તેમને રાજકારણમાંથી લાગી. પંચાયતની ચૂંટણીઓમાં બૂથ એજન્ટ બનતાં બનતાં ભુપેન્દ્રભાઈ ગામનાં વિકાસ કાર્યોમાં રસ લેતા.

દસમા ધોરણની પરીક્ષામાં નાપાસ થયા પછી મનોબળ તૂટ્યું, પરંતુ આ નિરાશાને હકારાત્મક દિશા તરફ વાળવાનો પ્રયાસ તેમણે જાતે જ આદર્યો. ખેતમજૂરી અને જીઆઈડીસીમાં નોકરીનું કામ આ યુવાને શરૂ કર્યું. કંઈક અલગ કરવાની ધગશના કારણે ૨૦૦૨માં 'ઉન્નતિ' સંસ્થાના એક કાર્યકર ચંદુભાઈ સાથે મુલાકાત થઈ. ચંદુભાઈ તે વખતે 'પંચાયત સંદર્ભ કેન્દ્ર'

ચલાવતા. તેમણે ભુપેન્દ્રભાઈને 'ઉન્નતિ'ની આખીય કામગીરીની સમજણ આપી. થોડાક સમય સુધી તેમણે તાલીમ લીધી. તેમની ધગશના કારણે 'પંચાયત વિકાસ સમિતિ'ના પ્રમુખપદે તેમની વરણી થઈ. બસ પછી તો પૂછવું જ શું? જે રસ્તાની શોધમાં ભુપેન્દ્રભાઈ હતા તે તેમને મળી ગયો અને કામગીરી શરૂ કરી.

તાલીમ લીધા પછી અને વિકાસ સમિતિના પ્રમુખપદે નિમાયા પછી ભુપેન્દ્રભાઈનો જુસ્સો બમણો થયો. ઉત્સાહ પણ વધ્યો. સમિતિ બની તે જ અરસામાં એક રસ્તાના કામમાં થયેલી ગરબડ તેમના ધ્યાનમાં આવી. "નેસડાથી ભેટાવાડા જતા રસ્તા પર છેક ગામની ભાગોળ સુધી રસ્તો કરવાનો હતો. લગભગ અઢી લાખ રૂપિયાનું આ કામ હતું. આ રસ્તો જ્યાં બની રહ્યો હતો તે જમીન પોચી હતી અને પંચાયત તે જમીનનું પુરાંત કર્યા વગર જ રસ્તો બનાવી રહી હતી. આમ કરવાનું કારણ વધારાના પૈસા પોતાના ઘર ભેગા કરવાની સત્તાધીશોની લાલચ હતી. પુરાંત માટે ઓછા ટ્રેક્ટર માટી નંખાવી, સરકારી ચોપડે તેનો આંકડો વધારી જલદી કામ પતાવી દેવાનો અને ન કરેલા કામના વધારાના પૈસા પડાવી લેવાનો તેમનો આશય હતો. ૬૦થી ૭૦ ટ્રેક્ટર માટી નાંખીને રસ્તો બનાવી દેવાની તેમની યોજના હતી જ્યારે ખરેખર આ રસ્તા પર ૨૦૦ ટ્રેક્ટર માટી નાંખવાની જરૂર હતી. આ વાતનો અમે વિરોધ કર્યો અને પંચાયતે અમારી વાત માન્ય રાખી" તેમ ભુપેન્દ્રભાઈ ગૌરવ સાથે કહે છે.

શરૂઆતમાં આ સમિતિએ પાકા રસ્તા બનાવવા, જ્યાં ચોમાસામાં પાણી ભરાતું હોય ત્યાં માટીકામ કરાવવાનાં, તળાવ પર નાવણઘાટ અને નવા આરા બનાવવાનાં કામો કરાવ્યાં. તેમાં આગેવાની તો ભુપેન્દ્રભાઈની જ. વળી, એ પાંચ વર્ષના સમયગાળા દરમિયાન એમના એક સંબંધી જ પંચાયતના પ્રમુખ હોવાના કારણે તેમનું કામ સરળ બન્યું.

ભુપેન્દ્રભાઈએ જોયું કે જો તેઓ પોતે વહીવટી પ્રક્રિયાના હિસ્સેદાર બને તો વધારે સારાં વિકાસ-કામો કરી શકે. આ વિચાર સાથે ૨૦૦૬માં પંચાયતની ચૂંટણીમાં તેમણે ઝંપલાવ્યું અને બે સિનિયર ઉમેદવારોને હરાવી લોકવિશ્વાસ સંપાદિત કર્યો. રાજકારણમાં અગાઉ તેમના દાદા રહી ચૂક્યા હતા એટલે સમાજસેવાના થોડા ઘણા પાઠ તેમને વારસામાં જ મળ્યા હતા તેમ કહીએ તો કશું ખોટું નહીં!

ભુપેન્દ્રભાઈના જોમ અને આત્મવિશ્વાસના કારણે રસ્તા તેમના માટે વધારે સરળ થતા હતા. હવે તો ગામના લોકોનો પણ સાથ તેમને મળવા લાગ્યો હતો, પરંતુ તેમના ઘરમાં તેમના પિતાને લોકો સાથે સંઘર્ષમાં ઉતરવાનું ભુપેન્દ્રભાઈનું કામ જરા પણ પસંદ નહોતું. ભુપેન્દ્રભાઈનું માનવું છે કે, "જાગૃતિ અને ચળવળની શરૂઆત પ્રથમ પોતાના ઘરથી થાય છે, પછી ફળિયું,




*તેમણે ગામના રસ્તા સરખા કરાવ્યા, ગંદકી દૂર કરાવી, પ્રાથમિક શાળામાં પાંચ લાખનાં કામો મંજૂર કરાવી સુવિધાઓ વધારી તેમ જ, દલિતોના મહોલ્લામાં ચોમાસામાં તળાવનાં પાણી ભરાઈ જતાં અટકાવવા માટેની વ્યવસ્થા ઉભી કરી.*

પછી મહોલ્લો, પછી સમાજ અને પછી ગામ સુધી પહોંચે છે. મારે પણ એમ જ કરવું હતું. એટલે મારા પિતાને મારા કામ વિશેની હકારાત્મક બાજુ બતાવતો રહ્યો. અત્યારે તેઓ મારા કામથી ખુશ છે. હું એવું માનું છું કે લોકોને કોઈ પણ કામ, ઘટના કે પ્રક્રિયા વિશે પદ્ધતિસરની સમજણ, તેના ફાયદા-ગેરફાયદા, જો સારી અને સાચી રીતે સમજાવવામાં આવે તો સહકાર ચોક્કસ મેળવી શકાય.”

પંચાયતમાં આવ્યા પછી ભુપેન્દ્રભાઈનો ‘પંચાયત વિકાસ સમિતિ’ સાથેનો સંબંધ મજબૂત જ રહ્યો. તે પછી તેમણે ગામના રસ્તા સરખા કરાવ્યા, ગંદકી દૂર કરાવી, પ્રાથમિક શાળામાં પાંચ લાખનાં કામો મંજૂર કરાવી સુવિધાઓ વધારી તેમ જ, દલિતોના મહોલ્લામાં ચોમાસામાં તળાવનાં પાણી ભરાઈ જતાં અટકાવવા માટેની વ્યવસ્થા ઉભી કરી. આવાં અનેક વિકાસ કામો પંચાયત અને સંસ્થાની વિકાસ સમિતિ સાથે સહભાગીદાર થઈ પૂરાં કરાવ્યાં.

જોકે, કેટલાંક કામોમાં યશ, તો કેટલાંક કામો નહીં કરી આપવાનો અપયશ પણ મળે છે. ભુપેન્દ્રભાઈ સાથે પણ આવું બનતું. ક્યારેક કોઈ યોજનામાં લાભાર્થી તરીકેના માપદંડોમાં ખરા ન ઉતરતા હોય તેવા લોકો લાભ અપાવવાની ભલામણ કરે અને જ્યારે તેઓ સહાય માટે યોગ્ય પાત્ર નથી તેવી વાસ્તવિકતાનું ભાન કરાવે ત્યારે આવા

લોકો તરફથી ગાળો પણ મળે છે તેમ ભુપેન્દ્રભાઈ કહે છે. ક્યારેક આનાથી વધારે કડવા અનુભવોનો પણ ભોગ બનવું પડતું હોય છે. આવા એક કડવા અનુભવને યાદ કરતા ભુપેન્દ્રભાઈ કહે છે, "બીપીએલ લાભાર્થી માટે ભેંસની લોન મેળવવા માટેની સમગ્ર પ્રક્રિયાનો ખર્ચ ૫૦ રૂપિયા થતો હતો તે ખર્ચ લાભાર્થીએ કર્યો. આ લાભાર્થી ૩ મહિના સુધી લોન માટેની ખાતરી કરવા બેંકમાં ન ગયા અને સમય મર્યાદા પુરી થઈ ગઈ હોવાથી લાભાર્થી હોવા છતાં એક નાની ભૂલના કારણે તેઓ લોન મેળવી ન શક્યા. એનો બધો ગુસ્સો ઠાલવીને તેઓ મારી પાસેથી ૫૦ રૂપિયા પાછા માંગવા લાગ્યા. ત્યારે વહીવટી કામમાં ખર્ચાયેલા પૈસા પાછા માંગતા હું વિમાસણમાં પડી ગયો અને દુઃખ પણ થયું. મદદ કરવા છતાં અપયશ મળે ત્યારે દુઃખ થાય છે." સત્તામાં હોવાના કારણે ક્યારેક ખોટા આક્ષેપોનો ભોગ બનવું પડતું હોય છે તે વાતને ભુપેન્દ્રભાઈ સ્વીકારે છે.

પોતાના સિદ્ધાંતોથી કામ કરનાર ભુપેન્દ્રભાઈ ખરાબ સમયને પોતાનો ગુરુ માને છે. ભુપેન્દ્રભાઈ જ્ઞાન વહેંચવામાં માને છે અને એટલે જ સંસ્થામાંથી શીખેલી કંઈ કેટલીય નવી બાબતો ગામ લોકો સાથે વહેંચતા રહે છે. ગામનાં વિકાસકામો કેવી રીતે થાય, પંચાયતની વહીવટી પ્રક્રિયા કેવી રીતે થાય નાગરિક તરીકેના મૂળભૂત હક્કો શું, માહિતી અધિકારના કાયદાનો ઉપયોગ કેવી રીતે કરી શકાય અને ખોટાં કામો કે ભ્રષ્ટાચાર સામે કેવી રીતે અવાજ ઉઠાવી શકાય તેના પાઠ તે ગામલોકોને પણ હવે ભણાવતા થઈ ગયા છે. માત્ર દસમા ધોરણ સુધી ભણવાનો વસવસો હવે તેમના મનમાંથી નીકળી ગયો છે. પહેલાં કરતાં તેમનું કાયદાકીય, વહીવટી અને સામાજિક જ્ઞાન વધ્યું તેનું ગૌરવ તેઓ અનુભવે છે.

સત્તા પર રહીને સરકારના પૈસા વેડફાતા બચાવવાનું કામ સત્તાધીશો માટે અઘરું હોય છે, પરંતુ ભુપેન્દ્રભાઈએ આ કામ પણ કરી બતાવ્યું છે. ૨૦૦૭માં ગામના તળાવના ખોદકામનો એક પરિપત્ર બહાર પડ્યો હતો. એ પરિપત્રમાં ખોદકામ મજૂરો પાસેથી જ કરાવવાની શરત હતી. ગામના લોકોને રોજગારી મળે એ એનો હેતુ હતો, પરંતુ પંચાયતના સત્તાધીશો અને અધિકારીઓ દ્વારા આ કામ મશીન વડે પતાવી સરકારની તિજોરીના પૈસા ઘર ભેગા કરવાની હિલચાલ થઈ રહી હતી. ભુપેન્દ્રભાઈએ ઉપરના સ્તરે અરજી કરીને ૮૦,૦૦૦ રૂપિયાનો ગોટાળો થતો અટકાવ્યો.

મહત્ત્વાકાંક્ષી ભુપેન્દ્રભાઈ જાહેર સામાજિક જીવનમાં હજી આગળ વધવા માંગે છે. પોતાનું ગામ આદર્શ ગામ બને તેવું તેમનું સપનું છે. ભુપેન્દ્રભાઈ કહે છે, "હું સત્તામાં હોઉં કે ન હોઉં, પરંતુ મારા ગામના વિકાસમાં મદદરૂપ થતો રહીશ."

*(આ લેખનાં લેખિકા મમતા સોલંકી, મુક્ત પત્રકાર છે.)*

■ સંજય દવે

# એક સામાન્ય દરજીમાંથી તાલુકા પંચાયતના અસાધારણ સભ્ય બનવા સુધીની દિનેશભાઈની પ્રેરણાદાયી સફર



***દિનેશભાઈ પંડ્યા***
*ગામ: ઢુંઢર*
*તાલુકો: હિંમતનગર*
*જિલ્લો: સાબરકાંઠા*

"તમે બધા દલિતો અને વંચિતોનું ભલું કરવા નીકળી પડ્યા છો અને દલિતોના નામે પોતાનું ભલું કરો છો. મારો ધંધા-રોજગારનો સમય ન બગાડો અને અહીંથી ચાલ્યા જાઓ." એક દલિત યુવાને સ્વૈચ્છિક સંસ્થા 'આંબેડકર ઍજ્યુકેશન ટ્રસ્ટ'ના સંચાલક શ્રી ભીખાભાઈ પરમારને આક્રોશપૂર્વક આમ કહ્યું. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઢુંઢર ગામનો એ યુવાન એટલે દિનેશભાઈ પૂનમલાલ પંડ્યા.

દલિતો-વંચિતોનું સાચા અર્થમાં ભલું કરવાની ભાવના ધરાવતા દિનેશભાઈ, દરજીકામ કરીને પોતાનું અને પરિવારનું જીવન ગુજરાન ચલાવે. સામાજિક કાર્યકર ભીખાભાઈ સામે તેમણે વ્યક્ત કરેલો બળાપો એળે ન ગયો. ભીખાભાઈએ તરત જ એમને કહ્યું, "જો તમે એવું માનતા હોવ તો ચાલો મારી સાથે જોડાઈ જાઓ. આપણે સાથે મળીને દલિતો-વંચિતોના વિકાસ માટે કામ કરીએ."

ભીખાભાઈ તેમને સ્વૈચ્છિક સંસ્થા 'ઉન્નતિ' દ્વારા યોજાતી તાલીમોમાં સહભાગી થવા માટે લઈ ગયા. પંચાયતી રાજ અને નાગરિક આગેવાનોના ક્ષમતાવર્ધન અંગેની વિવિધ તાલીમોમાં ભાગ લેવાથી દિનેશભાઈને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ. 'ઉન્નતિ' દ્વારા યોજાતી

તાલીમોમાંથી એમને અંધકારમાંથી ઉજાસ તરફ અને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ પ્રયાણ કરવાની દિશા મળી.

ઢુંઢર ગામમાં વર્ષોથી એકહથ્થુ શાસન ચાલે. એવી સ્થિતિમાં દિનેશભાઈ વર્ષ ૨૦૦૧માં પંચાયતના સભ્ય બન્યા. ઢુંઢર ગામમાં એક દલિત હોવાના નાતે પંચાયતના 'સક્રિય' સભ્ય બનવું પણ લોઢાના ચણા ચાવવા જેવું દુષ્કર. જોકે, પંચાયતી રાજ વ્યવસ્થા અને તેને લગતા કાયદાની તાલીમ મેળવીને દિનેશભાઈમાં આત્મવિશ્વાસનો સંચાર થયો હતો. એટલે જ એમણે સ્થાનિક સ્વરાજનો એક હિસ્સો બનીને પોતાનો અને પોતાના ગામનો વિકાસ કરવાનું બીડું ઝડપ્યું હતું. દિનેશભાઈએ સભ્ય તરીકે ચૂંટાયા પછી પંચાયતની પહેલી જ મિટિંગમાં પોતાના આત્મવિશ્વાસ અને જ્ઞાનની ઝાંખી કરાવી. પંચાયતની મિટિંગમાં ૧૬ ઠરાવો થયા અને એ બધા મંજૂર થયા. તેમાં દિનેશભાઈએ પૂરેપૂરો સહકાર આપ્યો. પરંતુ, ૧૭મા ઠરાવમાં 'સામાજિક ન્યાય સમિતિ'ની રચના કરવા બાબતના એજન્ડામાં સરપંચ-ઉપસરપંચ અને તલાટીએ 'આ મુદ્દા બાબતે વિચારણા કરીને આવતી મિટિંગમાં નિર્ણય કરવામાં આવશે' એવું લખી નાખ્યું. દિનેશભાઈથી એ સહેવાયું નહીં. તેમણે પંચાયતની ઠરાવ બુકમાં જ લેખિત સ્વરૂપે પોતાનો વિરોધ નોંધાવીને સહી કરી.

ગુજરાતમાં દરેક સ્તરની પંચાયતમાં 'સામાજિક ન્યાય સમિતિ'ની રચના કરવી કાયદાકીય રીતે ફરજિયાત છે. તેમ છતાં આજે અનેક પંચાયતોમાં આવી સમિતિઓ માત્ર કાગળ ઉપર જ ચાલે છે. ઘણી સમિતિઓમાં તો સમિતિના અધ્યક્ષને પોતે અધ્યક્ષ છે એવી પણ ખબર નથી. એટલે જ દિનેશભાઈએ પંચાયતની પહેલી મિટિંગમાં 'સામાજિક ન્યાય સમિતિ'ની રચના કરવાનો આગ્રહ રાખ્યો.

દિનેશભાઈ પંચાયતની ઠરાવબુકમાં આ રીતે લેખિત વિરોધ નોંધાવશે એવી તલાટી કે બીજા કોઈ પંચાયત સભ્યએ કલ્પના પણ કરી નહોતી. એટલે ગભરાયેલા તલાટીએ દિનેશભાઈને કહ્યું, "તમે આ શું કર્યું. તમારા આવા વિરોધથી તો મારી નોકરી જશે અને મારાં છોકરાં ભીખ માંગશે." છેવટે તલાટીને પોતાની ભૂલ સમજાઈ અને ફરી વાર કશું જ ખોટું ન કરવાની બાંયધરી આપી. ત્યારપછી 'સામાજિક ન્યાય સમિતિ'ની રચના કરવામાં આવી અને તેના અધ્યક્ષ તરીકે દિનેશભાઈની વરણી થઈ. ઢુંઢરમાં દિનેશભાઈની પહેલથી પહેલી વાર સામાજિક ન્યાય સમિતિની રચના થઈ એ ખરેખર નોંધપાત્ર છે.

'જ્ઞાન એ જ સત્તા છે' એવું જાણી ગયેલા પંચાયત સભ્યો અને સરપંચ હવે દિનેશભાઈને અંધારામાં રાખીને કોઈ નિર્ણય લેતા નહોતા. ગામમાં સૌથી પહેલું પીવાનાં પાણીની સુવિધા ઊભી કરવાનું કામ જ કરવું જોઈએ એવા દિનેશભાઈના સૂચનને પંચાયતના સાતમાંથી ચાર




*"હું ડમી કે નામનો જ અધ્યક્ષ નહીં બની રહું. હું મારી સત્તા હેઠળ આવતા બધા નિર્ણયો જાતે જ લઈશ." તાલુકા પંચાયતના સભ્યોએ પણ તેમની આ વાતને પૂરેપૂરો ટેકો આપ્યો.*

સભ્યોએ વાજબી ગણ્યો. પોતે જેમ જાગૃત થયા એ રીતે ગામના વંચિતો-દલિતો પણ જાગ્રત થાય એ ઇરાદે તેમણે 'ઉન્નતિ' સંસ્થાની મિટિંગો ગામના દલિત ફળિયાઓમાં જ યોજી.

પ્રામાણિક રહેવું, પારદર્શી બનવું અને લોકોને ઉત્તરદાયી વહીવટ પૂરો પાડવો એ જ દિનેશભાઈનો આદર્શ છે. એ જ આદર્શ અને મૂલ્યો સાથે દિનેશભાઈએ વર્ષ ૨૦૦૪માં આવેલી તાલુકા પંચાયતની ચૂંટણી લડવાનું નક્કી કર્યું.

દિનેશભાઈની નીડરતા અને સેવાભાવનાની સુવાસ તાલુકાનાં અનેક ગામો સુધી પ્રસરી હતી. એટલે જ આખા તાલુકામાં દિનેશભાઈની 'પંડ્યા' જ્ઞાતિના માત્ર ૪૦ મતો હોવા છતાં કુલ ૮૪૦૦ મતો તેમને મળ્યા. દિનેશભાઈ ૭૬૧ મતોની સરસાઈથી તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. તેમણે તાલુકા પંચાયતના સભ્ય તરીકે હિંમતનગર તાલુકામાં છેલ્લાં પચાસ વર્ષમાં ન થયેલાં વિકાસનાં કામો કરાવ્યાં. તેમણે પોતાના ગામને પણ આરસીસી રોડ, મકાન સહાય, વિધવા સહાય તેમ જ નિરાધાર પેન્શન યોજના જેવી અનેક યોજનાઓનો લાભ અપાવ્યો.

પોતાના ઢુંઢર ગામની ધોરણ ૧થી ૭ની પ્રાથમિક શાળાનું મકાન જર્જરિત થઈ ગયું હતું. શાળાના ત્રણ ઓરડા નવેસરથી બનાવવા પડે તેમ હતા. ગ્રામ પંચાયત નવા ઓરડા બનાવવાની મંજૂરી મેળવવા છેલ્લાં ચાર વર્ષથી મથતી હતી છતાં તેનો નિવેડો આવતો નહોતો. દિનેશભાઈએ અઢી દિવસમાં જ શાળાના ઓરડા માટે ૧૩ લાખની ગ્રાન્ટ મંજૂર કરાવી દીધી.

દિનેશભાઈએ તાલુકામાં ચૂંટાયાના ત્રણ જ મહિનામાં ગામના ૯ દલિતો માટે આંબેડકર આવાસ, ઇન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના હેઠળ મકાનો મંજૂર કરાવ્યાં. 'આંબેડકર આવાસ યોજના' હેઠળ મકાન મેળવનાર દલિત મહિલા મંજુલાબહેન કહે છે કે, "દિનેશભાઈએ મને જે ન્યાય અપાવ્યો એ કુદરત સિવાય કોઈ ન અપાવી શકે."

દિનેશભાઈની ગ્રામ પંચાયતના સભ્યમાંથી તાલુકા પંચાયતના સભ્ય થવા સુધીની વિકાસયાત્રા અટકે કેવી રીતે!! હવે એમને તાલુકાની 'સામાજિક ન્યાય સમિતિ'ના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. જોકે, એમણે અધ્યક્ષની ખુરશીમાં બેસતા પહેલાં જ જાહેર કરી દીધું કે, "હું ડમી કે નામનો જ અધ્યક્ષ નહીં બની રહું. હું મારી સત્તા હેઠળ આવતા બધા નિર્ણયો જાતે જ લઈશ." તાલુકા પંચાયતના સભ્યોએ પણ તેમની આ વાતને પૂરેપૂરો ટેકો આપ્યો.

આજે તમે હિંમતનગર તાલુકા પંચાયતમાં જાઓ તો તાલુકા પંચાયતની 'સામાજિક ન્યાય સમિતિ'ના અધ્યક્ષની ચેમ્બર મોટાભાગે ભરેલી જોવા મળે છે. આખા તાલુકામાંથી લોકો પોતાના પ્રશ્નોના ઉકેલ માટે અખૂટ આશા લઈને આવે છે. દિનેશભાઈ માત્ર સોમવારે અને ગુરુવારે પોતાની ચેમ્બરમાં હાજર રહેવાને બદલે અઠવાડિયાના પાંચ દિવસ હાજર રહીને લોકોના પ્રશ્નો હાથ ધરે છે. વળી, તેમણે 'સામાજિક ન્યાય સમિતિ'ના અધ્યક્ષના હોદ્દાને સાચા અર્થમાં શોભાવ્યો છે. પોતાને મળેલી સત્તાનો સદુપયોગ કેમ કરવો એની સૂઝ એમની પાસે છે.

એક વાર તાલુકા પંચાયતની લૅન્ડ કમિટી (જમીન સમિતિ)ની મિટિંગ યોજાવાની હતી. તે સ્થાનિક ધારાસભ્યના પ્રમુખ સ્થાને યોજાતી હોય છે. અચાનક, ૨૪ કલાકમાં જ મિટિંગ યોજાઈ એટલે દિનેશભાઈએ સ્પષ્ટ શબ્દોમાં તેનો વિરોધ વ્યક્ત કરતાં કહ્યું કે, "કમિટીના સભ્યની રૂએ મને ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં મિટિંગની જાણ કરવી જોઈએ." ધારાસભ્યએ પણ એમની વાત સ્વીકારી. એ મિટિંગમાં ગરીબોને મકાન સહાય માટે જમીનના પ્લૉટ ફાળવવાની ચર્ચા થવાની હતી. દિનેશભાઈએ તે માટે સાચા લાભાર્થીને શોધી કાઢવાની જવાબદારી સ્વીકારી અને બે દિવસ સુધી ફાઈલનો બરાબર અભ્યાસ કર્યો.

ત્યારપછી તેમણે તાલુકાનાં ગામેગામમાં તપાસ કરીને સાચા ગરીબ, નિરાધાર, વિધવાને શોધીને

લાભાર્થીની યાદી બનાવી. એમના આવા પ્રયાસોથી ૬૦૦થી વધારે સાચા તકવંચિતોને પ્લૉટ મળી શક્યા.

દિનેશભાઈના ઢુંઢર ગામમાં જ છેલ્લાં સાઠ વર્ષમાં માત્ર ૫૭થી ૫૮ મકાનો બનેલાં. તેની સામે દિનેશભાઈની પહેલથી છેલ્લાં બે જ વર્ષ દરમ્યાન ૬૨ મકાનો બન્યાં. ખાસ નોંધવા જેવું એ છે કે દિનેશભાઈએ ગરીબ, નિરાધાર, વિધવા વગેરે તકવંચિતોને લાભ અપાવવામાં જ્ઞાતિભેદને આડે આવવા દીધો નથી. એમણે દલિતોની સાથેસાથે બક્ષીપંચના વંચિતોને પણ ન્યાય અપાવ્યો છે. ઢુંઢર ગામના દરબાર અમૃતસિંહ રેવસિંહ પરમાર અને રૂમાલસિંહ ફતેસિંહ મકવાણાએ તેમને વિકાસનાં કાર્યોમાં જે ઉત્સાહભેર સહયોગ અને પ્રોત્સાહન પૂરું પાડયું છે એની એમને મન ઘણી કદર છે.

દરેકે દરેક જાતિની નિરાધાર, વિધવા બહેનોનું હિત જેમના હૈયે વસ્યું છે એવા દિનેશભાઈનું સ્વપ્ન છે: "દલિત સમાજ ખૂબ આગળ વધે, પોતાના અધિકારો ભોગવે, વિકાસની હરણફાળ ભરે અને સ્વમાનભેર જીવી શકે."

ટેલરિંગથી તાલુકા પંચાયત સુધીની સફળ સફરના સુકાની દિનેશભાઈએ અસરકારક-ઉમદા નેતૃત્વની મિસાલ કાયમ કરી છે.

*(આ લેખના લેખક સંજય દવે, 'ચરખા'ના સંયોજક છે.)*

■ *સંજય દવે*

# સક્રિય ગ્રામ સમિતિઓ થકી ભગતસિંહે કંડારી વિકાસની કેડી



***ભગતસિંહ ડાભી***
*ગામ: દંત્રાલ*
*તાલુકો: ખેડબ્રહ્મા*
*જિલ્લો: સાબરકાંઠા*

આદિવાસી પૂર્વપટ્ટીના સાબરકાંઠા જિલ્લાના દંત્રાલ ગામનું દૃશ્ય છે. ગામમાં રાજ્યના તત્કાલીન પંચાયત મંત્રી નારણભાઈ પટેલ આવ્યા છે. પહેલી જ વાર યોજાયેલી ગ્રામ સભામાં મંત્રીનું સ્વાગત કરવા માટે આ વિસ્તારમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા 'ઉન્નતિ'એ ગામના જ નાગરિક ભગતસિંહભાઈને માઈક સોંપ્યું છે. અત્યંત શરમાળ અને સરળ ભગતસિંહભાઈ માટે માઈકમાં બોલવાનું કામ ખૂબ કપરું હતું. એમાંય વળી રાજ્ય સરકારના મંત્રીની ઉપસ્થિતિમાં સ્વાગત પ્રવચન કરવું એ તો એમના માટે લોઢાના ચણા ચાવવા જેવું દુષ્કર હતું. ભગતસિંહભાઈએ કાંપતા હાથે ને ધ્રુજતા માઈકે માંડમાંડ પોતાને ભાગે આવેલું કામ પાર પાડ્યું. વાત છે ૧૯૯૯ના વર્ષની. વર્ષો વીતવાની સાથેસાથે ભગતસિંહભાઈના ડર અને સંકોચ દૂર થઈ ગયા છે. 'ઉન્નતિ' દ્વારા યોજાતી પંચાયતને લગતી અને નેતૃત્વના વિકાસ માટેની તાલીમોમાંથી સજ્જ થઈને ભગતસિંહભાઈએ જબરી હિંમત કેળવી છે.

અંતરિયાળ દંત્રાલ ગામમાં એ વખતે ભાગ્યે જ કોઈ સરકારી અધિકારી આવે. તેથી ભગતસિંહભાઈ અને દંત્રાલના ગ્રામજનોએ ક્યારેય કોઈ અધિકારી સાથે ગામના પ્રશ્નો વિશે વાત કરી નહોતી. એટલે પોતાના ગામના પ્રશ્નો વિશે તાલુકા અને જિલ્લા સ્તર સુધી રજૂઆતો કરવાનો વિચાર પણ ક્યાંથી આવે!

*ભગતસિંહભાઈએ જોયું કે ફળિયાનાં કુલ ૨૦૦ બાળકોમાંથી ૪૬ બાળકો શાળામાં ગેરહાજર છે. બાળકો કપાસનાં ખેતરોમાં મજૂરીએ જતાં હોવાથી શાળાએ આવતાં નહોતાં. ભગતસિંહભાઈએ એક મિનિટનોય વિલંબ કર્યા વગર ગેરહાજર બાળકોના વાલીઓનો સંપર્ક સાધ્યો. તેમણે વાલીઓને હાથ જોડીને કહ્યું કે, "તમારા છોકરાની જિંદગી બગાડશો નહીં. તેમને મજૂરીએ મોકલવાને બદલે નિશાળમાં મોકલો."*

જોકે, ડર, અજ્ઞાન અને સંકોચ હવે ભગતસિંહભાઈ માટે ભૂતકાળ બની ગયાં છે. આજે તેઓ 'ક્ષેત્રિય પંચાયત વિકાસ સમિતિ'ના પ્રમુખ તરીકે ખેડબ્રહ્મા તાલુકાનાં ગામોની પંચાયતોનું સશક્તિકરણ કરવા માટે ખૂબ મહેનત કરી રહ્યા છે. એમની મહેનત રંગ લાવી છે. એટલે જ તેમના નેતૃત્વ હેઠળ તેમના ગામ દંત્રાલ અને આજુબાજુનાં ગામોની પંચાયતોમાં શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, દેખરેખ સમિતિ અને ગ્રામ વિકાસ સમિતિ જેવી સમિતિઓ રચાઈ છે, એટલું જ નહીં આ બધી જ સમિતિઓના સભ્યો સતત જાગૃત રહીને પોતાના ગામના વિકાસ માટે મથ્યા કરે છે.

ભગતસિંહભાઈના દંત્રાલ ગામની પંચાયતનાં છ ફળિયામાં ગ્રામ-વિકાસ સમિતિઓ બનાવવામાં આવી છે. આ ફળિયા સમિતિઓમાં સર્વાનુમતે પ્રમુખ-ઉપપ્રમુખ અને સભ્યોની વરણી કરવામાં આવી છે. નોંધપાત્ર વાત એ છે કે આ સમિતિના બધા જ સભ્યો માત્ર નામ પૂરતાં જ સભ્યો નથી. તેઓ સતત સક્રિય રહીને પોતાના ફળિયાની મુશ્કેલીનો તાગ મેળવતા રહે છે. હવે ફળિયાની સમસ્યાઓ વિશે પંચાયત સુધી વાત પહોંચે તે માટે દરેક ફળિયા સમિતિમાંથી ત્રણ-ત્રણ સભ્યોની પસંદગી કરીને તેમની 'પંચાયત વિકાસ સમિતિ' રચવામાં આવી છે. 'પંચાયત વિકાસ સમિતિ'ના સભ્યો પોતાના ગામની પંચાયતને લગતા પ્રશ્નો હાથ ધરે છે અને એ રીતે ગામની સુખાકારી માટે જે-તે સ્તરે રજૂઆતો કરતા રહે છે.

ભગતસિંહભાઈ અને બીજા સ્થાનિક જાગૃત નાગરિકોએ માત્ર પોતાની દંત્રાલ પંચાયતની જ ચિંતા કરવાને બદલે દેલવાડા, પોશીના, કાલીકોકર, અજાવાસ, પરોયા, દેરોલ દીધિયા જેવાં નજીકનાં ગામોની પંચાયતોનું ક્ષમતાવર્ધન કરવાની પણ જવાબદારી ઉઠાવી છે. સામૂહિક વિકાસની સમજનું આવું ઉદાહરણ ભાગ્યે જ જોવા મળે!

ભગતસિંહભાઈના દંત્રાલ ગામમાં મુખ્યત્વે આદિવાસીઓની વસતિ. પચાસેક દલીતોનાં ઘર પણ ખરાં. કુલ મળીને ૭૫૦૦ લોકોની વસતિ ધરાવતા આ ગામમાં આજથી ૧૦ વર્ષ પહેલાં સમસ્યાઓ જ સમસ્યાઓ હતી. પીવાનું પાણી મેળવવા ૧-૨ કિલોમીટર દૂર જવું પડતું. દુષ્કાળની



પરિસ્થિતિમાં તો પોતાનાં ઢોરને બચાવવાની પણ ચિંતા રહેતી. અંતરિયાળ ગામ હોવાથી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષકો પણ માંડ ટકે. ખેતીમાં બરકત નહીં એટલે રોજગારી માટે રાહતકામોમાં મજૂરીએ જવું પડે. ભગતસિંહભાઈએ પણ એ વખતે ગેંગમેન તરીકે મજૂરી કરી હતી. પરંતુ, ત્યારપછી રચાયેલી 'પંચાયત વિકાસ સમિતિ' અને એવી બીજી સમિતિઓની સક્રિયતાને કારણે ગામનું રૂપ બદલાઈ ગયું છે.

પોતાની વિકાસયાત્રાનાં શરૂઆતનાં વર્ષો યાદ કરતાં ભગતસિંહભાઈ કહે છેઃ "શરૂઆતમાં 'ઉન્નતિ' સંસ્થાએ અમારા ગામમાં મિટિંગ કરીને ગામનું સંગઠન રચવાનું કહ્યું. સંગઠનનું મહત્ત્વ પણ સમજાવ્યું. છતાં અમારા મગજમાં એ પેસતું નહોતું." સામાન્ય રીતે બને એમ ગામના લોકો સંસ્થાના પ્રતિનિધિઓ સામે સવાલો કરતાઃ, "તમે શું આપશો? બધાને ભેગા કરીને શું કરશો?" ગામના અડધા લોકો તો મિટિંગોમાં આવતા જ નહોતા. પોતાના પછાત ગામનો વિકાસ કરવામાં ગામના જ નાગરિકો આગેવાની લઈ શકે એવી 'ઉન્નતિ'ના પ્રતિનિધિઓની વાતમાં ગ્રામજનોને વિશ્વાસ જ બેસતો નહોતો. ભગતસિંહ હસતાં હસતાં કહે છે, "લોકોને વિશ્વાસ નહોતો બેસતો છતાં મેં મારા ફળિયા અને ગામના વિકાસ માટે કંઈક કરી છૂટવાનું નક્કી કર્યું. એટલે હું 'ઉન્નતિ' સંસ્થાની તપાસ કરવા ઊંડો ઉતર્યો." ભગતસિંહભાઈએ ભોપાલના એક સંમેલન અને પછી અંબાજીમાં યોજાયેલી તાલીમમાં ભાગ લીધો. બસ ત્યાંથી એમની આંખ ઉઘડી પછી એમણે પાછું વાળીને જોયું નથી. ભગતસિંહભાઈ ખૂબ હસમુખા છે. અંબાજીની તાલીમને યાદ કરતાં તેઓ રમૂજમાં રમૂજમાં સૂચક વાત કહી જાય છેઃ "ત્યાંથી અમને (કામે

*પહેલાં મારા મોઢેથી ખરાબ શબ્દો કે ગાળ કહો તો ગાળ નીકળી જતી. વળી, વ્યસન પણ હતું, પરંતુ ગામમાં આગેવાની લેવી હોય તો જાતને પણ સુધારવી પડે, દૂષણો દૂર કરવાં પડે. એટલે મેં પણ મારી જાતને ખૂબ ઘડી છે. એટલે જ મારા ગ્રામજનો મને આદરપૂર્વક આગેવાન તરીકે સ્વીકારે છે.*

લાગી જવાની દીક્ષા રૂપે જાણે!) થેલા મળેલાં તે લઈને અમે અમારા ગામના વિકાસ માટે મચી પડ્યા."

સૌથી પહેલાં ભગતસિંહભાઈએ ગામના લોકોને દુષ્કાળની સ્થિતિમાંથી ઉગારવા માટે રાહતકામો અપાવ્યાં. રાહતકામોથી માણસોને તો રાહત થઈ, પણ ઢોરોનું શું? ભગતસિંહભાઈએ રાજ્ય સરકાર સુધી જાતે જઈ રજૂઆતો કરીને ઢોરો માટે ઢોરવાડા, ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કરાવી.

ભગતસિંહભાઈએ જોયું કે આકરી મજૂરી અને અપૂરતા પોષણથી સ્થાનિક ગામોના લોકો ટીબીના રોગનો ભોગ બને છે. તેથી તેમણે તાલુકા અને જિલ્લા સ્તરે રજૂઆતો કરી, ફોર્મ ભરાવ્યા અને એમ ૯૦ લોકોને ટીબીની સારવાર માટે નાણાકીય સહાય અપાવી.

ભગતસિંહભાઈ પોતે ભલે અગિયારમા ધોરણ સુધી ભણી શક્યા, પણ ગામનું પ્રત્યેક બાળક ઉચ્ચ શિક્ષણ મેળવે એવી એમની નેમ છે. એટલે જ તેઓ પ્રાથમિક શાળાનાં પાયાના શિક્ષણમાં કોઈ કચાશ ન રહે તેનું ખાસ ધ્યાન રાખે છે. હજુ હમણાં જ વર્ષ ૨૦૦૮ની શરૂઆતમાં એમણે પોતાના કાળી દેવી ફળિયામાં આવેલી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી. ભગતસિંહભાઈએ જોયું કે ફળિયાનાં કુલ ૨૦૦ બાળકોમાંથી ૪૬ બાળકો શાળામાં ગેરહાજર છે. તેમણે તરત જ શાળાનાં આચાર્યા પાસે ખુલાસો માંગ્યો. કેટલાંક બાળકો કપાસનાં ખેતરોમાં મજૂરીએ જતાં હોવાથી શાળાએ આવતાં નહોતાં એવું એમને જાણવા મળ્યું. ભગતસિંહભાઈએ એક મિનિટનોય વિલંબ કર્યા વગર ગેરહાજર બાળકોના વાલીઓનો સંપર્ક સાધ્યો. તેમણે વાલીઓને હાથ જોડીને કહ્યું કે, "તમારા છોકરાની જિંદગી બગાડશો નહીં. તેમને મજૂરીએ મોકલવાને બદલે નિશાળમાં મોકલો." ભગતસિંહભાઈની મહેનત એળે ન ગઈ. આજે માત્ર ચાર બાળક જ ગેરહાજર રહે છે અને એ પણ એમનાં મા-બાપ સાથે ગામની બહાર સ્થળાંતર કરી જવાને કારણે.

હવે વારો આવ્યો શાળામાં ચાલતી મધ્યાહ્‌ન ભોજન યોજનાનો. મધ્યાહ્‌ન યોજના હેઠળ ભોજન પીરસતી વખતે બાળકો ટોળે વળતાં. પરિણામે

ખૂબ અવ્યવસ્થા સર્જાતી. વળી, અનાજ અને વાસણો પણ સાફસફાઈ વગરનાં હતાં એવું ભગતસિંહભાઈની નજરમાં આવ્યું. ગામની ‘દેખરેખ સમિતિ’ના એક જાગૃત સભ્ય તરીકે તેમણે મધ્યાહ્ન ભોજનના સંચાલક અને મદદનીશ સાથે ચર્ચા કરીને આખીય વ્યવસ્થા સુદૃઢ બનાવી. એટલે જ હવે બાળકોને સાફસૂથરાં વાસણોમાં આરોગ્યપ્રદ ભોજન મળે છે. એનો યશ ભગતસિંહભાઈ અને ગામની દેખરેખ સમિતિને આપવો પડે.

ભગતસિંહના ગામમાં ગામના લોકોની બનેલી જુદીજુદી સમિતિઓનો કેવો દબદબો છે એ વર્ષ ૨૦૦૫માં બનેલા એક પ્રસંગથી જાણવા મળે. એ વખતે રસ્તાનું માટીકામ કયા ફળિયામાં કરાવવું જરૂરી છે એની ચર્ચા ચાલી. તે વખતના સરપંચ જે ફળિયામાં રહેતા હતા એ ફળિયાના લોકો પોતાના ફળિયામાં જ કામ કરાવવા માંગતા હતા. દલા તરવાડીની વાર્તા જેવો પ્રસંગ અહીં પણ ઊભો ન થાય તે માટે ગામની ‘પંચાયત વિકાસ સમિતિ’ના નેજા હેઠળ ભગતસિંહભાઈએ સરપંચ સાથે ચર્ચા કરી, વાસ્તવમાં બીજા ફળિયામાં રસ્તાનું કામ કરવાની વધારે જરૂરી હતી છતાં સરપંચ અને તેમના ફળિયાના લોકો  ટસના મસ થતા નહોતા. જોકે, સમિતિની સચ્ચાઈ, લોકપ્રિયતા અને તાકાત સામે સરપંચે ઝુકવું પડ્યું.

ભગતસિંહભાઈએ લોકસુધારાની સાથેસાથે પોતાની જાતને પણ સુધારી છે. તેઓ કહે છે, “પહેલાં મારા મોઢેથી ખરાબ શબ્દો કે ગાળ કહો તો ગાળ નીકળી જતી. વળી, વ્યસન પણ હતું, પરંતુ ગામમાં આગેવાની લેવી હોય તો જાતને પણ સુધારવી પડે, દૂષણો દૂર કરવાં પડે. એટલે મેં પણ મારી જાતને ખૂબ ઘડી છે. એટલે જ મારા ગ્રામજનો મને આદરપૂર્વક આગેવાન તરીકે સ્વીકારે છે.”

*(આ લેખના લેખક સંજય દવે, ‘ચરખા’ના સંયોજક છે.)*

■ સંજય દવે

# સૌથી ગરીબ પરિવારોનું હિત હૈયે ધરાવતા આગેવાન મગનભાઈ



***મગનભાઈ ડાભી***
*ગામ: દંત્રાલ*
*તાલુકો: ખેડબ્રહ્મા*
*જિલ્લો: સાબરકાંઠા*

ગુજરાતના એક અંતરિયાળ આદિવાસી ગામની પંચાયતનું દૃશ્ય છે. પંચાયત ઑફિસની બહાર એક નોટિસ બૉર્ડ બનાવવામાં આવ્યું છે. નોટિસ બૉર્ડ તો ઘણી બધી ઑફિસોમાં 'શોભાના ગાંઠિયા' જેવું હોય છે, પણ આ ગામનું નોટિસ બૉર્ડ પંચાયતની સક્રિયતા અને નાગરિકોની જાગૃતિનું પ્રતીક છે. બૉર્ડ ઉપર ગ્રામ પંચાયતના નેજા હેઠળ આવતા તમામ કર્મચારીઓનો પંચાયતમાં આવવાનો સમય, જવાનો સમય, કયા સમયે કયા ફળિયામાં જાય છે અને શા માટે ગેરહાજર હતા એ તમામ વિગતો લખેલી હોય છે. અને હા, આ બધી વિગતો તલાટી, ગ્રામ સેવક, આરોગ્ય કાર્યકર, વાજબી ભાવની દુકાનવાળા, શિક્ષક એમ તમામ કર્મચારીઓએ જાતે જ અને રોજેરોજ ભરવાની હોય છે.

આવા પારદર્શી અને જવાબદેહી શાસનનું દૃષ્ટાંત પૂરું પાડનારી ગ્રામ પંચાયતનું નામ છે દંત્રાલ. સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારના આ ગામમાં ૭૫૦૦ લોકોની વસતિ. એ રીતે આટલા મોટા ગામનો વહીવટ ઉત્તરદાયિત્વથી ચલાવવાનો યશ આપવો પડે ગામના જાગૃત અને સક્રિય સરપંચ મગનભાઈ કરમાભાઈ ડાભીને. ૩૮ વર્ષના આ આદિવાસી યુવાન સરપંચે ૨૦૦૬માં ચૂંટાઈ

આવ્યા પછી ગામને વિકાસના પાટે ચઢાવ્યું છે. જોકે, મગનભાઈની સરપંચ બનવા સુધીની સફર પણ રસપ્રદ છે. સ્વૈચ્છિક સંસ્થા ‘ઉન્નતિ’ના નેજા હેઠળ ગામમાં અને તાલુકા સ્તરે જુદાજુદા તાલીમ કાર્યક્રમો યોજાતા. તાલીમોમાંથી ક્ષમતા કેળવીને મગનભાઈએ પોતાના ગામના વિકાસ માટે દોડવાનું શરૂ કર્યું. મગનભાઈ જ્યાં રહે છે એ સંગ્રામ ફળિયાની સમિતિના તેઓ પોતે પ્રમુખ પણ હતા. ફળિયાના જાગૃત નાગરિકોની આ સમિતિ ફળિયાના વિકાસ માટે સતત મથ્યા કરે. મગનભાઈના હૈયે પણ એક જ વાત કોતરાયેલી હતી: “મારા ગામના સૌથી ગરીબ કુટુંબોને સરકારી યોજનાઓનો લાભ અપાવવો.”

સાચા ગરીબો સુધી વિકાસનાં ફળ પહોંચે તે માટે મગનભાઈએ જાતે જ ઘેરઘેર ફરીને લોકોની સ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો. એ રીતે એમણે ‘સરદાર આવાસ યોજના’ હેઠળ ૨૦૦ કુટુંબોને મકાનો અપાવ્યાં. ‘ઉન્નતિ’ના મદદ અને માર્ગદર્શનથી તેમ જ ‘ઉન્નતિ’ના જ સ્થાનિક કાર્યકર થેપાભાઈના પરિશ્રમથી ગામમાં ગ્રામ સભા નિયમિત રીતે યોજાતી હતી. ગ્રામ સભાએ જોયું કે, “યુવાન મગનભાઈ પાસે કોઈ સત્તા નથી, છતાં તેઓ ગામના ગરીબોનાં કામો કરાવી આપે છે.” ગ્રામજનોએ એટલે જ એમને સરપંચ પદે ચૂંટી કાઢીને ઉત્તમ શાસન પૂરું પાડવાની તક પૂરી પાડી. મગનભાઈ કહે છે, “‘ઉન્નતિ’ સંસ્થા સાથે ૧૯૯૯માં પરિચય થયો એ વખતે હું અજ્ઞાન હતો. ‘ઉન્નતિ’ની તાલીમોથી જ મને યોજનાઓ, પંચાયતી રાજ અને સરકારી કચેરીઓ વિશેની જાણકારી મળી.”

***દંત્રાલની પંચાયતના સભ્યો અને જુદીજુદી સમિતિઓના સભ્યો ખૂબ જાગૃત છે. પંચાયતમાં કયા કામ માટે, કઈ યોજના હેઠળ, કેટલી ગ્રાન્ટ આવી એની પંચાયત તથા ‘પંચાયત વિકાસ સમિતિ’ના દરેક સભ્યને જાણકારી હોય છે. એટલે કોઈ પણ કામમાં ભ્રષ્ટાચાર કરવાનું કોઈ સ્વપ્નમાં પણ વિચારી ન શકે.***

એક નાગરિક-આગેવાન તરીકે મગનભાઈએ નાગરિકો માટે કરેલાં કાર્યોની યાદી લાંબી અને નોંધપાત્ર છે. તે અંગે દંત્રાલ ગામની આંગણવાડીનાં કાર્યકર ગુજરીબહેન કહે છે કે, “અત્યાર સુધી જે કામો થીયા નો’તા એ બધ્ધાં કામો થયાં. મગનભાઈએ દરેક વૉર્ડનું ધ્યાન રાખીને, બધાને સરખા ગણીને કામ કર્યું છે.” પીવાનાં પાણીની સુવિધા ઊભી કરવી એ સરપંચ મગનભાઈ માટે પ્રાથમિકતાવાળું કામ હતું. તેથી તેમણે સૌથી પહેલા તે સુવિધા ‘ટ્રાઈબલ સબપ્લાન’ અંતર્ગત મેળવી. દંત્રાલની પંચાયતના સભ્યો અને જુદીજુદી સમિતિઓના સભ્યો ખૂબ જાગૃત છે. પંચાયતમાં કયા કામ માટે, કઈ યોજના હેઠળ, કેટલી ગ્રાન્ટ આવી એની પંચાયત તથા ‘પંચાયત વિકાસ સમિતિ’ના દરેક સભ્યને જાણકારી હોય છે. એક લાખ રૂપિયાની ગ્રાન્ટમાંથી ૧૨૦ મીટર લાંબો રોડ બની શકે એવી ગણતરી માંડતા પણ દંત્રાલના ગ્રામજનોને આવડે છે. એટલે કોઈ પણ કામમાં ભ્રષ્ટાચાર કરવાનું કોઈ સ્વપ્નમાં પણ વિચારી ન શકે.



*મગનભાઈ, નિશાળની અચાનક મુલાકાત લઈને વિદ્યાર્થીઓની કસોટી પણ લઈ નાખે! ક્યારેક તેઓ વાજબી ભાવની દુકાનમાં પણ પહોંચી જાય અને ચીજવસ્તુઓનો સ્ટોક તપાસી લે.*

નિષ્ઠાવાન નાગરિક-આગેવાન એવા મગનભાઈ સરપંચે પોતાના દંત્રાલ ગામમાં ટેકરી આંબાથી લાખિયા ગામના તળાવ સુધીનો રસ્તો કરાવ્યો, 'રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના' હેઠળ કામો શરૂ કરાવ્યાં તેમ જ પોતાના ગામના સંગ્રામ ફળિયા અને ખારાકુંડલા ફળિયાની પ્રાથમિક શાળામાં પીવાનાં પાણી માટે ટાંકી બનાવીને કૂવાથી પાઈપલાઈનનું જોડાણ કરી આપ્યું. નોંધપાત્ર વાત એ છે કે, આ કામ થયું એ પહેલાં શાળાનાં બાળકોને ઘેરથી પીવાનું પાણી લઈને આવવું પડતું. મગનભાઈએ ગામનાં જુદાંજુદાં ફળિયાઓમાં આરસીસી રોડ કરાવ્યા છે અને જ્યોતિગ્રામ હેઠળ વીજળીકરણ કરવામાં પણ પાછીપાની કરી નથી. ગામનાં સૌથી ગરીબ એવાં ૨૦૦ કુટુંબોને 'ઇંદિરા આવાસ યોજના' હેઠળ અને ૫૦ કુટુંબોને 'સરદાર આવાસ યોજના' હેઠળ મકાનો અપાવ્યાં છે. એટલું જ નહીં, ટ્રાઈબલ સબ પ્લાન અને સમાજ કલ્યાણ ખાતાની જુદી જુદી યોજનાઓ વિશે માહિતી મેળવીને તેનો લાભ ગામના વંચિત સમુદાયને અપાવ્યો છે.

એક સાચા નાગરિક-આગેવાન તરીકે એમણે ઉપસરપંચ પદે બીરાજમાન બહેનને પણ વિકસવાની અને સત્તા સંભાળવાની તક આપી છે.

દંત્રાલ પંચાયતના ૧૭ સભ્યોની પંચાયત બૉડીને સાથે રાખીને આટલા મોટા ગામનું શાસન સારી રીતે ચલાવવું એ કંઈ નાનીસૂની વાત નથી. પોતાના વ્યસ્ત દિવસમાંથી સમય ફાળવીને મગનભાઈ ગામની નિશાળમાં પણ પહોંચી જાય છે. નિશાળમાં શિક્ષકો નિયમિત આવે છે કે નહીં એનું તેઓ ખાસ ધ્યાન રાખે છે. જોકે, નાગરિકોની બનેલી સમિતિઓની ધાક જ એવી છે કે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કામમાં બેદરકારી દાખવવાની હિંમત ન કરે. મગનભાઈ, નિશાળની અચાનક મુલાકાત લઈને વિદ્યાર્થીઓની કસોટી પણ લઈ નાખે! ક્યારેક તેઓ વાજબી ભાવની દુકાનમાં પણ પહોંચી જાય અને ચીજવસ્તુઓનો સ્ટોક તપાસી લે. મજાની વાત એ છે કે ક્યાંય કોઈ ગફલત થવાની શક્યતા ભાગ્યે જ વર્તાય. આજે દંત્રાલ ગામની પંચાયતનો આખા તાલુકામાં ડંકો વાગે છે. ખેડબ્રહ્માના તાલુકા વિકાસ અધિકારી મહિને એકાદ વાર ગામની અચૂક મૂલાકાત લે જ. તાલુકાના સરકારી અધિકારીઓને પણ આ ગામની પંચાયત અને નાગરિક આગેવાનો પ્રત્યે ખૂબ આદર છે. આવી સિદ્ધિ અને યશકીર્તિ મેળવ્યા પછી પણ મગનભાઈ ક્યાંય સ્થગિત થયા નથી. પોતાના સશક્તિકરણ અંગે તેઓ કહે છે કે, “ઉન્નતિએ અમને બોલતા કર્યા, જાગૃત કર્યા. એ પછી અમે ગામના વિકાસનાં બધાં કામો કરી શક્યા. એટલા માટે જ ધીરેધીરે પબ્લિકને અમારામાં વિશ્વાસ બેઠો.” ગામના દલિત સમુદાયના આગેવાન શંકરભાઈ અમથાભાઈ પરમાર કહે છે કે, “મગનભાઈ તાલુકા પંચાયતના પ્રમુખ થાય એ ઘડી હવે દૂર નથી.”

ગામનું એક પણ બાળક નિશાળની બહાર ન હોય, ગામના દરેક કુટુંબને રોજગારી મળે અને ગરીબોની ગરીબી દૂર થાય એવું ગામ સર્જવાનું એમનું સ્વપ્ન છે.

*(આ લેખના લેખક સંજય દવે, ‘ચરખા’ના સંયોજક છે.)*

■ અનિતા જતકર

# સાથળ ગામના રંગ-રૂપ બદલ્યા હિંમતવાન, મક્કમ અને પોલાદી મનોબળવાળાં મીનાબહેને...



**મીનાબહેન પટેલ**
*ગામઃ સાથળ*
*તાલુકોઃ ધોળકા*
*જિલ્લોઃ અમદાવાદ*

બે વરસ પહેલાંની વાત છે. ગુજરાતનાં ગામડાઓમાં પંચાયતોની ચૂંટણીનું ટાણું હતું. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનું સાથળ ગામ પણ પંચાયતની ચૂંટણી માટે થનગની રહ્યું હતું. દરેક ઉમેદવાર પોતપોતાના વિજય માટેના પ્રયત્નમાં હતા અને અચાનક શું બન્યું? ચૂંટણીમાં ઉભાં રહેલાં ગામનાં એક મહિલા ઉમેદવારને ગામના એક ભાઈ દ્વારા ધમકી આપીને માર મારવામાં આવ્યો. એ મહિલાએ ત્યારે તો માર ખાઈ લીધો, પરંતુ રાતે ગામમાં સભા બોલાવી. દરેક નાતના આગેવાનોને એમાં હાજર રહેવા અપીલ કરી. ગામનો ચોરો ગામલોકોથી ભરાઈ ગયો. એમાં પેલાં મહિલા ઉમેદવારે હિંમતભેર કહ્યું કે, “આજે જે મારી સાથે થયું તેમાં તમે કોઈએ મને બચાવી નથી. આવતી કાલે તમારી બહેન, દીકરી, વહુ સાથે પણ આવું જ વર્તન થશે તોય તમે તો ચૂપ જ રહેવાનાને?”

મહિલાએ તો રાતે ને રાતે જ પોલીસમાં ફરિયાદ કરી. સાથળ ગામની વસતિ તો આશરે દસ હજાર. પોલીસ ફરિયાદ કરવાય છેક ધોળકા જવું પડે. ઈજા અને માનભંગ થયેલાં બહેન તો હિંમત કરીને રાતે જ ધોળકા ગયાં. પોતાની ફરિયાદ નોંધાવી. એમની ફરિયાદને ગંભીરતાથી લઈ ત્યાંના પોલીસ અધિકારી તાબડતોબ સાથળ ગામમાં આવ્યા અને એ બહેન પર હુમલો કરનાર તથા તેના સાગરીતોને પકડીને

લઈ ગયા. તો બીજી તરફ ગામ આખાએ આખી રાત બહેનને સમજાવ્યા કે તમે ફરિયાદ પાછી ખેંચી લો. પરંતુ, બહેન મક્કમ રહ્યાં. બીજા દિવસે સવારે ગામના આગેવાનો ધોળકા પોલીસ ચોકીએ ગયા. ત્યાં દબાણ કર્યું. એટલે અધિકારીઓ બહેનને સમાધાન માટે લેવા આવ્યા. બીજા દિવસે ચૂંટણી હતી. હવે શું થશે! ગામ આખાને ચિંતા હતી. એ બહાદૂર મહિલા તો ચોકીએ ગઈ.

સાથળ ગામના માથાભારે શખ્સને કોઈ મહિલાએ જેલમાં પૂરાવ્યા છે એ વાત વાયુવેગે ધોળકા તાલુકાના ગામેગામ ફેલાઈ ગઈ. સવારે તો ધોળકા પોલીસ સ્ટેશનમાં લોકોની ભીડ જામી. એ શખ્સને જેલમાં પૂરાવનાર બહાદૂર મહિલાને જોવા સારું! જેવાં એ બહેન જીપમાંથી નીચે ઉતર્યાં કે ટોળામાંથી અવાજ ઉઠ્યો મીનાબહેન ઝીંદાબાદ.... મીનાબહેન ઝીંદાબાદ.... આ મીનાબહેને ગામના પાંચ આગેવાનો પાસેથી એ દિવસે લખાણ લીધું કે, “આજ પછી સાથળ ગામની વહુ, દીકરી અને બહેનની આબરૂ સલામત રહેશે. વળી, પોતાના જીવને કોઈ પણ પ્રકારનું જોખમ ઉભું થાય તો એની જવાબદારી ગામની રહેશે.” ગામની આબરૂની સલામતી સાથે મીનાબહેને સમાધાન કર્યું અને બીજે દિવસે પોતે બેઠી ચૂંટણી દ્વારા જ સભ્ય નિમાઈ ગયાં. આ મીનાબહેન ગિરીશભાઈ પટેલ આજે સાથળ ગામનાં આગેવાન છે. પોતાની સાથે થયેલા અન્યાય સામે એકલાહાથે ઝઝુમી ન્યાય મેળવનારાં મીનાબહેન કહે છે કે, “આ કેસમાં મેં રૂપિયા ખાધા નહીં અને કોઈને ખવડાવવા દીધા નહીં, ખાવા દીધા નહીં.”

પેટલાદમાં જન્મેલાં મીનાબહેનનાં ૨૨ વર્ષ પહેલાં સાથળ ગામના ગિરીશભાઈ જોડે લગ્ન થયાં. લગ્ન પછી તેઓ સાથળમાં આવ્યા. એના બે-ત્રણ વરસ પછી મીનાબહેન ગામની સરકારી શાળામાં ચાલતા મધ્યાહ્‌ન ભોજનમાં રસોઈયા તરીકે જોડાયાં. છેલ્લાં ૧૮ વર્ષથી તેઓ સતત આ સેવા બજાવી રહ્યાં છે. આ એક સેવા જ છે, કારણ કે મધ્યાહ્‌ન ભોજનમાં આશરે ૨૫૦થી ૩૦૦ બાળકો માટે દરરોજ રસોઈ કરવાનું મહેનતાણું માત્ર ૨૨૫ રૂપિયા જ મીનાબહેનને મળે છે. છતાં ગામના ગરીબ બાળકોને સારું જમવાનું મળે એ જ આશયથી મીનાબહેન આ કામ કરી રહ્યાં છે.

તદ્દન સામાન્ય કુટુંબમાં રહેતાં મીનાબહેનને ગમે તેટલી મુશ્કેલીઓ આવે પણ તેમણે ક્યારેય એમની પ્રામાણિકતા છોડી નથી. મધ્યાહ્‌નભોજનમાં નોકરી કરતા થયેલા અનુભવની વાત કરતાં એમણે કહ્યું કે, “શરૂઆતમાં તો હું માત્ર રસોઈ કરીને ઘરે આવી જતી. સંચાલકનું કહ્યું કરતી. છતાં, મનમાં થાય કે આટલાં બધાં બાળકોને આટલું થઈ ના રહે? રહેતાં-રહેતાં તપાસ કરતાં ખબર પડી કે મધ્યાહ્‌નભોજન માટે બાળકોની સંખ્યા પ્રમાણે અનાજ તો આવે છે પણ સંચાલક મને પૂરું આપતો નથી. પછી મેં ઓછી વસ્તુથી રાંધેલું શાક, દાળઢોકળી, સુખડી વગેરે



*પોતાના ગામમાં ચાલતાં વિકાસનાં કામો માટે મળતી ગ્રાન્ટ વગેરેની માહિતી મેળવવા માટે તેમણે અરજી કરી. પરિણામે, જેમણે ભ્રષ્ટાચાર કર્યો હતો, ગામના પૈસા પોતાના ખીસ્સામાં નાંખ્યા હતા એમને તો ફાળ પડી.*

કોથળીમાં ભરી મામલતદારની ઑફિસમાં મોકલ્યું. ત્યાંથી તપાસ થઈ. અમારા સંચાલકને એની જાણ થઈ. એણે તો મને નોકરીમાંથી કાઢી મૂકવાના પ્રયત્નો કર્યા. ત્રણ વર્ષ સુધી મને પગાર ના આપ્યો. મધ્યાહ્નભોજનનાં અનાજના કાળાબજાર કરતાં તેને મેં પકડ્યો. પછી તો ગામ આખાને ખબર પડી. આખરે બાળકો માટેની મારી લડતને સફળતા મળી. પછીથી અનાજનો પૂરેપૂરો જથ્થો મને બતાડવામાં આવે છે. બાળકોને પૌષ્ટિક, સ્વાદિષ્ટ વાનગીઓ મળે એ રીતે જ હું રસોઈ બનાવું છું. બાળકો ખુશ તો હુંય ખુશ.''

સ્ત્રી એટલે અબળા, બાપડી, બિચારી એવી સર્વસામાન્ય વ્યાખ્યા જોવા મળે છે. જોકે, મીનાબહેન આ બધામાંથી અપવાદ છે. અન્યાય સામે લડવા માટે સદાય તત્પર એવી વ્યક્તિ એટલે મીનાબહેન. મીનાબહેન નવ ધોરણ સુધી ભણેલાં છે. એમની હિંમત, કામ કરવાની ધગશ, પ્રામાણિકતા, બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના દાદ માંગી લે એવી. મીનાબહેન કહે છે, ''બહેન, આમ તો હું પહેલેથી જ હિંમતવાળી, પણ જ્યારે હું ચૌદ વર્ષની હતી ત્યારે મારા બાપુજીને પોલીસ પકડી ગઈ હતી. તેઓ નિર્દોષ હતા. એ વખતે રાતે હું એકલી એમને છોડાવવા ગઈ હતી અને ત્યારથી મારામાં હિંમત આવી ગઈ અને મને લાગ્યું કે હું કંઈક કરી શકીશ.''

દેખાવે સુકલકડી પણ પોલાદી મનોબળનાં મીનાબહેનને ‘ઉન્નતિ’નો સાથ મળતાં તેમને કામ કરવાની સાચી દિશા મળી છે, તો ગામની ઉન્નતિ પણ થઈ છે. ‘ઉન્નતિ’ સાથે જોડાયેલાં રહેવાથી મીનાબહેનને કોઈ આર્થિક લાભ ન મળ્યો. તો શું મળ્યું? મીનાબહેન કહે છે કે, “સંસ્થામાં જોડાયાં પછી લોકો મારા ઘરે આવવા લાગ્યા. બધાની સાથે કેવી રીતે બોલવું, તે મને આવડ્યું. મારો સ્વભાવ ગુસ્સાવાળો. સંસ્થામાં જોડાયા પછી ખબર પડી કે સામેવાળા સાથે શાંતીથી બોલવું જોઈએ. મને મારા કામમાં સંસ્થાનો સાથ-સહકાર મળ્યો. આજે આખા ગામમાં મારું માન છે. કોઈનેય કંઈ કામ હોય તો પૂછવા આવે. સૌથી વધારે મહત્ત્વની વાત તો એ કે અમારા સાથળ ગામનો વિકાસ થયો. ગામના લોકોમાં થોડી ઘણી જાગૃતિ આવી.”

ગુજરાત રાજ્યમાં દારૂબંધી છે એવું કહેવાય છે, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. સાથળ ગામના વાઘરી કોમના ભાઈઓ દારૂ બનાવીને વેચવાનો વ્યવસાય વર્ષોથી કરતા હતા. ગામના મોટાભાગના પુરુષો દારૂના વ્યસની. મીનાબહેન કહે છે કે, “બહેન, જ્યારે હું પરણીને ગામમાં આવી ત્યારે તો ગામ ગંદુ અને દારૂડિયું. ચોરેને ચૌટે બધા દારૂ પીને જ બેઠા હોય! ગામની નિશાળ પાછળ જ દારૂ ગળાય અને વેચાય. મારા પતિને પણ એવી સોબત મળી ગઈ એટલે દારૂ પીતા થઈ ગયા હતા, પણ ભલું થાજો આ ‘ઉન્નતિ’ સંસ્થાનું! ‘ઉન્નતિ’ની તાલીમોથી જાગૃત થયેલા ચેતનભાઈ અને મેં એક દિવસ નક્કી કર્યું કે દારૂને ગામવટો દેવો છે. ગામની બહેનોને સમજાવી. તો તે પણ અમને સાથ આપવા તૈયાર થઈ ગઈ, કારણ કે દારૂડિયા પતિથી તેઓ ત્રાસી ગઈ હતી. અમે તો ગયા, જ્યાં દારૂ બનતો હતો ત્યાં. દારૂનાં માટલાં ફોડી નાખીએ, ઢોળી નાંખીએ, પણ વળી, બીજા દિવસે તો દારૂ બનવા માંડે. જે લોકો આ વ્યવસાય સાથે સંકળાયેલા હતા તે તો મને ધમકી આપે, ઘરે કહેવા આવે. મારા પતિ પણ મારા આ કામથી નારાજ, પણ હું તો મક્કમ રહી. આખું એક વર્ષ દારૂ બનાવવાવાળા સાથે અમારો સંઘર્ષ ચાલ્યો, આખરે એક દિવસ ધંધુકા તાલુકા પંચાયતમાંથી પોલીસ બોલાવી અને પછી એમણે નમતું જોખ્યું. છેલ્લાં દોઢેક વર્ષથી ગામમાં દારૂબંધી થઈ છે, વાઘરી કોમના લોકો ખેત મજૂરી તથા બીજાં કામ તરફ વળ્યા છે. મહિલાઓ સુખી થઈ છે.”

‘ઉન્નતિ’ સાથે જોડાયાં પછી મીનાબહેને માહિતી અધિકાર વિશે જાણ્યું. પોતાના ગામમાં ચાલતાં વિકાસનાં કામો માટે મળતી ગ્રાન્ટ વગેરેની માહિતી મેળવવા માટે તેમણે અરજી કરી. પરિણામે, જેમણે ભ્રષ્ટાચાર કર્યો હતો, ગામના પૈસા પોતાના ખીસ્સામાં નાંખ્યા હતા એમને તો ફાળ પડી. ગામના સરપંચ, તલાટી અને બીજા અનેક આગેવાનોએ મીનાબહેનને કહ્યું કે, “તમે, આ બધું જાણીને શું કરશો? તમારે આ બધી પંચાત શું કામ કરવી પડે, તું તારું કામ કર ને?” મીનાબહેન તો કરેલી વાતને એમ કંઈ મૂકે. એમણે જવાબ આપ્યો કે, “હું ગામની વહુ અને નાગરિક છું, મને બધું જ જાણવાનો હક છે. એટલે હું તો જાણીશ જ. મારે બધી જ વિગતો જોઈએ છે.”

*આપણે ગામના રહેવાસી છીએ તો ગામને સુધારવાની, એનો વિકાસ કરવાની જવાબદારી આપણી છે. ગામ સુધરશે તો સમાજ સુધરશે.*

કંઈ કેટલાય દિવસો સુધી મીનાબહેનને માહિતી ના મળી, પણ મીનાબહેન પણ અડગ. છેવટે એમની અડગતા સામે એમણે માગેલી માહિતીના કાગળિયાં એમને ઘરે બેઠા મળી ગયાં. એમણે સંસ્થાના સહકારથી એનો અભ્યાસ કર્યો અને ગામની પંચાયત પાસે બધો હિસાબ માગ્યો. એમની આવી જાગૃતિથી ગામના લોકોને પણ પ્રેરણા મળી. બધા એક થયા. એટલે અત્યાર સુધી ગામના વહીવટમાં જે ભ્રષ્ટાચાર થયો હતો એ બધા જ પૈસા જે-તે વ્યક્તિએ પાછા જમા કરાવ્યા. સંસ્થાનો સાથ અને મીનાબહેનની સમજણથી આજે ગામમાં બુટમાતાના મંદિરેથી સ્મશાન સુધી, ગામના ચોરાથી બુટમાતાના મંદિર સુધી અને રામાપીરના મંદિરથી ચોરા સુધી પાકો રસ્તો બન્યો છે. બીજા ત્રણ રસ્તા મંજૂર થયા છે અને ગામમાં ગટર લાઈનનું કામ ચાલુ છે.

અત્યાર સુધી ગામમાં કોઈનેય પંચાયત ઑફિસમાંથી કોઈ પણ કાગળ જોઈતો હોય તો એના માટે એને પૈસા આપવા પડતા હતા. મીનાબહેને ગામ લોકોનો સાથ લઈને પંચાયતમાં એક અરજી લખી કે, 'અહીંથી આપવામાં આવતા કાગળ માટે જે પૈસા લૈવામાં આવે છે એનું લખાણ આપો.' આ વાંચીને બધા સીધા દોર થઈ ગયા. હવે ગામના દરેક વ્યક્તિનું કામ વગર પૈસે થાય છે. આ ઉપરાંત, સરકારે ગરીબ લોકોને વીજળીના મીટર નાંખવાની યોજના બનાવી હતી તેમાં પણ ગામની ત્રણેક વ્યક્તિ દ્વારા ૩૬ હજાર રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હતો. મીનાબહેનની જાગૃતિ અને 'ઉન્નતિ'ના સહકાર દ્વારા ગામ લોકો આમાંથી ઉગરી ગયા અને બધાને પૈસા પાછા મળ્યા.

પોતાનાં સંતાનો-ત્રણ દીકરી અને એક દીકરો એમનાં જેવાં જ હિંમતવાન બને અને આગેવાની લે, છેવાડાના લોકો સુખી થાય તેમ જ બધાનાં કામ ભ્રષ્ટાચાર વગર થાય એ જ એમનું સ્વપ્ન છે. નવ જ ધોરણ ભણેલાં મીનાબહેનને નથી વધારે પૈસાદાર થવું કે નથી બીજી કોઈ ઈચ્છા. એમને મન તો એમનું ગામ સુખી તો પોતે સુખી. તેઓ લોકોને સંદેશ આપવા માગે છે કે, "આપણે ગામના રહેવાસી છીએ તો ગામને સુધારવાની, એનો વિકાસ કરવાની જવાબદારી આપણી છે. ગામ સુધરશે તો સમાજ સુધરશે."

*(આ લેખનાં લેખિકા અનિતા જતકર, મુક્ત પત્રકાર છે.)*

■ *અજય રામી*

# આઘાત અને પ્રત્યાઘાત સામે પણ મીનાભાઈ અડીખમ છે

‘આપણે ચા-પાણીના પૈસા લેતા નથી, આપણે લઈએ તો ખોટું પડે’. સરળ ગ્રામજબાનમાં બોલાયેલા આ શબ્દો મીનાભાઈ ડાભીના છે. ‘ઉન્નતિ’ સંસ્થાના તાપસભાઈના શબ્દોમાં કહીએ તો, ‘એક ચોમાસામાં તેમના ઘરે ગયા ત્યારે ઘરમાં છત પરથી એટલું પાણી ટપકતું હતું કે ક્યાં ઊભા રહેવું તે પ્રશ્ન થાય.’



**મીનાભાઈ ડાભી**
*ગામ: દંત્રાલ*
*તાલુકો: ખેડબ્રહ્મા*
*જિલ્લો: સાબરકાંઠા*

જાત બાળીને ગામનું ભલું કરવા નીકળેલા લોકોમાં મીનાભાઈ પણ એક છે. સાત હજારની વસતિ ધરાવતા સાબરકાંઠા જિલ્લાના પોશીના પાસેના દંત્રાલ ગામમાં ખેતી અને ક્યારેક મજૂરી કરીને જીવનનિર્વાહ ચલાવતા મીનાભાઈ કાચા મકાનની શાળામાં રહીને વાંચતા-લખતા શીખેલા છે. તમામ વિષમ સંજોગો હોવા છતાં કંઈક અલગ કરવાની ચાહ તેમને કદાચ વારસામાં મળી છે. તેમના પિતાએ ગામની શાળા અને તળાવ બંધાવવા માટે ખૂબ પ્રયાસ કર્યો હતો. જોકે, મીનાભાઈને ‘ઉન્નતિ’ના કાર્યકરો થકી આ કામ કરવાની પ્રેરણા મળી છે. ૧૯૯૯માં ‘પંચાયત વિકાસ સમિતિ’ના પ્રમુખ બન્યા પછી ગ્રામજનોએ એવાં કામોની ચર્ચા થતી જોઈ છે જેનાં નામ પણ સાંભળ્યા નહોતા.

મીનાભાઈ કામનો બોજ જાતે ઉપાડવામાં માને છે પણ પ્રશ્નો ઉકેલવાની અને સમજવાની તક બધાને



ૡ
*ગ્રામ સભામાં રજૂઆત કર્યા પછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મળ્યું પણ હાઈવે બાજુ અપાઈ ગયું. આવી રીતે આંગણવાડી પણ બીજે જતી હતી, પરંતુ તેમના પ્રયત્નોથી તે અટકી ગઈ છે.*
ૡ

આપવા ઇચ્છે છે. આવા વિચાર સાથે તેમણે દરેક ફળિયાની અલગ ગ્રામ વિકાસ સમિતિ બનાવી જેથી પાયાના પ્રશ્નોનો સમાવેશ થઈ શકે અને તેનો ઉકેલ પણ લાવી શકાય. ગામના પ્રશ્નો પ્રત્યે ગાંધીનગર સુધી ધ્યાન ખેંચવા તેઓ એક વાર સહિયારા પ્રયાસથી ભૂતપૂર્વ પંચાયતમંત્રી નારણભાઈ પટેલને પણ નાનકડા ગામમાં લઈ આવ્યા હતા.

ગામમાં થયેલા કોઈ કામ પર મીનાભાઈ આંગળી મૂકીને એમ કહી શકે તેમ નથી કે આ કામ મીનાભાઈએ જ કરાવ્યું. આમ છતાં એવાં ઘણાં કામો છે જેની પાછળ મીનાભાઈએ ગ્રામવિકાસ સમિતિને રસ લેતી ન કરી હોત તો તે કામો ન થયાં હોત તેમ ચોક્કસ કહી શકાય તેમ છે. પોતે ન હોય છતાં એક સક્ષમ અને ટકાઉ વિકાસ થઈ શકે તેવી વ્યવસ્થા આપમેળે ગોઠવાઈ રહી છે. ફળિયાના પ્રશ્નો હોય, શાળાનો ઓરડો બરાબર ન હોય, હૅન્ડપંપ બંધ થઈ ગયો હોય, નજીકમાં આંગણવાડી ન હોય કે ગ્રામ સભા નિયમિત મળતી ન હોય ત્યારે, સરપંચ હોય કે તલાટી હોય તો પણ મીનાભાઈ તેમની સામે ‘વાંધો’ ઉઠાવવા તૈયાર જ હોય. આ કારણથી જ કેટલાક લોકોને મીનાભાઈનું કામ ગમતું નથી.

જોકે, મીનાભાઈને તેની પરવા નથી. તેઓ કહે છે કે ‘બે નંબરનું

કામ કરવા માગતા હોય તેમને કંઈ પૂછીએ તો અમે ગમતા નથી.' મીનાભાઈનો આ મિજાજ કાયમી છે. ગામના તળાવનું કામકાજ ચાલતું હોય અને મીનાભાઈ તપાસ કરવા પહોંચી જાય તો સ્થાપિત હિતોને પસંદ ન પડે. ક્યારેક સાચું કામ કરાવવું હોય તો આવા લોકો જ પ્રશ્નો ઊભા કરે: તમારી પાસે શું સત્તા છે તો બધી બાબતમાં પૂછપૂછ કર્યા કરો છો? આવા વિઘ્નોથી મીનાભાઈને સત્તાનું મહત્ત્વ સમજાયું છે. આ માટે તેઓ સરપંચની ચૂંટણી પણ લડ્યા છે, પણ નસીબ એક ડગલું પાછળ કે બંનેના મત સરખા થયા અને સરપંચ બની ન શક્યા.

જોકે, આવી પીછેહઠ વચ્ચે પણ ગામમાં 'ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના'નું કામ ચાલુ થાય તે માટે ખેડબ્રહ્મા સુધી પણ ધક્કા ખાઈ આવે. ગામના નારલા ફળિયાને આ કામ ન મળતા રજૂઆત કરીને કામ ચાલુ કરાવ્યું. વળી, ગામથી સાત કિલોમીટર દૂર પોશીના ખાતે ઢોરવાડો ચાલુ કરાયો એ જોયું એટલે ફળિયાના ઢોરને દૂર સુધી ન જવું પડે તે માટે ગામમાં જ ગામનો અલગ ઢોરવાડો ચાલુ કરાવ્યો.

ગ્રામમિત્ર આડુઅવળું કરતા હોય તો તે પણ તેમની નજર બહાર ન રહે. તેમની ભાષામાં કહીએ તો, 'ગ્રામમિત્રો પણ બે નંબરના હેંડે છે.' કાળીદેવી રોડના કામમાં પણ મસ્ટર જોવા ન દે તો મીનાભાઈ માથાકૂટ કર્યા કરે. દંત્રાલ ગામ, નદીના કારણે વહેંચાયેલું છે. નારલામુખી ફળિયું મોટેભાગે સુવિધાનાં કામોથી વંચિત રહે છે. ગ્રામ સભામાં રજૂઆત કર્યા પછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મળ્યું પણ હાઈવે બાજુ અપાઈ ગયું. આવી રીતે આંગણવાડી પણ બીજે જતી હતી, પરંતુ તેમના પ્રયત્નોથી તે અટકી ગઈ છે.

જોકે, 'ઉન્નતિ'ના સહકારથી જે રીતે મીનાભાઈ સક્ષમ બની રહ્યા છે તેનો ફાયદો પણ તેમને ધીરેધીરે મળી રહ્યો છે. ગામના લોકો સામેથી તેમની પાસે કામની પૂછપરછ કરવા આવે છે. માર્ગદર્શન પણ મેળવે છે. તેમની કેળવાયેલી સમજ હવે કામે આવી રહી છે.

આમ છતાં લોકોનાં કામો કરવાની તેમણે ખૂબ મોટી કિંમત અંગત જીવનમાં ચૂકવી છે. આંખમાં આંસુ સાથે મીનાભાઈ કહે છે, 'એક સમયે મારી બધી ઇચ્છાઓ-ધારણાઓ ઉંધી વળી ગઈ હતી.' 'કામ' સિવાયની વાત સરળતાથી ન કરે તેવા મીનાભાઈ સંવેદનશીલ છે. ૨૩ વર્ષની ઇન્દિરા અને ૨૪ વર્ષની સૂરતા નામની બે દીકરીઓ તેમણે કેનાલમાં ડૂબી જતાં ગુમાવી દીધી છે. તે પછી પુત્ર નેરૂણ પણ બીમારીના કારણે મૃત્યુ પામ્યો. આવા આઘાતમાં તેમનાં માતાનું પણ અવસાન થયું. આવા બધા આઘાત અને વિરોધીઓના પ્રત્યાઘાત વચ્ચે પણ મીનાભાઈનું કામ ચાલુ છે. ગામના જાગૃત પ્રહરીની જેમ તેઓ જાગતા અને લોકોને જગાવતા રહે છે.

*(આ લેખના લેખક અજય રામી, 'દિવ્ય ભાસ્કર' દૈનિકના પત્રકાર છે.)*

■ *હરિતા તલાટી*

# મારે લોકોની મદદના બદલામાં કંઈ જોઈતું નથી: નટવરભાઈ



***નટવરભાઈ વેગડા***
*ગામ: આંબારેલી*
*તાલુકો: ધોળકા*
*જિલ્લો: અમદાવાદ*

'આ નટુભાઈ નીકળ્યા લોકોનું કામ કરવા.' આવા શબ્દો નટુભાઈને સામાન્ય રીતે સાંભળવા મળતા. નટુભાઈનું આખું નામ નટવરભાઈ પરસોત્તમભાઈ વેગડા, પણ ગામ આખામાં તે નટુભાઈ તરીકે ઓળખાય. નટવરભાઈ પાસે કોઈ નોકરી-ધંધો નહીં, પણ ગામ આખાની સેવા કરે. કોઈને કોઈ રીતે તે જરૂરતમંદને મદદ કરી શકે તે માટે હંમેશાં તત્પર રહેતા. જોકે, કેટલાક લોકોની આંખે તેમનો થેલો આવી ગયેલો એટલે તેઓ એમ જ માનતા કે નટવરભાઈ લોકો પાસેથી પૈસા ઉઘરાવે છે, તેથી તેમનું ગાડું ગબડે જાય છે.

નટવરભાઈ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના આંબારેલી ગામના વતની છે. ૪૧ વર્ષના નટવરભાઈ વર્ષો પહેલાં અસારવા મિલમાં નોકરી કરતા હતા. મિલ બંધ થયા પછી આજીવિકા માટે તેઓ સ્થાનિક વિસ્તારની સ્વૈચ્છિક સંસ્થામાં નોકરી કરવા લાગ્યા. પરંતુ તે નોકરીમાં તેમને સેવા-કાર્ય વ્યવસ્થિત થઈ શકતું નથી એવું લાગ્યું. પરિણામે, તેમણે નોકરીને તિલાંજલી આપી. તે અરસામાં એટલે કે આઠ-નવ વર્ષ પહેલાં તેઓ 'ઉન્નતિ' સંસ્થાના પરિચયમાં આવ્યા. લોકોને સરકારી યોજનાઓનો લાભ અપાવવા અંગેની માહિતી સંસ્થાના સંપર્કમાં આવ્યા બાદ તેમને મળી.

તેથી નટવરભાઈનાં કાર્યોને દિશા મળી. ત્યારબાદ એક વર્ષ પછી ગામની 'ગ્રામ વિકાસ સમિતિ'ની રચનામાં તેમણે 'ઉન્નતિ' સંસ્થાને સક્રિય રીતે મદદ કરી અને ગામના જાગૃત-નાગરિક તરીકે તેઓ 'ગ્રામ વિકાસ સમિતિ'ના સભ્ય બન્યા. ગામની બહેનો પહેલાં જાહેર કાર્યક્રમોમાં આગેવાની લેતી નહોતી, પણ 'ઉન્નતિ' સંસ્થાએ યોજેલી 'ગ્રામ વિકાસ સમિતિ'ના સભ્યોની તાલીમ મેળવ્યા પછી બહેનો ગામના વિકાસ અર્થે તાલુકા કક્ષા સુધી રજૂઆત કરતાં થયાં. આમ, બહેનોને આગળ લાવવાની નટવરભાઈની કોશિશ સાકાર રહી. તાલીમ બાદ નટવરભાઈ પણ તલાટી, સરપંચ, તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ આત્મવિશ્વાસપૂર્ણ રજૂઆત કરવા લાગ્યા.

ગામના લોકો નટવરભાઈ પાસે આવીને પોતાની મુશ્કેલીઓની રજૂઆત કરતા. આવી એક રજૂઆત દરમ્યાન નટવરભાઈને જાણવા મળ્યું કે પરાવિસ્તારથી આંગણવાડી સુધી જવું હોય તો મુખ્ય હાઈવેને પસાર કરવો પડે. આંગણવાડીમાં ૬ વર્ષથી નાની ઉંમરનાં બાળકો, ધાત્રી બહેનો, સગર્ભા બહેનો અને કિશોરીઓને સેવા મળતી હોય છે. તેમને આંગણવાડીમાં સેવા લેવા માટે ખૂબ ચાલવું પડતું અને બાળકોને હાઈવેનો ભય સતાવતો. આ વાત નટવરભાઈના ધ્યાનમાં આવી એટલે તેમણે સરપંચને આ અંગે રજૂઆત કરી. પરા વિસ્તારમાં આંગણવાડી માટે જગ્યા નથી તેવું કહીને સરપંચે વાતને દબાવી દેવાનો પ્રયત્ન કર્યો. તેથી નટવરભાઈએ સમિતિ સમક્ષ રજૂઆત કરી. સમિતિ વતી મુદ્દાની તપાસ થતાં જાણવા મળ્યું કે પરા વિસ્તારની



*ગામના સરપંચ તેમના જ મોટાભાઈ હોવા છતાં ગામ લોકોના હક્ક માટે તેઓ પોતાના ભાઈ સામે પણ લડતા અચકાયા નથી. નટવરભાઈના જિલ્લા સ્તર સુધી સંપર્કો હોવાથી તમામ યોજનાઓની માહિતી તેઓ ગામના લોકોને આપતા રહે છે.*





આંગણવાડી તે જ વિસ્તારમાં કરવાની છે તે અંગે ગ્રામ પંચાયતમાં ઠરાવ થયો હતો અને વંચાણે લઈ સંમતિ પણ સધાઈ હતી. પરંતુ, જે જગ્યાએ આંગણવાડી કરવાની સંમતિ સધાઇ હતી તે જગ્યાએ આંગણવાડી હતી જ નહીં. હવે નટવરભાઈએ ગામ લોકો માટે આગેવાની લઈ લોકઆંદોલન છેડ્યું. પરાવિસ્તારમાં આંગણવાડી બનાવવા બાબતે તેમણે ૧૦૦થી વધુ સહીઓ કરાવી. જો ગામ સ્તરે આ મુદ્દાનો નિવેડો નહીં આવે તો તેઓ તાલુકા કક્ષાએ અને પછી જિલ્લા કક્ષાએ રજૂઆત કરશે તે પ્રમાણેનો પત્ર સરપંચ અને તલાટીને પાઠવ્યો. ગ્રામ પંચાયતે આખરે જે સ્થળે આંગણવાડી દર્શાવી હતી ત્યાં જ ખસેડવાનો નિર્ણય જાહેર કર્યો.

નટવરભાઈ આજે ૧૧ ગામોની ગ્રામ વિકાસ સમિતિના પ્રમુખ છે. આંબારેલી સિવાયનાં ગામોમાં પણ તેઓ ગામના લોકોને સરકારી યોજનાઓના લાભ અપાવવા તૈયાર હોય છે. 'માહિતી અધિકારનો કાયદો' અને 'રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી યોજના'ની 'ઉન્નતિ' સંસ્થા પાસેથી મળેલી માહિતી તેમને અત્યંત ઉપયોગી નીવડી છે. થોડા સમય પહેલાં તેમનાં ૧૧ ગામોમાં રોજગારી મેળવવા માટેના જોબકાર્ડ નહોતાં. તલાટી અને સરપંચે ભેગા થઈને લોકોને યોજના હેઠળ રોજગારી અપાવવા માટે જોબકાર્ડ કઢાવવા રૂ. ૩૦ ઉઘરાવ્યા. નટવરભાઈના ધ્યાનમાં આ બાબત આવી. તેમને જાણ હતી કે જોબકાર્ડ મફત કાઢી આપવાનાં હોય છે, પણ તેમણે તાલુકા વિકાસ અધિકારી સાથે ખરાઈ કરી. આ વાતની રજૂઆત તેમણે 'ગ્રામ વિકાસ સમિતિ'ને કરી. સરપંચ અને તલાટીને જાણ થતાં બન્નેએ પૈસા ઉઘરાવવાનું બંધ કર્યું, પરંતુ કોઈ પણ વ્યક્તિના જોબકાર્ડ કાઢ્યાં નહીં. આથી નટવરભાઈએ દરમિયાનગીરી કરીને તમામને જોબકાર્ડ અપાવવાની પ્રક્રિયા ચાલુ કરાવી.

ગામના સરપંચ તેમના જ મોટાભાઈ હોવા છતાં ગામ લોકોના હક્ક માટે તેઓ પોતાના ભાઈ સામે પણ લડતા અચકાયા નથી. નટવરભાઈના જિલ્લા સ્તર સુધી સંપર્કો હોવાથી તમામ યોજનાઓની માહિતી તેઓ ગામના લોકોને આપતા રહે છે અને તે માટેના જરૂરી દસ્તાવેજો તૈયાર કરી જે-તે વિભાગમાં પણ પહોંચાડી આપે છે. તેમણે સમાજ

કલ્યાણ ખાતામાંથી દુધાળાં ઢોર માટે ૧૧ વ્યક્તિઓને રૂ. ૫૦,૦૦૦ની લોન અપાવી છે. ગામની ૪૦ જેટલી છોકરીઓને કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત રૂ. ૫૦૦૦નો લાભ અપાવ્યો છે. દલિતો અને પછાત તથા અન્ય જાતિના ટી.બી.ના દર્દીઓને વૈદકીય યોજના હેઠળ રૂ. ૩૦૦૦ અપાવ્યા છે. દલિતો અને વણકર જાતિના લોકોને આવાસ યોજનાનો લાભ અપાવ્યો છે. વ્યક્તિની અંતિમ ક્રિયા માટે પણ જરૂરતમંદને લાભ અપાવ્યો છે. લોકોને જાતિનાં પ્રમાણપત્ર અપાવવામાં નટવરભાઈએ ખૂબ સહકાર આપ્યો છે.

આમ, નટવરભાઈ એક કરતાં વધુ સારી રીતે લોકો સાથે સંકળાયેલા છે. ગ્રામજનો સામે ચાલીને પોતાને જોઈતી મદદ વિશે વિના સંકોચે નટવરભાઈને જણાવે છે. નટવરભાઈ કહે છે કે, 'મારે લોકોની મદદના બદલામાં કંઈ જોઈતું નથી. તે કુદરતી રીતે જ મળે છે. ભગવાને મારા સંતાનો રૂપે મને મારી મહેનતનું ફળ આપી જ દીધું છે.'

આસપાસના લોકો તેમના માટે જે કંઈ કહે તેની પરવા કર્યા વિના નટવરભાઈની સેવાયાત્રા ચાલુ જ રહે છે.

*(આ લેખનાં લેખિકા હરિતા તલાટી, મુક્ત પત્રકાર છે.)*

■ *ક્ષમા કટારીયા*

# મથતા તો હતા પણ 'ઉન્નતિ'ના આવવાથી દિશા મળી



***વિનુભાઈ ઠાકોર***
*ગામ: ભરકુંડા*
*તાલુકો: દસક્રોઈ*
*જિલ્લો: અમદાવાદ*

૩૮ વર્ષના એકવડિયો બાંધો ધરાવતા અને ઓછાબોલા વિનુભાઈ પસાભાઈ ઠાકોરને જોતાં સહેજે વિચાર આવે કે પંચાયત અને ગામના અન્ય મોભાદાર વડીલો સામે તેમનું કેટલુંક વજન પડતું હશે?! પણ તેમની સાથે વાત કરતાં ખ્યાલ આવે છે કે તેમની પાસે ખંત અને નિષ્ઠાની એવી મૂડી છે જે તેમને ભલભલી મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી આપે છે.

એક ઉદાહરણ–
માંડ ૨૦૦-૨૫૦ પરિવારો ધરાવતું, અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં આવેલું નાનકડું ભરકુંડા ગામ-આખું ખેતી-પશુપાલનના વ્યવસાય પર નભે છે છતાં દર ચોમાસે એકની એક મોકાણ. ગામની ઉગમ દિશાએ રામનગર જવાના રસ્તે ગરનાળું પસાર કરવાનું આવે. સવાર-સાંજ ખેતરે અને સીમમાં ગાય-બળદ-ભેંસો લઈ જવા માટે આ ગરનાળું પસાર કરવું પડે. દર ચોમાસે આ કાચું ગરનાળું મોટો વોકળો બની જાય. રીતસર ૪-૪ હાથ કીચડ ભરાઈ જાય. તેમાંથી ચાલીને ગાય-ભેંસ તો ઠીક, બળદ-ગાડાં પણ ન નીકળી શકે. ખેતરે જવું હોય તો ૪-૫ કિ.મી.નો ફેરો કરીએ તો જ મેળ પડે. કંઈ ઉપાય?

વિનુભાઈ કહે, "દર ચોમાસે અમે પંચાયતમાં રજૂઆત કરીએ... બધાને તકલીફ પડતી હોય એટલે ચોમાસા

પછી વળી કાચું કામ કરી દેવામાં આવે. પણ એ કરતાં પણ બીજા એકાદ-બે મહિના નીકળી જાય. એટલે આમ તો દર ચોમાસા વખતે ૪-૫ મહિના માટે આ મુશ્કેલી મોં ફાડીને ઊભી જ હોય. પાકું કામ થાય નહીં અને કાચું કામ ચોમાસામાં પાણીના મારથી ધોવાઈ જાય."

આ પ્રશ્નનો નિવેડો કેમ કરીને લાવવો તે વિનુભાઈના મનમાં ઘુમરાતું રહેતું.. એ દરમ્યાન વર્ષ ૨૦૦૦-૨૦૦૧ના સમયગાળામાં 'ઉન્નતિ' સંસ્થામાંથી દિનેશભાઈ પરમારે આવીને ગામનાં કામ ઉપાડી લેવા હાકલ કરી. ગામનાં કામ માટે જે પાંચ-સાત યુવાનો શરૂઆતમાં આગળ આવ્યા તેમાં વિનુભાઈ એક હતા. પછી 'ગ્રામ વિકાસ સમિતિ' રચાઈ અને આ 'ગ્રામ વિકાસ સમિતિ'એ ગામ માટે અગ્રીમતાનાં ધોરણે કરવાનાં કામોની યાદી બનાવી. આ યાદીમાં પહેલું કામ હતું- પાકું ગરનાળું.

વિનુભાઈએ ગ્રામ વિકાસ સમિતિના સભ્યોની સાથે મળીને પાકું ગરનાળું કરવા માટે લેખિતમાં ઠરાવ કર્યો. આ ઠરાવ પંચાયતમાં સુપરત કર્યો અને પાકા ગરનાળાની માંગ કરી. પંચાયતના સભ્યોનો અને ગામના વડીલોનો સહકાર તો મળ્યો પણ હવે પ્રશ્ન હતો તાલુકામાં રજૂઆત કરીને કામ કરાવવાનો. વારંવારની રજૂઆતો અને પ્રયત્નો પછી વિનુભાઈ ૨૦૦૩-૨૦૦૪ના પંચાયત બજેટમાં પાકું ગરનાળું બનાવવા માટેની જોગવાઈ સામેલ કરાવી શક્યા અને છેવટે ૨૦૦૫ના ચોમાસાથી ગામના લોકોએ નિરાંતનો શ્વાસ લીધો. પ્રશ્ન ઉકલે નહીં ત્યાં સુધી તેનો કેડો ન મૂકવો તે વિનુભાઈની લાક્ષણિકતા.

***"આવતીકાલ સારી જોઈતી હોય તો છોકરાઓને ભણાવવા તો પડે જ." એ એમની મુખ્ય વાત. મા-બાપની વાત અને પ્રશ્નો સાંભળીને, તેનો યથાશક્તિ ઉકેલ આપવામાં અત્યાર સુધી તો વિનુભાઈ સફળ રહ્યા છે. ગામમાં એક પણ બાળક નિરક્ષર ન રહેવું ઘટે એ તેમનો આદર્શ છે.***

આજે આ 'ગ્રામ વિકાસ સમિતિ'માં ૧૦-૧૨ સભ્યો છે અને વિનુભાઈ તેના પ્રમુખ છે. 'ગ્રામ વિકાસ સમિતિ'ની બેઠકો મોટા ભાગે બપોરના સુમારે વિનુભાઈના ઘરે જ ભરાય છે. ખેતી, પશુપાલન અને કરિયાણાના ધંધામાં પરોવાયેલા વિનુભાઈને બપોરના સમયે જરૂર પડ્યે ઘેર ઘેર ફરીને લોકોને કોઈક સારી બાબત સમજાવવામાં, માહિતી એકઠી કરવામાં કે પછી ફળિયે ફળિયે મિટિંગ કરવા પાછળ ગાળવામાં ક્યારેય આળસ આવતી નથી. વિનુભાઈના શબ્દોમાં, "પહેલાં આટલી ખબર નહોતી. હવે માહિતી મળી છે, જાણકારી મળી છે, તેથી થાય એટલા લોકોને મદદ કરવાનો પ્રયત્ન કરીએ છીએ."

અને સાચી વાત જ છે. ગામમાં કોઈને રાશનકાર્ડ કઢાવવાનો કે બીજો કોઈ પ્રશ્ન હોય તો પૂછવા માટે વિનુભાઈ સાચા માણસ. વિનુભાઈ પોતાની પાસેની ઝીણામાં ઝીણી વિગત આપે.




*તેમના શૌચાલય વિહોણાં ગામમાં ઘેર ઘેર શૌચાલયની સુવિધા ઊભી કરાવવી. અને બીજું, વર્ષોથી જમીનવિહોણા ખેતમજૂરોને મકાન માટે જમીનના પ્લૉટ આપવાનો ગૂંચવાયેલો પ્રશ્ન ઉકેલવો. બંને પ્રશ્નો લાંબો સંઘર્ષ માગી લે તેવા છે, પરંતુ અમને ખાતરી છે કે વિનુભાઈ આ પ્રશ્નો ઉકેલશે નહીં ત્યાં સુધી તેનો કેડો નહીં મૂકે.*

પોતાની પાસે માહિતી ન હોય તો યોગ્ય વ્યક્તિ તરફ આંગળી ચીંધે.

વિનુભાઈનું ગામ બહુધા ઠાકોરોનું ગામ છે. ગામમાં હજી અનેક પાયાની સવલતોની જરૂર છે. ૧૨ ચોપડી ભણેલા વિનુભાઈના મનમાં સ્પષ્ટ છે કે શિક્ષણ તો જોઈશે જ, તો જ આગળ વધાશે. એટલે 'ગ્રામ વિકાસ સમિતિ'માં નક્કી થયા મુજબ વિનુભાઈ અને તેમના સાથીદારોએ પોતાનાં બાળકોને શાળાએ ન મોકલતાં માતા-પિતાને સમજાવવાનું બીડું ઝડપ્યું. ગામમાં અત્યારે છઠ્ઠા ધોરણ સુધીની શાળા છે. એ પછી વધુ શિક્ષણ મેળવવા માટે ૧ કિ.મી. દૂર વહેલાલ ગામ જવું પડે. વિનુભાઈ ગામની શાળાના આચાર્ય અને શિક્ષકો પાસેથી જાણકારી મેળવતા રહે છે. આમ પણ નાનું ગામ એટલે કોનું બાળક શાળાએ નથી જતું તેની માહિતી સહેજે મળી રહે. વિનુભાઈ એક-એક કરીને આવાં દરેક મા-બાપને સમજાવવા તેમના ઘરે જાય. તેમનાં પત્ની પણ ઘણી વાર સાથે થાય. "આવતીકાલ સારી જોઈતી હોય તો છોકરાઓને ભણાવવા તો પડે જ." એ એમની મુખ્ય વાત. મા-બાપની વાત અને પ્રશ્નો સાંભળીને, તેનો યથાશક્તિ ઉકેલ આપવામાં અત્યાર સુધી તો

વિનુભાઈ સફળ રહ્યા છે. ગામમાં એક પણ બાળક નિરક્ષર ન રહેવું ઘટે એ તેમનો આદર્શ છે. લોકો શિક્ષણ માટે વધુ ને વધુ સજાગ બને તે માટે વિનુભાઈના નેતૃત્વ હેઠળ ગ્રામ સમિતિના સભ્યો વાલીમંડળ સાથે બેઠકો યોજતા રહે છે.

વિનુભાઈ જાતે 'ઉન્નતિ' સંસ્થા દ્વારા આયોજિત 'નાગરિક નેતૃત્વ તાલીમ'માં બે વાર સહભાગી થઈ ચૂક્યા છે. પોતાની રીતે મથતા રહેતા વિનુભાઈને 'ઉન્નતિ'ના કાર્યક્રમોથી દિશા મળી એ વાતમાં તથ્ય એટલા માટે લાગે છે કે વિનુભાઈને માહિતીનું મહત્ત્વ સમજાયું છે. માહિતીને સાચી રીતે ઉપયોગમાં લેવામાં આવે તો કેટલાં બધાં કામો થઈ શકે તેની એમને સમજ છે એટલું નહીં, પણ તે સતત પોતાને મળતી જાણકારીનો ઉપયોગ કરતાં રહે છે અને ગામ લોકોને એ માટે પ્રેરતા રહે છે. થોડા સમય અગાઉ, ગામમાં મતદારયાદી તૈયાર થઈ રહી હતી. વિનુભાઈને ખબર હતી કે શાળાની બહેનો ઘેર ઘેર ફરીને મતદાર યાદી, સુધારા વગેરે એકઠા કરી રહી છે. એટલે વિનુભાઈ ખેતરે જતા પહેલા પોતાની તમામ વિગત લખીને પત્નીને આપતા ગયા. થયું એવું કે મતદાર યાદીનું કામ કરતાં બહેન તેમના ઘેર આવ્યા વિના જ, આસાપાસના એકાદ ઘરમાં બેઠાં બેઠાં જ કોઈક બીજા પાસેથી મોઢામોઢ તમામ વિગતો એકઠી કરીને ચાલ્યાં ગયાં. સાંજે ઘેર પરત ફરીને વિનુભાઈને પૂછ્યું તો ઘેર કોઈ આવ્યું નહોતું. છતાં બીજે દિવસે વળી જોગાનુજોગ એ બહેન વિનુભાઈને સામા મળી ગયાં. તેમણે વિનુભાઈને કહ્યું કે તમારી તમામ વિગતો મને મળી ગઈ છે. વિનુભાઈએ ધરાર વિરોધ નોંધાવ્યો- "તમે ઘેર આવ્યા નથી, મારી વિગતો તમે ક્યાંથી મેળવી? તે ખોટી હોય તો? એવું કેવી રીતે ચાલે?" બહેને બચાવ કરવાનો ઘણો પ્રયત્ન કર્યો એટલે વિનુભાઈએ છેલ્લો પ્રશ્ન કર્યો કે 'મારી સહી એમાં હોવી જોઈએ. બતાવો ક્યાં છે?'

સરકારી કામોમાં આટલી નિષ્ઠા માંગનારા અને તેમાં ઢીલ ચલાવી ન લેનારા વિનુભાઈ જેવા જાગૃત નાગરિકો ગામને મળે તો જરૂર આવતીકાલે ગામની દશા પલટાઈ શકે. અત્યારે તેમની આંખોમાં બે લક્ષ્ય તગતગે છે- એક, તેમના શૌચાલય વિહોણાં ગામમાં ઘેર ઘેર શૌચાલયની સુવિધા ઊભી કરાવવી. અને બીજું, વર્ષોથી જમીનવિહોણા ખેતમજૂરોને મકાન માટે જમીનના પ્લૉટ આપવાનો ગૂંચવાયેલો પ્રશ્ન ઉકેલવો. બંને પ્રશ્નો લાંબો સંઘર્ષ માગી લે તેવા છે, પરંતુ અમને ખાતરી છે કે વિનુભાઈ આ પ્રશ્નો ઉકેલશે નહીં ત્યાં સુધી તેનો કેડો નહીં મૂકે. હવે તેમની સાથે તેમનાં પત્ની ઉષાબહેન પણ કદમ મેળવી રહ્યાં છે. ઉષાબહેન પંચાયતના સભ્ય બન્યાં છે. વળી, વિનુભાઈને વિશ્વાસ છે કે સાચી, ઉપયોગી માહિતી આપીએ એટલે ગામલોકો સહકાર આપે જ છે.

*(આ લેખનાં લેખિકા ક્ષમા કટારીયા, મુક્ત પત્રકાર છે.)*

■ *દિવ્યેશ વ્યાસ*

# વીરજીભાઈ લીંબાતઃ ગાયક પણ, લાયક પણ અને નાયક પણ



***વીરજીભાઈ લીંબાત***
*ગામઃ ઇટાવડી*
*તાલુકોઃ વિજયનગર*
*જિલ્લોઃ સાબરકાંઠા*

એક નાનકડો દીવો જેમ અડાબીડ અંધકારને માત આપીને પોતાની શક્તિ મુજબ ઉજાસ ફેલાવી દે છે તેમ એક જાગૃત નાગરિક ગામની અનેક સમસ્યાઓને દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે. સાબરકાંઠાના વિજયનગર તાલુકાના ઈટાવડી ગામના વીરજીભાઈ સકરાજી લીંબાત પણ પોતાની જાગૃતિની જ્યોત થકી ગામલોકોની અનેક સમસ્યાના ઉકેલો શોધીને પોતાના ગામમાં નેતા તરીકે ઉભર્યા છે.

માત્ર બાર ધોરણ સુધી ભણેલા અને વ્યવસાયે ખેતી કરતા વીરજીભાઈ એક સામાન્ય પરિવારમાંથી આવે છે. સ્વભાવે સૌમ્ય અને સીધા-સાદા વીરજીભાઈ ગામની સમસ્યા કે વિકાસ અંગે સાદા અને સીધા સવાલો કરે છે ત્યારે આંગણવાડીના તેડાગરથી માંડીને તાલુકાના અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ જાય છે. વીરજીભાઈનો તો મંત્ર જ એ છે કે જાગૃત રહો અને સંબંધિતોને પ્રશ્નો પૂછ્યા કરો. વીરજીભાઈના પ્રશ્નો અને રજૂઆતોને પરિણામે ગામની આંગણવાડીનો વહીવટ જ નહિ, પરંતુ ગામમાં ચાલતી રાષ્ટ્રીય યોજનાઓનું અમલીકરણ પણ સુધર્યા છે. જેનો સીધો લાભ ગામ લોકોને મળ્યો છે.

વીરજીભાઈ લીંબાત ખરેખર તો સાબરકાંઠાના ભિલોડા સ્થિત ‘ઈશ્વર ખાદીગ્રામોદ્યોગ સંઘ’ના દિલીપભાઈ

ગોહિલની ખોજ ગણી શકાય. દિલીપભાઈએ જ વીરજીભાઈ નામના પ્રામાણિક અને સંનિષ્ઠ વ્યક્તિમાં એક સશક્ત અને સમજુ નેતાનાં લક્ષણો જોયાં અને તેમને વારંવાર સમજાવી-પ્રોત્સાહિત કરીને ગામના પ્રશ્નોમાં અને જાહેર પ્રવૃત્તિઓમાં રસ લેતા કર્યા. વળી, તેમને 'ઉન્નતિ'ના નેતૃત્વ વિકાસ કાર્યક્રમમાં સાંકળ્યા અને તાલીમ-પરિસંવાદો દ્વારા જાગૃત અને સજ્જ કર્યા. વીરજીભાઈ પોતે કબૂલે છે કે, "'ઉન્નતિ' દ્વારા મળેલી તાલીમ અને જાણકારીને કારણે મારામાં ગામની સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ વધી. ગ્રામ સ્તરે, તાલુકા સ્તરે કે જિલ્લા સ્તરે કઈ રીતે વહીવટ ચાલતા હોય, કોની પાસે જઈ રજૂઆત કરવી વગેરે બાબતોની જાણકારી મળી અને સાથે સાથે મારામાં કોઈ પણ મોટા અધિકારી સમક્ષ જઈને રજૂઆત કરવાનો આત્મવિશ્વાસ આવ્યો છે."

૨૦૦૩-૨૦૦૪ની સાલમાં તેમના ઈટાવડી ગામના ૭૦-૮૦ મજૂરોને એસજીઆરવાય (સ્વર્ણ જયંતી ગ્રામીણ રોજગાર યોજના) અંતર્ગત કામ મળેલું. ત્યારે ગામમાં સતત આઠ વર્ષ વરસાદ વિનાનાં ગયેલાં. યોજનામાં કામની માગણી થતાં રસ્તાનું કામ મળ્યું. યોજનામાં કામના બદલામાં અડધા પૈસા અને અડધું અનાજ મળે એવી જોગવાઈ હતી. પૈસા તો સ્થાનિક સ્તરે વારંવાર રજૂઆત કર્યા પછી મોડે મોડેથી પણ મળેલા, પરંતુ અનાજ અપાયું નહોતું. વીરજીભાઈએ ગામના પ્રતિનિધિઓને સાથે રાખીને ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતમાં અનેક વાર રજૂઆત કરી, પરંતુ કોઈ સાંભળતું નહોતું. એક વર્ષ સુધી અનાજ ન મળ્યું. અંતે બીજા વર્ષે વીરજીભાઈએ



*વીરજીભાઈ સામે કોઈ આક્ષેપો ટક્યા નહિ. આ ઘટના પછી વીરજીભાઈ બીજો એક પાઠ શીખ્યા કે કોઈ પણ સ્તરે રજૂઆત કરવી હોય કે પ્રશ્નો કરવા હોય ત્યારે એકલપંડે કશું ન કરવું, બે-ચાર વ્યક્તિને જોડે રાખીને જ કરવું, જેથી અસરકારકતા પણ વધે અને ખોટા આક્ષેપોથી બચી શકાય.*

ગ્રામ સમિતિના પાંચ સભ્ય અને મજૂરોને સાથે લઈને મામલતદાર સમક્ષ જઈને સમગ્ર પ્રશ્નની બેધડક રજૂઆત કરી. મામલતદારે એક અઠવાડિયામાં ત્રણ ટ્રેક્ટર અનાજ પહોંચતું કરેલું. આ પ્રસંગમાંથી વીરજીભાઈ શીખ્યા કે જાગૃતિ ન હોત તો આ અનાજ મળી શક્યું ન હોત.

વીરજીભાઈ મામલતદાર પાસે જઈને રજૂઆત કરવાનો પ્રસંગ યાદ કરીને કહે છે કે લોકો મોટા અધિકારી પાસે જઈને રજૂઆત કરતા ડરતા હતા. તેમને થતું કે મોટા સાહેબ વઢશે, ઘણાને તેમના પર પોલીસ કેસ થવાનો પણ ડર હતો. જોકે, મજૂરોને હકનું અનાજ મળ્યું એના કરતા લોકોમાં આત્મવિશ્વાસ વધ્યો એ મોટી બાબત હતી.

આ ઘટના પછી ગામમાં વીરજીભાઈનું માન વધ્યું, તેમણે લોકોનો વિશ્વાસ પણ જીત્યો, પરંતુ સાથે સાથે તેમના વિરોધીઓ પણ વધ્યા. જોકે, આ એક સફળતા પછી વીરજીભાઈની સક્રિયતા વધી ગઈ. તેમણે શાળા, આંગણવાડીમાં જઈને દેખરેખ રાખીને જરૂરી પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કર્યું. આંગણવાડીમાં નાસ્તાના જથ્થા અંગે તેમણે પ્રશ્નો ઉઠાવ્યા ત્યારે તેમના પર આંગણવાડીના કાર્યકર દ્વારા અણછાજતું વર્તન કરવાના આક્ષેપો થયા અને મામલો પોલીસ કેસ સુધી પહોંચેલો. પરંતુ સત્યની નાવ પર સવાર વીરજીભાઈ સામે કોઈ આક્ષેપો ટક્યા નહિ. આ ઘટના પછી વીરજીભાઈ બીજો એક પાઠ શીખ્યા કે કોઈ પણ સ્તરે રજૂઆત કરવી હોય કે પ્રશ્નો કરવા હોય ત્યારે એકલપંડે કશું ન કરવું, બે-ચાર વ્યક્તિને જોડે રાખીને જ કરવું, જેથી અસરકારકતા પણ વધે અને ખોટા આક્ષેપોથી બચી શકાય.

કેન્દ્ર દ્વારા શરૂ કરવામાં આવેલી 'રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના' અંતર્ગત ગામના ૮૦-૮૫ લોકોને કામ અપાવવાથી માંડીને તેમને નિયમિત વળતર મળતું રહે એ માટે વીરજીભાઈ સક્રિય છે. વીરજીભાઈ લોકોને સાથે રાખીને કામ કરવા અંગે જણાવે છે કે કોઈ નવો મુદ્દો આવે તેની હું મિત્રોને વાત કરું છું. તેમને સાથે લઈને ગામ સ્તરે ચર્ચા કરાવું છું અને ત્યાર પછી ગામના આગેવાનોને સાથે રાખીને ઉચ્ચ સ્તરે રજૂઆત કરીને સમસ્યાનો ઉકેલ આણીએ છીએ.

આ રીતે જ તેમણે ગામની સહકારી મંડળી થકી ગામમાં જ કેરોસીન મળે એવી સગવડ કરાવી છે, ગામની ડેરીમાં દૂધના યોગ્ય ભાવ અપાવ્યા છે, મધ્યાહ્‌ન ભોજનની વ્યવસ્થા સુધરાવી છે, ગામના શિક્ષણ અને આરોગ્યના પ્રશ્નો તાલુકા સ્તરે પહોંચાડ્યા છે.

વીરજીભાઈ પોતાની સંઘર્ષગાથા વર્ણવતા જણાવે છે કે, "પહેલાં તો હું જ્યારે આંગણવાડી, શાળા કે ગ્રામ પંચાયતમાં પ્રશ્નો ઉઠાવતો ત્યારે ઘણા મને કહેતા કે તમે શું મારા અધિકારી છો? તમને કોણે નીમી દીધા છે? તમને કોઈએ હોદ્દો આપી દીધો છે? એ તારે ક્યાં જોવાનું છે? મોટો સાહેબ થઈ ગયો છે? ગામના વગદાર લોકોને થતું કે હું આગળ પડતું કામ કરું છું. જોકે, હવે ઘણા લોકો સામેથી કહે છે કે તું સરપંચ બન."

વીરજીભાઈ પોતાની મહત્ત્વાકાંક્ષા અંગે જણાવે છે કે, "અત્યારના રાજકારણમાં પૈસાની બોલબાલા જોતાં કેટલો આગળ વધી શકીશ એ ખબર નથી, પરંતુ હું જે રીતે માત્ર મારા ગામના જ નહિ આજુબાજુનાં ગામોના પ્રશ્નો હલ કરું છું એ જોઈને લોકો મને ચૂંટશે અને મને લાગે છે કે તાલુકા પંચાયતના સભ્ય બનવાની કેપિસિટી હું ધરાવું છું."

વીરજીભાઈ લોકજાગૃતિનું મહત્ત્વ પામી ગયા છે, એટલે રાષ્ટ્રીય ઉત્સવો કે સામાજિક ઉત્સવોની, શાળા કે ગામમાં થતી ઉજવણીમાં તેઓ તેમણે પોતે બનાવેલા પંચાયત-જાગૃતિ અને સંગઠનને લગતાં ગીતો લલકારે છે. એટલું જ નહિ, તેઓ દારૂની વિનાશકતા સમજાવવા અને મહિલા પર થતા અત્યાચારો અટકાવવા માટે એકપાત્રિય અભિનય ભજવીને લોકોને જાગૃત કરવા પણ પ્રયાસરત છે.

આમ, વીરજીભાઈ ગાયક તો ખરા, સાથે સાથે ગામના વિકાસમાં રસ લેનાર લાયક નેતા પણ છે. વીરજીભાઈ ખરા અર્થમાં ગામના નાયક છે.

*(આ લેખના લેખક દિવ્યેશ વ્યાસ, 'દિવ્ય ભાસ્કર' દૈનિકના પત્રકાર છે.)*

# રેવાભાઈ મગનભાઈ ભાંભી: પરગજુ લોકસેવક



**રેવાભાઈ ભાંભી**
*ગામ: વરથુ*
*તાલુકો: મોડાસા*
*જિલ્લો: સાબરકાંઠા*

'કામમાં જશ મળે કે ના મળે પણ હંમેશાં નિઃસ્વાર્થ ભાવે કામ કરતા રહેવું.' આ વાક્ય છે સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના વરથુ ગામના ૪૮ વર્ષીય રેવાભાઈ ભાંભીનું. રેવાભાઈ આજે સામાજિક કાર્યકર્તા તરીકે જ નહીં, પણ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે પણ ૪૧ ગામના વિકાસનાં કાર્યો કરી રહ્યા છે.

માત્ર ૯ ધોરણ ભણેલા રેવાભાઈએ જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે, તેમ છતાં તે આત્મવિશ્વાસની દોર પકડી કાર્યોનો વ્યાપ વધારતા રહ્યા છે. રેવાભાઈની કારકિર્દીની શરૂઆત ગાયકવાડ નગરી વડોદરાથી થઈ હતી. ત્યાંની એક ખાનગી કંપનીમાં જોબ કરતા રેવાભાઈએ વર્ક્સ કમિટીમાં કામદાર કાર્યકર્તા તરીકે પણ ફરજ બજાવી છે, પણ પત્નીના મૃત્યુ પછી ત્રણ બાળકોની જવાબદારી તેમના માથે આવી. બાળકોના ઉછેર અને શિક્ષણ માટે રેવાભાઈએ કંપની છોડી પોતાના વતન તરફ પાછા ફરવું પડ્યું હતું. ગામમાં બાપ-દાદાની જમીન પર ખેતી શરૂ કરી. બીજા લગ્ન અને બીજી અનેક કૌટુંબિક પરેશાનીઓ વચ્ચે રેવાભાઈ ધીરે ધીરે ગામનાં વિકાસ કાર્યોમાં સક્રિય બન્યા. ગામમાં નવરાત્રી અને હોળી જેવા તહેવારો સૌને ભેગા કરી ઉજવવા લાગ્યા. રેવાભાઈની સક્રિયતા અને સમજ જોઈ ગામના લોકોએ તેમને 'ગ્રામ સેવા સહકારી મંડળી'માં નિયુક્ત કર્યા.

આથી રેવાભાઈએ સૌથી પહેલા ૧૯૫૭થી ભાડાના મકાનમાં ચાલતી સેવા મંડળીના પોતાના મકાન અને ગોડાઉન બનાવવાનું બીડું ઝડપ્યું. ગ્રામપંચાયતમાંથી જમીનની માગણી કરી. જરૂરી દસ્તાવેજો કરી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ત્યારબાદ નગર યોજના સુધી કાર્યવાહી કરી. આટલાં વર્ષોમાં કોઈ ના કરી શક્યું તેવું કામ રેવાભાઈએ કર્યું. નગર યોજનામાંથી જમીનની કિંમત નક્કી થઈ પણ રૂપિયા ભરવામાં થયેલા વિલંબને લીધે ૧૯૯૯માં શરૂ કરેલું કાર્ય ૨૦૦૨માં પૂરું કર્યું.

રેવાભાઈની મહેનત રંગ લાવી અને અંતે સેવા મંડળી માટે ગામમાં જમીનની ફાળવણી થઈ ગઈ. હજુ તો સેવામંડળીના પ્રશ્નનો ઉકેલ થઈ રહ્યો હતો તે અરસામાં ગામની દૂધ ઉત્પાદક મંડળી ૧ લાખ ૬૧ હજારની ખોટમાં ગઈ. તેના લીધે થોડા વિવાદો ચાલતા હતા. ગામમાં દૂધ કમિટી બનાવવામાં આવી. ત્યાં પણ લોકોનો રેવાભાઈ પ્રત્યેનો વિશ્વાસ જોવા મળ્યો. ગ્રામજનોએ રેવાભાઈની નિયુક્તિ દૂધ મંડળીમાં ચેરપર્સન તરીકે કરી. ચેરપર્સન તરીકેનું પદ સંભાળતા રેવાભાઈએ મંડળીને ખોટમાંથી બહાર કાઢવાનું મિશન હાથમાં લીધું. ડેરીમાં દૂધને તપાસવા માટે લેક્ટોમિટરની વ્યવસ્થા કરવામાં આવી, જેનાથી ભેળસેળવાળા દૂધની જાણકારી મળે. આ કામ થોડું કપરું હતું, પણ તેનાથી પાણીવાળું દૂધ ડેરીમાં લેવાનું બંધ થયું. રેવાભાઈ માટે તે સમય ઘણો કઠિન હતો. કેટલાક લોકો તેમની સામે ખોટા આક્ષેપો કરવા લાગ્યા, પણ કહેવાયું છે કે ‘સત્યની હંમેશા જીત થાય છે.’ ગામવાસીઓએ રેવાભાઈ પર વિશ્વાસ મૂક્યો અને ત્યારથી ડેરીમાં ભેળસેળવાળું દૂધ આવતું બંધ થઈ ગયું. ખોટ કરતી ડેરીને માત્ર એક જ વર્ષમાં રેવાભાઈએ ઉગારી લીધી અને ડેરીએ જે નફો કર્યો તેના રૂપિયા શિક્ષણ અને ધર્માદા ફંડમાં આપી દીધા.



*ગામવાસીઓએ રેવાભાઈ પર વિશ્વાસ મૂક્યો અને ત્યારથી ડેરીમાં ભેળસેળવાળું દૂધ આવતું બંધ થઈ ગયું. ખોટ કરતી ડેરીને માત્ર એક જ વર્ષમાં રેવાભાઈએ ઉગારી લીધી અને ડેરીએ જે નફો કર્યો તેના રૂપિયા શિક્ષણ અને ધર્માદા ફંડમાં આપી દીધા.*

રેવાભાઈમાં કામ કરવાનો ઉત્સાહ ઘણો હતો પણ અભાવ હતો નિર્ણયશક્તિ અને આત્મવિશ્વાસનો, પરંતુ તે ખોટ 'ઉન્નતિ'એ પૂરી કરી. તેમણે મંડળીના નફાની સંપૂર્ણ રકમ સરકારમાં જમા ન કરાવી અને મંડળીના જ પેટા નિયમોને આધારે ગ્રામજનો માટે ગામમાં જ લાઈબ્રેરી ઊભી કરી. તેમની આ ખુશીમાં બહોળો ઉમેરો ત્યારે થયો જ્યારે સહકારી મંડળીના મકાન માટે બૅંકમાંથી લોનની મંજૂરી મળી ગઈ અને તે જ લોનમાંથી ગોડાઉન પણ બની ગયું. રેવાભાઈનાં કાર્યોનો ડંકો આખા ગામમાં વાગવા લાગ્યો હતો. કોઈ પણ પ્રસંગ હોય રેવાભાઈની હાજરી એક કુટુંબના સભ્ય તરીકે રહેતી.

રેવાભાઈના મનમાં સરપંચ બનવાની મહેચ્છા જાગી. દરમિયાન તેમને 'ઉન્નતિ'માં નાગરીક નેતૃત્વની તાલીમ અર્થે જવાનું થયું. ત્યાં તેમની મુલાકાત મોડાસા તાલુકાના ટિંટોઈ વિસ્તારના લગભગ ૧૨ ગામોના ૨૪ સભ્યો સાથે થઈ. સભ્યોને તાલીમ દરમિયાન રેવાભાઈની કાર્યક્ષમતાનો પરિચય થયો. તેનો લાભ રેવાભાઈને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં થયો. સાબરકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં તેઓ ઊભા રહ્યા. 'ઉન્નતિ'ની તાલીમમાં મળેલા સભ્યોએ રેવાભાઈને તે જગ્યા માટે યોગ્ય સમજી તેમની નિમણૂક કરી. રેવાભાઈના મનમાં સરપંચ બનવાનો વિચાર હતો પણ તેમની કાર્યસૂઝ અને રજૂઆતની કળાએ તેમને જિલ્લા પંચાયતના સભ્ય બનાવી દીધા. હવે માત્ર વરથુ ગામના વિકાસનો જ નહીં, પણ જિલ્લાનાં ૪૧ ગામોના વિકાસની જવાબદારી રેવાભાઈના હાથમાં આવી છે.

જિલ્લા પંચાયતના સભ્ય બન્યા બાદ રેવાભાઈએ સૌથી પહેલું કાર્ય મોડાસા તાલુકાના ટિંટોઈ વિસ્તારનાં ગામોના વિકાસ માટે જિલ્લા પંચાયતમાંથી ૮ લાખ રૂપિયા મંજૂર કરાવવાનું કર્યું. તે નાણાંમાંથી દેવીપૂજકો માટે સ્મશાનગૃહો, પીવાનાં પાણીના મોટર વર્ક્સ, જુદાં જુદાં ગામોમાં સી. સી. રોડ બનાવ્યા. ત્યાર બાદ તેમણે વિવેકાધિન યોજનાના ૬ લાખ રૂપિયાના વિકાસનાં કાર્યો પણ કર્યાં. હાલ રેવાભાઈ પૂરી નિષ્ઠાથી વિકાસનાં કાર્યો કરી રહ્યા છે અને તેમની પ્રગતિનો ગ્રાફ દિવસેને દિવસે વધતો જાય છે.

*(આ લેખનાં લેખિકા સપના વ્યાસ, 'દિવ્ય ભાસ્કર' દૈનિક્નાં પત્રકાર છે.)*

■ *દિવ્યેશ વ્યાસ*

# દિનેશભાઈ એમ. પરમારઃ ફરતા રહેવું, વિકાસ કાર્યો કરતા રહેવું



***દિનેશભાઈ પરમાર***
*ગામઃ મોટી વાડોલ*
*તાલુકો: ઇડર*
*જિલ્લોઃ સાબરકાંઠા*

સાબરકાંઠાના ઈડર તાલુકાના મોટી વાડોલ ગામના દિનેશભાઈ એમ. પરમાર વ્યવસાયે બચત અને વીમાનું કામ કરે છે. વ્યવસાયના ભાગરૂપે તેમને પોતાના ગામ સહિત આજુબાજુનાં ગામોમાં સતત ફરતા રહેવું પડે છે. વ્યવસાય માટે ફરનાર આ માણસ, સાથેસાથે વિકાસ કાર્યો પણ કરતો રહે છે. એસ.વાય.બી.એ. સુધી ભણેલા ૩૭ વર્ષના યુવાન દિનેશભાઈ લોકમાનસને બહુ સારી રીતે ઓળખે છે અને એટલે જ પોતાનું ધાર્યું વિકાસ કાર્ય કરાવવા લોકોનો સાથ-સહકાર પ્રાપ્ત કરી શકે છે.

દલિત પરિવારમાંથી આવતા દિનેશભાઈ પછાત રહી ગયેલા લોકો માટે કશુંક કરી છૂટવાની ભાવના ધરાવે છે. દિનેશભાઈ છેલ્લાં પાંચ વર્ષથી 'ઉન્નતિ' સંસ્થા સાથે જોડાયા છે. 'ઉન્નતિ'ના સ્થાનિક અને નેતૃત્વ વિકાસ કાર્યક્રમ અંતર્ગત તેમણે પોતાના ગામમાં 'પંચાયત વિકાસ સમિતિ' ઊભી કરી છે. હાલમાં તેઓ ગામની 'પંચાયત વિકાસ સમિતિ'ના પ્રમુખ તરીકેની ફરજ બજાવે છે. અનેક ગામો સાથેના સંપર્કને કારણે તેમનું સંકલન કાર્ય મજબૂત છે. કદાચ એને કારણે જ તેઓ તાલુકા સ્તરની ક્ષેત્રીય વિકાસ સમિતિના ઉપપ્રમુખ બની શક્યા છે.



શિક્ષિત અને જાગૃત નાગરિક તરીકે તેઓ ગ્રામજનોની કોઈ પણ મુશ્કેલીના ઉપાય માટે મદદરૂપ બને છે. તેમણે પોતાના ગામમાં બીપીએલ કાર્ડ માટે હકદાર લોકોનો સર્વે હાથ ધરીને ૩૩ જેટલા કાર્ડવિહોણા પરિવારોને કાર્ડ મેળવવામાં મદદ કરી હતી. ગામમાં અમલી બનેલી અંત્યોદય યોજનામાં ખરેખર જે સાવ વંચિત હતા, જેને જરૂર હતી, એવા લોકોને લાભ અપાવવામાં ભૂમિકા ભજવી હતી. ગામમાં પાણીનો પ્રશ્ન હોય કે ગટરનો, શિક્ષણનો પ્રશ્ન હોય કે આરોગ્યનો, તેમણે લોકોની રજૂઆત સંબંધિત તંત્ર સુધી અસરકારક રીતે પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ગામના ઘરવિહોણા દલિત અને પછાત પરિવારોને સરદાર આવાસ યોજના અંતર્ગત ઘર ઊભા કરવા માટે ગૌચરની જમીન નીમ કરવાનો ઠરાવ પંચાયત દ્વારા કરાવવામાં તેમણે ખૂબ રસ લીધો હતો. ગામમાં કૉમ્યુનિટી હૉલ અને આંગણવાડીના નિર્માણમાં પણ તેમની ભૂમિકા હતી.

*તેમણે પોતાના ગામમાં બીપીએલ કાર્ડ માટે હકદાર લોકોનો સર્વે હાથ ધરીને ૩૩ જેટલા કાર્ડવિહોણા પરિવારોને કાર્ડ મેળવવામાં મદદ કરી હતી. ગામમાં અમલી બનેલી અંત્યોદય યોજનામાં ખરેખર જે સાવ વંચિત હતા, જેને જરૂર હતી, એવા લોકોને લાભ અપાવવામાં ભૂમિકા ભજવી હતી.*

ગામમાં આવતી સરકારી કે બિન સરકારી યોજનામાં ગામ લોકો તેમને ભારપૂર્વક સભ્ય બનાવે છે. ગામમાં અમલી બનેલી સ્વજલધારા યોજનામાં ગ્રામ સમિતિમાં તેમને સભ્ય બનાવવામાં આવેલા. આ યોજનામાં કુલ ખર્ચના દસ ટકા ગામમાંથી લોકફાળો તરીકે ઉઘરાવવાના હતા. દિનેશભાઈ અને તેમના સાથીમિત્રોએ લોકફાળો ઉઘરાવવામાં

સક્રિય ભૂમિકા ભજવી હતી. આમ, એક સારા અને સક્ષમ વ્યક્તિ તરીકે ગામ લોકો સામેથી તેમને જવાબદારી સોંપે છે અને તેઓ તેને સારી રીતે નિભાવે પણ છે.

'પંચાયત વિકાસ સમિતિ'ના પ્રમુખ તરીકે તેમણે ગામના ફળિયા-દીઠ એક એમ ૨૧ સભ્યોને સમાવીને 'પંચાયત વિકાસ સમિતિ'ને ગ્રામજનોની સાચા અર્થમાં પ્રતિનિધિ સંસ્થા તરીકે સ્થાપિત કરી છે. ગામની વસતિ અને વર્ચસ્વને ધ્યાનમાં રાખીને તેમણે તમામ જાતિના લોકોને સભ્ય બનાવ્યા છે. આ સમિતિ ગ્રામ પંચાયતનાં કાર્યોમાં સક્રિય રસ લે છે. દિનેશભાઈ જણાવે છે કે કેટલાંક કામ જે ગ્રામ પંચાયતથી થતાં નથી તેમાં અમે સાથ આપીને ગ્રામ વિકાસનાં કાર્યોને આગળ વધારીએ છીએ. 'પંચાયત વિકાસ સમિતિ'ના ૨૧ સભ્યોમાંથી ૭-૭ની ત્રણ ટૂકડી બનાવવામાં આવી છે અને દરેક ટૂકડીને ગ્રામ વિકાસનું અલગ અલગ ક્ષેત્ર સોંપવામાં આવ્યું છે. શિક્ષણ અને આરોગ્ય પર ખાસ ભાર મૂકવામાં આવે છે. સભ્યો શાળા, આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડીની વારંવાર મુલાકાત લે છે અને તેને લીધે ઘણો બધો ફરક પડ્યો છે.

દિનેશભાઈ જણાવે છે કે ગામ સમૃદ્ધ અને સંપીલું હોવાથી વિકાસ કાર્યોમાં આમ તો ખાસ કોઈ અડચણ કે વિરોધનો સામનો કરવો પડતો નથી. દિનેશભાઈએ પોતાનો યાદગાર અનુભવ વાગોળતા જણાવ્યું હતું કે પંચાયતે એક વાર પોતાની મનમાની કરીને દલિત ફળિયાની સ્ટ્રીટલાઈટ હટાવી દીધી. રજૂઆત કરતાં દરબાર ઉપ સરપંચે કહ્યું કે તમારે ક્યાં લાઈટની જરૂર છે. મેં ગમ ખાઈ લીધો, પણ પછી બીજો મુદ્દો ઉપાડ્યો.

"ગામની ગટરમાં વપરાયેલાં નાણાંનો હિસાબ, માહિતી અધિકાર અંતર્ગત માગ્યો. પંચાયતનું તેમાં કૌભાંડ હતું. આખી પંચાયતે મારા ઘરે આવીને આ મુદ્દો છોડી દેવા વિનંતી કરી, મેં ગામના દલિત-વંચિત વર્ગને કદી અન્યાય નહિ કરવાની શરત મૂકી અને દરેકને સમાન ન્યાયની માગણી કરી. પંચાયતે તાબડતોબ દલિત ફળિયાની સ્ટ્રીટ લાઈટ ચાલુ કરાવી દીધી."

આમ, દિનેશભાઈ દલિત-પછાત સમુદાયના અધિકાર માટે હંમેશાં ખડેપગે હોય છે. વ્યવસાય અર્થે ફરતા રહેતા દિનેશભાઈ આજીવિકા રળવાની સાથેસાથે વંચિતો સહિત સમગ્ર ગ્રામજનોના વિકાસ માટે કાર્યો કરતા રહે છે.

*(આ લેખના લેખક દિવ્યેશ વ્યાસ, 'દિવ્ય ભાસ્કર' દૈનિકના પત્રકાર છે.)*

■ મમતા સોલંકી

# ગામ અને સમાજના વિકાસ માટે લડતા રહેવું એ જ જેસિંગભાઈનો જીવન સંદેશ છે



**જેસિંગભાઈ ઝાલા**
*ગામ: કાણીયેલ*
*તાલુકો: દસક્રોઈ*
*જિલ્લો: અમદાવાદ*

સામાજિક કામ કરવાનો કોઈ પણ જાતનો અનુભવ ન હોય અને માત્ર બે વર્ષની કામગીરીમાં જ પોતાના ગામ માટે કોઈ વ્યક્તિ મોટાં વિકાસ-કામો કરી બતાવે એ તો ચમત્કાર જ કહેવાય? ખરું ને?

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના કાણીયેલ ગામના વતની જેસિંગભાઈ ઝાલાએ કંઈક આવું જ કરી બતાવ્યું છે. ૪૦ વર્ષની ઉંમરના ખૂબ જ સીધા અને સરળ સ્વભાવના, દૂબળી કાયા ધરાવતા જેસિંગભાઈને જુઓ તો માન્યામાં ન આવે કે આ વ્યક્તિ પંચાયતમાં જઈ સરપંચ સામે પ્રશ્નો કરી શકે. પરંતુ, ૨૦૦૭માં 'ઉન્નતિ' સંસ્થાના સંપર્કમાં આવ્યા પછી જાહેર જીવનનો ક્યારેય અનુભવ ન હોવા છતાં એક કુશળ સામાજિક કાર્યકરની જેમ તેમણે પોતાના ગામ માટે અસરકારક આગેવાની કરી બતાવી

પત્ની, બે દીકરી અને દીકરાના પરિવાર સહિત સાત સભ્યોના પરિવારનું ગુજરાન ચલાવતા જેસિંગભાઈનો મૂળ વ્યવસાય ખેતી, એટલે સિઝન પ્રમાણે તેઓ ડાંગર અને ઘઉંની ખેતી કરે. પંચાયત કે બીજાં વહીવટી કામો માટે પણ અન્યની મદદ લઈને પોતાનાં કામ પતાવતાં આ સીધાસાદા ગૃહસ્થ બે વર્ષ પહેલાં 'ઉન્નતિ' સંસ્થાના એક કાર્યકર

ખોડીદાસભાઈના સંપર્કમાં આવ્યા. ખોડીદાસભાઈએ ગામમાં એક 'પંચાયત વિકાસ સમિતિ' ઉભી કરવાની છે તે મતલબની રજૂઆત કરી. જેસિંગભાઈને ખોડીદાસભાઈના આ પ્રસ્તાવમાં રસ પડ્યો અને તેમણે પોતે પોતાના જ જેવા ૧૧ ગ્રામજનોને તૈયાર કર્યા.

પોતાના ગામનાં વિકાસકામોની પ્રક્રિયા જાણવાની તથા પોતાનું ગામ વધુ ઝડપથી વિકાસ પામે તેની તાલાવેલીએ જેસિંગભાઈને 'ઉન્નતિ'નો સાથ લેવા પ્રેર્યા હતા. જેને પોતાને કંઈક કરી છૂટવાની તમન્ના હોય તેને ખુદ કુદરત પણ મદદ કરતી હોય છે. જેસિંગભાઈ સાથે પણ આમ જ બન્યું.

ત્રણ હજારની વસ્તી ધરાવતા કાણીયેલમાં સંસ્થાના માર્ગદર્શનથી બનેલી 'પંચાયત વિકાસ સમિતિ'માં જેસિંગભાઈ ઉપ-નેતા બન્યા. સંસ્થા સાથે જોડાયા પછી સૌથી પહેલો પાઠ માહિતી અધિકારીનો શીખ્યા. પોતાના ગામનો 'વિકાસ' કેવી રીતે થાય છે? આ વિકાસ કામોની પ્રક્રિયા શું છે? સરકારના કાયદા અને ગામનાં વિકાસ કામોની ગ્રાન્ટ ક્યાંથી આવે છે? ક્યાં જાય છે? જેવા બધા જ પ્રશ્નોનો ઉકેલ માહિતી અધિકારના કાયદા હેઠળ મળે છે તે પ્રથમવાર જેસિંગભાઈએ જાણ્યું. તે પછી સંસ્થાની તાલીમ દરમિયાન એક પછી એક વહીવટી પ્રક્રિયાઓ વિશે તેઓ જાણતા થયા. પોતાના આ નવા અનુભવને વાગોળતા જેસિંગભાઈ કહે છે, "પહેલાં તો પંચાયતનાં પગથિયાં ચઢતાં પણ ડર લાગતો હતો, પરંતુ સંસ્થાના સંપર્કમાં આવ્યા પછી પંચાયત તો શું, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને બીજી સરકારી કચેરીઓમાં પણ હવે ડર



*જેસિંગભાઈએ પંચાયત અને પ્રજાની મિલકતો ખાનગી રીતે વેચાઈ જતી હતી તેને અટકાવવાનું અભિયાન શરૂ કર્યું. આ કામમાં તેમને સરપંચ અને ઉપસરપંચ સહિતના કેટલાક આગેવાનો તરફથી ધાકધમકીઓ મળી, પરંતુ જેસિંગભાઈની વિકાસ સમિતિએ ડર્યા વગર આ બાબતે માહિતી અધિકાર હેઠળ અરજીઓ કરી.*

વગર જઈ શકું છું અને મારે જે માહિતી જોઈતી હોય એ વિના સંકોચે માગું છું. હવે કોઈ ઑફિસમાં જતાં ડર નથી લાગતો."

સરકારી કચેરીઓ વહીવટી કામો કેવી રીતે કરે છે તેની સમજણ અને જ્ઞાન આવતા જેસિંગભાઈએ હવે ગામનાં વિકાસકામોમાં રસ લેવા માંડ્યો. તેમની 'પંચાયત વિકાસ સમિતિ'એ ગામના પ્રશ્નો હલ કરવાનું બીડું ઝડપ્યું. તેમની સામે પહેલો પ્રશ્ન હતો પીવાનાં પાણીનો, તેમણે પંચાયતમાં જઈને તે અંગે લેખિત અરજી કરીને રજૂઆતો કરી. બસ, પછી તો પીવાનાં પાણીની તકલીફ દૂર થઈ અને ગામમાં સમયસર પીવાનું પાણી મળતું થયું. ગામમાં ગંદકી અને ઉકરડાનું સામ્રાજ્ય ફેલાયું હતું. તેને દૂર કરવાના જેસિંગભાઈ અને તેમની વિકાસ સમિતિના સભ્યોના પ્રયાસો સફળ થયા.

ગામનાં બાળકો માટે તેમણે એક મોટું કામ કર્યું. ગામની એક જ સ્કૂલ અને તેમાંય શિક્ષકો અનિયમિત આવે. શિક્ષકો પોતાને મનફાવે ત્યારે સ્કૂલમાં હાજરી પુરાવતાં. મોટા ભાગે એવું બનતું હોય છે કે શાળામાં વિદ્યાર્થીઓ અનિયમિત હોય છે, પરંતુ અહીં તો બાળકોને જ્ઞાન આપનારા ગુરુજીઓ જ અનિયમિત હતા.

જેસિંગભાઈ અને તેમની સમિતિએ આ વાતને ગંભીરતાથી લીધી. આગેવાની લઈ, ફરિયાદો ઉચ્ચ સ્તરે પહોંચાડી તેથી તો સ્કૂલના બધા જ 'ગુરુજીઓ' નિયમિત આવતા થયા. જેસિંગભાઈ અને તેમની ટીમ કાયમી ધોરણે ગામના દરેક મહત્ત્વના અને નાના કામમાં રસ લેવા માંડી. ૨૦૦૮માં ૨૧૪ કુટુંબોનું તેમણે સર્વે કર્યું. રૅશનકાર્ડ માટે કરવામાં આવેલા આ સર્વેમાં ઘણાં કુટુંબોની પાસે રેશનકાર્ડ નહોતાં એવું જાણવા મળ્યું. ઘણા કાર્ડમાં નામ કમી કરવાનાં અને નામ ઉમેરવાનાં બાકી હતાં. 'ઉન્નતિ' સંસ્થાનાં એક મહિલા કાર્યકર શિલ્પાબહેનની મદદથી આ સમસ્યાનો ઉકેલ લાવવાનું શરૂ કર્યું. પરંતુ, આ મુદ્દે જેસિંગભાઈને સરપંચના રોષનો ભોગ બનવું પડ્યું. તેમની આ કામગીરી સરપંચને જરાય પસંદ ન પડી તેથી સરપંચ તેમની સાથે સંઘર્ષમાં ઉતર્યા. જો જેસિંગભાઈ અને તેમની ટીમ મધ્યસ્થી બને તો તેમને મળતું કમિશન બંધ થાય અને તેમના દ્વારા બનાવવામાં આવતા ભુતિયા

રૅશનકાર્ડ પકડાઈ જાય. જેસિંગભાઈની આ કામગીરીને અટકાવવા માટે સરપંચ ધારાસભ્ય સુધી પહોંચ્યા. એનાથી પણ વાત ન વળી તો સરપંચે જેસિંગભાઈ સાથે આવતા કાર્યકર અને બીજા કાર્યકરો પર ખોટા આક્ષેપો લગાવ્યા.

આ કામગીરી પછી જેસિંગભાઈએ પંચાયત અને પ્રજાની મિલકતો ખાનગી રીતે વેચાઈ જતી હતી તેને અટકાવવાનું અભિયાન શરૂ કર્યું. આ કામમાં તેમને સરપંચ અને ઉપસરપંચ સહિતના કેટલાક આગેવાનો તરફથી ધાકધમકીઓ મળી, પરંતુ જેસિંગભાઈની વિકાસ સમિતિએ ડર્યા વગર આ બાબતે માહિતી અધિકાર હેઠળ અરજીઓ કરી. તેમણે ખાનગી રીતે વેચાઈ જતી જાહેર મિલકતો અંગે સવાલો ઊભા કર્યા. આ કામગીરીથી સત્તાધીશો ગભરાયા અને તાત્કાલિક ધોરણે તેમણે જાહેર મિલકતોનું જાહેર હરાજીથી વેચાણ ચાલુ કર્યું.

જોકે, આવી સમસ્યાઓ વચ્ચે જેસિંગભાઈએ કામ કરતાં સારી પેઠે શીખી લીધું છે. જેસિંગભાઈ પોતાની અસાધારણ ફિલસૂફી રજૂ કરતાં કહે છે, "ખોટું ક્યારેય ન કરીએ અને ખોટું થતું હોય તો ક્યારેય સહન ન કરીએ. આપણી સાથે આપણા ગામનું ખોટું થતું અટકે તેના માટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. દરેક ગામવાસી અને દરેક નાગરિકે જાગૃત રહેવું જોઈએ." જેસિંગભાઈ, વ્યસનો અને લગ્નોમાં થતા ખોટા ખર્ચાનો પણ વિરોધ કરે છે.

સામાન્ય માણસની પહોંચ સત્તા સુધી નથી પહોંચતી એ વાતને જેસિંગભાઈ જેવા આગેવાનો ખોટી સાબિત કરે છે. ગામ અને સમાજના વિકાસ માટે લડતા રહેવું એ જ જેસિંગભાઈનું સપનું અને જીવનસંદેશ છે.

*(આ લેખનાં લેખિકા મમતા સોલંકી, મુક્ત પત્રકાર છે.)*

# શનાજી ડાભીઃ માહિતી મગાવો, સમસ્યા ભગાવો



**શનાજી ડાભી**
*ગામઃ કાણીયેલ*
*તાલુકો: દસક્રોઈ*
*જિલ્લોઃ અમદાવાદ*

અમદાવાદના દસક્રોઈ તાલુકાના કાણીયેલ ગામમાં માહિતી અધિકારના શસ્ત્રે શાળા, વાજબીભાવની દુકાન જ નહિ, ગ્રામ પંચાયતના વહીવટને પણ નિયમિત કરી દીધો છે. માહિતી અધિકારના શસ્ત્રને ઉગામવામાં અગ્રણી ભૂમિકા ભજવનારાઓમાં એક નામ છે- શનાજી ભાવાજી ડાભી. ૩૩ વર્ષના શનાજી માંડ બાર ધોરણ સુધી ભણેલા છે, પરંતુ ગામની શાળા બાબતે ઘણા જાગૃત છે. તેમના ગામની શાળા અન્ય ગામડાંઓની શાળા કરતાં જરાય અસામાન્ય નહોતી. ત્યાં પણ શિક્ષકો નિયમિત નહોતા આવતા, ત્યાં પણ રિસેસની લંબાઈ શિક્ષકોની આરામપ્રિયતા પર આધાર રાખતી, ત્યાં પણ બાળકોને પીવા માટે પાણીની સુવિધા નહોતી અને ત્યાં પણ શાળાના આચાર્ય કે શિક્ષકો એકલ-દોકલ ગ્રામજનને ગાંઠતા નહોતા.

અલબત્ત, ત્યાં અસામાન્ય એ બન્યું કે શનાજી ડાભી જેવા જાગૃત યુવાનોએ આચાર્યને રજૂઆતો કરી. એકલ-દોકલની વાત કાને નહિ ધરતા આચાર્યને ચાર-પાંચ જણાએ સાથે જઈને રજૂઆત કરી, પરંતુ આચાર્યસાહેબે વાત ગણકારી નહિ અને ઊલટા શાળામાં દખલ દેવા બદલ નારાજગી વ્યક્ત કરી. આખરે શનાભાઈ અને સાથીઓએ માહિતી અધિકારના કાયદા અંતર્ગત ટીડીઓ પાસે શાળાનો સમય, રિસેસનો સમય,




શિક્ષકોના આવવા-જવાનો સમય વગેરે અંગે માહિતી માગી. ટીડીઓ લોકોના પ્રશ્નો પરથી સમસ્યા પારખી ગયા, તેમણે આચાર્યને જાતે મળીને લેખિતમાં ખુલાસો કરવા બોલાવ્યા. ત્યાર પછી શાળામાં આચાર્ય અને શિક્ષકો નિયમિત થઈ ગયા છે અને વ્યવસ્થિત શિક્ષણ કાર્ય ચાલવા માંડ્યું છે. આ ઘટના પછી આચાર્યના બદલાયેલા વલણ અંગે શનાજી જણાવે છે કે "આચાર્યને ખબર પડી કે, આ જેવા તેવા નથી. મૂળિયા ઉખાડી નાખે એવા છે. તેથી આચાર્ય હવે રસ્તામાં મળી જાય તો સામેથી માનપૂર્વક બોલાવે છે." શનાજી અને તેમના સાથીદારોએ શાળામાં બાળકો માટે પીવાનાં પાણીની સગવડ પણ ઊભી કરાવી છે.

શાળાની જેમ ગામમાં વાજબી ભાવની દુકાન પણ ખૂબ જ અનિયમિત હતી. બે-ત્રણ દિવસ ખુલ્લી રહે, આવે તે લઈ જાય. પછી સ્ટોક નથી એવાં કારણો બતાવીને પૂરેપૂરું વિતરણ થતું નહોતું. આ અંગે પણ તાલુકા સ્તરે માહિતી માગી. તાલુકા સ્તરે ખુલાસો કરવો પડ્યો એટલે સામગ્રીનું પૂરેપૂરું વિતરણ ન થાય ત્યાં સુધી એ વાજબી ભાવની દુકાન ખુલ્લી રાખવામાં આવે છે. હવે દરેકને પોતાના હકની સામગ્રી વાજબી ભાવે મળતી થઈ છે.

આ રીતે રજૂઆત કરીને ગામના તલાટીને પણ નિયમિત કર્યા છે. આ બધી રજૂઆતને કારણે શનાજી સહિત તમામ મિત્રોને સંબંધિત લોકોના રોષનો ભોગ બનવું પડે છે. ગામના કહેવાતા વડીલો આ

***શનાજી અને તેમના સાથીદારોની ગ્રામ પંચાયતમાં સંયુક્ત રજૂઆતને કારણે આખા ગામની નિયમિત સાફસફાઈ થવા માંડી છે. ગામના રસ્તાઓનું સમારકામ થયું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ યુવાનેતાઓની સક્રિયતાને લીધે ગામમાં એવું વાતાવરણ ઊભું થયું છે કે ગામમાં હવે જેમ તેમ કશું નહીં ચાલે.***

યુવાનેતાઓને આડકતરી રીતે 'બહુ બક બક નહિ કરવાની' સલાહ આપતા હોય છે. શનાજીની સક્રિયતા ઓછી કરવા માટે તેમના ભાઈની પત્ની જે આંગણવાડીમાં કામ કરે છે, તેને રદ કરી નાખવાની ધમકી પણ આપવામાં આવેલી, પરંતુ શનાજી ટસના મસ થયા નહોતા.

શનાજી અને તેમના સાથીદારોની ગ્રામ પંચાયતમાં સંયુક્ત રજૂઆતને કારણે આખા ગામની નિયમિત સાફસફાઈ થવા માંડી છે. ગામના રસ્તાઓનું સમારકામ થયું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ યુવાનેતાઓની સક્રિયતાને લીધે ગામમાં એવું વાતાવરણ ઊભું થયું છે કે ગામમાં હવે જેમ તેમ કશું નહીં ચાલે. સ્થાપિત હિત ધરાવતા લોકો સિવાયના ગ્રામજનો તેમની પ્રવૃત્તિથી ખુશ છે. ગામની શાળામાં બાળકો માટે પીવાનાં પાણીની સુવિધા ઊભી થઈ. એનાથી આખું ગામ ખૂબ ખુશ થયેલું. આજે સરપંચ પણ એમની વાત ગંભીરતાથી સાંભળતા થયા છે.

શનાજી પોતાની કેફિયતમાં જણાવે છે કે વર્ષ ૨૦૦૭થી અમે 'ઉન્નતિ' સંસ્થા સાથે જોડાયા છીએ. સંસ્થાની મિટિંગો અને તાલીમોમાં ભાગ લેતા થયા છીએ. હવે ખબર પડી કે અમે તો આજ સુધી છતી આંખે દૃષ્ટિહીન જેવા હતા. આજે ગામમાં બદેસિંહ સોમાજી, જેસંગભાઈ સહિત ૧૧ મિત્રો 'ઉન્નતિ' સાથે સંકળાયેલા છીએ. અમે મહિને પૂનમના દિવસે મળીએ છીએ અને ગામના પ્રશ્નોની ચર્ચા કરીને તેના ઉકેલો વિચારીએ છીએ. એક સામાન્ય નાગરિક તરીકે પણ અમારી કેટલી સત્તા છે તેનો અમને ખ્યાલ નહોતો, પણ હવે આવી ગયો છે. ગમે તેવા મોટા અધિકારી સમક્ષ પણ રજૂઆત કરવામાં ડર લાગતો નથી.

શનાજી પોતાની મહત્ત્વાકાંક્ષા અંગે જણાવે છે કે રાજકારણમાં બહુ રસ નથી, મને તો મારા ગામના વિકાસમાં જ રસ છે.

*(આ લેખના લેખક દિવ્યેશ વ્યાસ, 'દિવ્ય ભાસ્કર' દૈનિકના પત્રકાર છે.)*

# કટકીના સામ્રાજ્યમાંથી ગ્રામજનોને મુક્ત કરાવતા દેવાભાઈ



***દેવાભાઈ ગમાર***
*ગામઃ અંબાસર*
*તાલુકોઃ ખેડબ્રહ્મા*
*જિલ્લોઃ સાબરકાંઠા*

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનું અંબાસર ગામ આમ તો છેવાડાનું ગામ છે. માત્ર ૭૫૦ની વસ્તી ધરાવતા આ ગામમાં કોઈ વિશેષ સુવિધાઓ નથી. ભણતરનું પ્રમાણ પણ નગણ્ય છે છતાં ગામ લોકો આજે પોતાને મળતા અધિકારો પ્રત્યે જાગૃત બન્યા છે. વાત રોજગાર બાંયધરી યોજનાની હોય કે સામાજિક ઑડિટની. પંચાયત કચેરીમાં જઈને હકની વાત કરવાનું ગામલોકો શીખી ગયા છે. આ બધું પહેલા નહોતું. વર્ષ ૨૦૦૭માં ગામના યુવાનોમાં જોમ આવ્યું અને આ જોમ માટે નિમિત બન્યા દેવાભાઈ ગમાર. માત્ર ધોરણ ૧૦ સુધી ભણેલા દેવાભાઈ આમ તો એક સામાન્ય ખેડૂત છે. ભણતર ભલે ઓછું રહ્યું, પરંતુ ગણતરીમાં તેઓ પાવરધા છે.

ગામડા-ગામમાં આજે સરપંચ, તલાટી-મંત્રી અને તેના મળતિયા સિવાય સામાન્ય ગ્રામજનો સરકારની યોજનાથી વધારે વાકેફ નથી હોતા. યોજનાઓ વિશે લોકોને જાણકારી ન હોવી જોઈએ એવું અનેક સરપંચ અને તલાટી-મંત્રી ઉચ્છતા હોય છે. કારણ, લોકો આ બધું જાણવા માંડે તો તેઓને કટકી કરવામાં ફાવટ ન રહે. બસ, આ ખાઉધરા સરપંચ અને તલાટી-મંત્રીની કટકી બંધ કરવાનું કામ દેવાભાઈએ કર્યું છે. દેવાભાઈ એવું તો શું કરે છે કે સરપંચ અને



મંત્રી સહિતના બધા સીધા દોર થઈ ગયા? અંબાસર ગામમાં દેવાભાઈ દરેક ગ્રામજનને તેમના હકો અને ફરજો વિશે સમજાવે છે. કેટલી અને કઈ કઈ યોજના સરકારે અમલમાં મુકી છે અને આ યોજનાનો લાભ કેવી રીતે લેવો એની જાણકારી પણ તેઓ આપે છે.

*અંબાસરની પાણીની સમસ્યાનું સમાધાન તો માત્ર શરૂઆત હતી. લોકોનું હકારાત્મક વલણ જોઈ દેવાભાઈએ ગામમાં એક સમિતિની રચના કરી. આ સમિતિ ગામની સમસ્યાના નિરાકરણનું કામ કરે છે. કોઈ પ્રશ્ન હોય તો લોકો દેવાભાઈ અને તેમની સમિતિ પાસે વાત નાંખે અને આ સમિતિ પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરે છે.*

સાંભળવામાં સામાન્ય લાગતી આ વાત દેવાભાઈ માટે સહેલી તો નહોતી. દેવાભાઈ કહે છે, "જ્યારે મેં ગામલોકોના હકની વાત કરી ત્યારે કેટલાક સ્થાપિતહીત ધરાવતા લોકોએ મારી સામે મોર્ચો માંડ્યો. તેઓ કહેતા તારું  કામ કર્યે જા ને... વચ્ચે પડવાનું બંધ કરી દે. પણ, મારે તો લોકો માટે કાંઈક કરવું હતું. સત્યની જીત થાય છે તે ન્યાયે ગામના લોકો મારા તરફી હતા એટલે હું મારું કામ કરી શક્યો." ગામની સૌથી મોટી તકલીફ હતી પાણી. પાણીનો બોર બંધ હતો. દેવાભાઈએ ગામ લોકોને સાથે લીધા. ગામ પંચાયતે યોગ્ય નોંધ ન લેતા ગાંધીનગર સુધી અરજી કરી. અંતે ગામની પાણીની સમસ્યાનું સમાધાન થઈ ગયું. અંબાસરની પાણીની સમસ્યાનું સમાધાન તો માત્ર શરૂઆત હતી. લોકોનું હકારાત્મક વલણ જોઈ દેવાભાઈએ ગામમાં એક સમિતિની રચના કરી. આ સમિતિ ગામની સમસ્યાના નિરાકરણનું કામ કરે છે. કોઈ પ્રશ્ન હોય તો લોકો દેવાભાઈ અને તેમની સમિતિ પાસે વાત નાંખે અને આ સમિતિ પોતાનાથી બનતા તમામ પ્રયત્ન

કરે છે. વર્ષ ૨૦૦૭ પહેલાં આ ગામ સોશિયલ ઑડિટ (સામાજિક અન્વેષણ), પાણી સમિતિ જેવી કોઈ બાબત જાણતું નહોતું. પરંતુ, 'ઉન્નતિ' સંસ્થાએ ગામના લોકોને માર્ગદર્શન પૂરું પાડતા આ બધું શક્ય બન્યું. દેવાભાઈ કહે છે, "*ઉન્નતિ*ના માધ્યમથી અમે ગામમાં સોશિયલ ઑડિટ કરી શક્યા. સંસ્થાએ ગામ લોકોને એક બળ પૂરું પાડ્યું છે."

***બીજાં બધાં ગામોની જેમ અંબાસર ગામમાં પણ સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચાર થતો એ સામાન્ય વાત હતી. ગામનાં તલાટી-કમ-મંત્રી બીપીએલનાં કાર્ડ કાઢી આપવા માટે પણ લોકો પાસેથી નાણાં ઉઘરાવતા હતા. ગામમાં અમલી સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ પાસેથી તલાટીની ટોળકી બે હજારથી લઈ ચાર હજાર પડાવતી હતી. આજે આ બધું બંધ થઈ ગયું છે.***

બીજાં બધાં ગામોની જેમ અંબાસર ગામમાં પણ સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચાર સામાન્ય વાત હતી. ગામનાં તલાટી-કમ-મંત્રી બીપીએલનાં કાર્ડ કાઢી આપવા માટે પણ લોકો પાસેથી નાણાં ઉઘરાવતા હતા. ગામમાં અમલી સરદાર આવાસ યોજના અને ઈન્દિરા આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ પાસેથી તલાટીની ટોળકી બે હજારથી લઈ ચાર હજાર પડાવતી હતી. આજે આ બધું બંધ થઈ ગયું છે. માત્ર મંત્રી જ નહીં, તાલુકામાં પણ કેટલાક અધિકારીઓ લોકોના કામ માટે પહેલાં કટકીની વાતો કરતા હતા. દેવાભાઈ અને તેમની ટીમના પ્રયત્નથી આજે એ પણ લગભગ બંધ થઈ ગયું છે. દેવાભાઈ ગામની સેવામાં હંમેશા તત્પર હોય છે. મહિને માત્ર પંદરસો-બે હજારની આવક મેળવતા દેવાભાઈ ગામમાં કોઈને માંદગીમાં પણ મદદ કરવા તત્પર રહે છે. દેવાભાઈ કહે છે, 'હું મારા ગામ માટે કાંઈક સારું કામ કરવા માંગતો હતો. આજે હું થોડુંક કામ કરી શક્યો તેનો મને આનંદ છે.'

*(આ લેખના લેખક શ્રી દેવસી બારડ, 'દિવ્ય ભાસ્કર' દૈનિકના પત્રકાર છે.)*

■ હરિતા તલાટી

# દૃઢ નિર્ધાર સાથે ભ્રષ્ટાચાર રોકનાર જાગૃત આગેવાન જવાનસિંહ



***જવાનસિંહ ઠાકોર***
*ગામઃ ગાજણ*
*તાલુકોઃ મોડાસા*
*જિલ્લોઃ સાબરકાંઠા*

જવાનસિંહ ઠાકોર સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના લગભગ ૫૦૦૦ની વસ્તી ધરાવતા ગાજણ ગામના વતની છે. ગામની મોટાભાગની વસતિ ઠાકોર જાતિના લોકોની છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને તેમાંના મોટાભાગનાં કુટુંબો ગરીબીની રેખા નીચે આવે છે. પાકો રસ્તો, વીજળી, પેયજળ અને સિંચાઈનાં પાણીની સુવિધા, શિક્ષણ તથા સ્વચ્છતા એ ગામના મુખ્ય પ્રશ્નો છે.

આ પ્રશ્નોના ઉકેલ માટે જવાનસિંહ અગ્રેસર અને તત્પર રહ્યા છે. ગામલોકોની સમસ્યાની રજૂઆત ગ્રામ સભાથી માંડી સરકારી ઑફિસોમાં કરતા રહેવાની અને તેના ઉકેલ માટે સતત મથતાં રહેવાની હામ તેમનામાં રહેલી છે. તેમણે બાર ધોરણ સુધીનું શિક્ષણ મેળવેલું છે. તેઓ કહે છે કે 'અમારી ઠાકોર જાતિના લોકો શિક્ષણમાં કે આગેવાનીપૂર્વક કાર્ય કરવામાં પાવરધા હોતા નથી; પણ મને આગેવાની લઈને લોકોના હિતનાં કાર્યો કરવા ગમે છે.' ૩૨ વર્ષના જવાનસિંહના મનમાં ૨૦ વર્ષની વયથી જ લોકો માટે, ગામ માટે, સમાજ માટે કંઈક કરવું એવી ભાવના દૃઢ કરી ગઈ હતી. સમય જતાં ગામના લોકોના મનમાં જવાનસિંહ માટે ગામના આગેવાન તરીકેની હકારાત્મક છાપ બંધાઈ. ગામમાં કંઈક નાનું-મોટું

કામ કરવાનું હોય તો ગામ લોકો સામેથી જવાનસિંહ આગળ પ્રસ્તાવ મૂકતા. સરકારી કામો પણ સરકારી દફતરમાં જઈ સરળતાપૂર્વક પાર પાડી આવતાં.

ગામના ઉત્કર્ષમાં રસ હોય તેવા ઉત્સાહી આગેવાન યુવાન તરીકે ગામના લોકોની પસંદગી પામ્યા બાદ જવાનસિંહ ઠાકોર 'ઉન્નતિ' સંસ્થાના પરિચયમાં આવ્યાં. 'ઉન્નતિ' સંસ્થા દ્વારા તેમને 'માહિતી અધિકારના કાયદા' અંગે તાલીમ મળી. આ તાલીમ લીધા બાદ જવાનસિંહ કહે છે કે, 'આઝાદી મળ્યા બાદ આજ દિન સુધી આઝાદીની કલગીમાં એક પીંછું ખૂટતું હતું એવું મને સતત લાગ્યા કરતું હતું. તે ઉણપ માહિતી અધિકારનો કાયદો આવવાથી પૂરાઈ હોય એમ લાગે છે.' માહિતી અધિકારના કાયદાની તાલીમ મળવાથી ખોરંભે ચઢેલાં કાર્યોને પૂર્ણ કરવામાં તેમને મદદ મળી હતી.

ગામની શાળામાં બિલ્ડીંગનું સમારકામ શરૂ કરવામાં આવ્યું હતું. જવાનસિંહના ધ્યાનમાં આવ્યું કે શિક્ષિકા બહેન બિલ્ડીંગ સમારકામ માટે મોડાસાથી મજૂરોને તેડાવી લાવતા. જ્યારે ગામના મજૂરોને રોજના ૧૦ રૂપિયા ભાડાના ખર્ચી મજૂરી મેળવવા મોડાસા જવું પડતું. ગામના મજૂરોને રોજગારી ન મળે એવું પણ બનતું. તેથી જવાનસિંહે ગામનું જ કામ હોવાથી ગામના મજૂરોને રોજગારીની તક મળે તે માટે શિક્ષિકા બહેન આગળ કામ આપવાની રજૂઆત કરી, પણ તેમણે આ બાબતને ગણકારી નહીં.

*જવાનસિંહને અધૂરી માહિતી મળી હોવાથી શાળાના મકાનના બાંધકામ બાબતે કંઈક ભ્રષ્ટાચાર થયો છે એવી એમની શંકા મજબૂત બની. તેથી તેમણે ગાંધીનગર સ્થિત માહિતી આયોગ પાસેથી માહિતી મેળવવા અરજી કરી.*

જવાનસિંહને હવે એમ લાગતું હતું કે ગામની શાળાના મકાન બાંધકામ બાબતે ક્યાંક કશુંક ખોટું થઈ રહ્યું છે. તેથી તેમણે તા. ૧૭ એપ્રિલ, ૨૦૦૭ના રોજ માહિતી અધિકારના કાયદા હેઠળ એક અરજી કરી. મકાન માટે મજૂરી કામ કરવા માટે સ્થાનિક વ્યક્તિને કેમ કામ આપવામાં ન આવ્યું? કેટલા દિવસની કેટલી મજૂરી આપવામાં આવી? નવું મકાન બનાવવાનો ખર્ચ કેટલો છે? એ ફંડ કોના તરફથી અને કેટલું મળ્યું છે? વગેરે સવાલો ઉઠાવ્યા. ઉપરાંત, માલસામાનની ખરીદીના બિલોની નકલ, મકાનના ઍસ્ટીમેટ પ્લાનની નકલ વગેરેની માહિતી પણ માંગી. માહિતી અધિકારના કાયદા હેઠળ અરજી કર્યાના થોડા દિવસો બાદ ગામના સરપંચ, માજી ડેલીગેટ અન્ય તથા આગેવાનો તરફથી જવાનસિંહ પર દબાણ થવાનું શરૂ થયું, પણ જવાનસિંહ તેમની અરજી બાબતે મક્કમ રહ્યા. અરજી કરે ૩૦ દિવસ થઈ ગયા હોવાથી જવાનસિંહે પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી-સાબરકાંઠાને અરજી કરી કે માહિતી મંગાવ્યે ૩૦ દિવસ થયા હોવા છતાં માહિતી મળી નથી. પરિણામે, અઠવાડિયામાં તેમને પ્રાથમિક




જિલ્લા શિક્ષણ અધિકારી-સાબરકાંઠાની કચેરીમાં બોલાવવામાં આવ્યા અને અધૂરી માહિતી આપવામાં આવી. જોકે, જવાનસિંહ ઠાકોર ખરાબ ચારિત્ર્ય ધરાવનાર ત્રાહિત વ્યક્તિ છે અને વારંવાર શાળામાં આવી કનડગત કરે છે એવી લેખિતમાં રજૂઆત શિક્ષિકા બહેને પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી-સાબરકાંઠા સમક્ષ કરી હતી. જેની જાણ જવાનસિંહને પાછળથી થઈ હતી. જવાનસિંહને અધૂરી માહિતી મળી હોવાથી શાળાના મકાનના બાંધકામ બાબતે કંઈક ભ્રષ્ટાચાર થયો છે એવી એમની શંકા મજબૂત બની. તેથી તેમણે ગાંધીનગર સ્થિત માહિતી આયોગ પાસેથી માહિતી મેળવવા અરજી કરી. તે અરસામાં શિક્ષિકાબહેનના પતિ, જિલ્લા પંચાયતના એક સભ્ય, મોડાસા નગરપાલિકાના માજી પ્રમુખ તેમ જ મિત્ર-વર્તુળ તરફથી માહિતી અધિકારના કાયદા અન્વયે કરેલી દરખાસ્ત પાછી ખેંચી લેવા માટે સામાજિક, માનસિક તેમ જ રાજકીય દબાણ શરૂ કરવામાં આવ્યું. જેમ-જેમ જવાનસિંહ પર દબાણ વધતું ગયું તેમ તેમ માહિતી મેળવવા બાબતે તેમની દૃઢતામાં વધારો થતો ગયો. આખરે માહિતી આયોગમાં તેમના કેસની તારીખ આવી. જવાનસિંહની ચાલચલગત સારી નથી અને શિક્ષિકાબહેનને હેરાન કરવાના આશય સાથે તેમણે આ કેસ કર્યો છે તેવી રજૂઆત, સામે પક્ષેથી કરવામાં આવી. પરંતુ, જવાનસિંહે માહિતી આયોગમાં નાગરિક સ્વાતંત્ર્યના મુદ્દાની રજૂઆત કરી. તેમણે

*મેં આજ દિન સુધી લોકહિત અને ગ્રામોદ્ધારનાં કાર્યો સિવાય કશી અન્ય બાબતની ખેવના કરી છે? પ્રશ્ન પૂછતાં લોકોની જીભ સિવાઈ જતી. હકીકતથી લોકો વાકેફ હતા.*

કહ્યું કે, 'હું ગામનો જાગૃત નાગરિક છું, મારી પાસે ચૂંટણી કાર્ડ અને રેશન કાર્ડ છે. જાગૃત નાગરિક તરીકે મને માહિતી મેળવવાનો અધિકાર છે, વાણી સ્વાતંત્ર્યનો અધિકાર છે. હું માથાભારે વ્યક્તિ નથી. મારા ગામમાં મારી એક સારી વ્યક્તિ તરીકેની છાપ છે.'

માહિતી આયોગને જવાનસિંહની વાત જાણ્યા બાદ વાતમાં તથ્ય લાગ્યું. તેથી પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારી-સાબરકાંઠાને સંપૂર્ણ માહિતી આપવાનો આદેશ કરવામાં આવ્યો. હજુ શિક્ષિકાબહેનના માથે માહિતી અધિકારનો કાયદો તોળાતો હોવાથી તેમણે 'જવાનસિંહ રૂપિયા માંગે છે' તે રીતની વાત ગામમાં વહેતી કરવા માંડી. ચોરેને ચૌટે જવાનસિંહ, શિક્ષિકાબહેન પાસે રૂપિયા માંગે છે તેની ચર્ચા થવા માંડી. હવે લોકો રીતસર જવાનસિંહને પૂછવા લાગ્યા. જવાનસિંહ રીતસરનો વળતો પ્રશ્ન કરતા કે, 'મેં આજ દિન સુધી લોકહિત અને ગ્રામોદ્ધારનાં કાર્યો સિવાય કશી અન્ય બાબતની ખેવના કરી છે? પ્રશ્ન પૂછતાં લોકોની જીભ સિવાઈ જતી. હકીકતથી લોકો વાકેફ હતા.

આખરે ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ અને ગામના આગેવાનો, શિક્ષિકા બહેનનો સંદેશો લઈને જવાનસિંહ પાસે આવ્યા. ગામના સરપંચ હવે સચ્ચાઈની ખરાઈ કરવા માંગતા હતા. તેઓ જવાનસિંહને લઈને શાળા નં-૩માં શિક્ષિકાબહેન પાસે ગયા. શિક્ષિકાબહેને લેખિતમાં પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારીને કરેલી ફરિયાદ બાબતે ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ અને ગામના આગેવાનો અજાણ હતા. જવાનસિંહે ખુલ્લેઆમ બધી ચર્ચા કરી. આખરે શિક્ષિકાબહેને કહ્યું કે, 'મારી ભૂલ થઈ ગઈ. માહિતી અધિકારના કાયદા વિશે મને કંઈ માલૂમ નથી. મને માફ કરો... હું ત્રાસી ગઈ છું.' જવાનસિંહે માહિતી અધિકારના કાયદાની પકડ રાખી શિક્ષિકાબહેનનો ગુનો કબૂલ કરાવ્યો. શિક્ષિકાબહેને પણ કબૂલ્યું કે હવે તેઓ નિયમિત રીતે શાળાએ આવશે અને ખોટાં કાર્યો નહીં કરે. બાળકોના ઉજળા ભવિષ્ય માટે સતત પ્રયત્નો કરશે. ગામના આગેવાનો અને ગામલોકોએ જ્યારે આખી બીના સાંભળી ત્યારે જવાનસિંહ માટે લોકોને માન ઉપજ્યું.

આવો જ અન્ય કિસ્સો ગામમાં પાકો રસ્તો બનાવવાનો છે. ગામનો મુખ્ય રસ્તો ખૂબ જ ઉબડખાબડ હતો. ગામના લોકોને ખાસ કરીને ગર્ભાવસ્થામાં, માંદગીમાં આવનજાવન માટે અતિશય તકલીફ વેઠવી પડતી. પ્રસૂતિ વખતે મહિલાને મોડાસા લઈ જતી વખતે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો. ગામના રીક્ષાચાલકોએ આ વાત જવાનસિંહના ધ્યાનમાં લાવી. જવાનસિંહ જાણતાં હતાં કે આઠેક મહિના બાદ ચૂંટણી આવે છે. એટલે પદ પર રહેલા સરપંચ ચૂંટણી માટેની તૈયારીમાં પડ્યા છે.

*જવાનસિંહે ગામને કેન્દ્ર સરકારની 'રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુત યોજના'નો લાભ અપાવ્યો. આજે ગામનાં કુલ ૬૦ ઘરોને માત્ર રૂપિયા ૫૦માં આ યોજના હેઠળ વીજળીનું જોડાણ મળ્યું છે.*

પહેલાં તો જવાનસિંહ સરકારી દફતરમાંથી જાણી લાવ્યા કે ગામમાં મુખ્ય રસ્તો પાકો બનાવવા માટેની ગ્રાન્ટ ગ્રામ પંચાયતને મળેલી છે અને જો આ ગ્રાન્ટ પાકો રસ્તો બનાવવા વાપરવામાં ન આવે તો તે પાછી આપી દેવી પડશે. આની રજૂઆત તેમણે ગામના સરપંચને કરી. સરપંચે કહ્યું કે, 'પાકો રસ્તો બનાવવા માટે ગ્રાન્ટ મળેલી છે, એ વાત સાચી. પરંતુ, રસ્તા પરનાં દબાણો મારી આગળના એકેય સરપંચો હટાવી શક્યા ન હોય તો હું શું કામ હટાવું? મેં ગ્રામ સભામાં પણ આ વિશે વાત કરેલી જ છે. જ્યાં સુધી દબાણો હટશે નહીં ત્યાં સુધી રસ્તો બનશે નહીં. હવે તો વાત ચૂંટણી પછી જ જશે.'

જવાનસિંહ ૮-૧૦ મહિના રાહ જોવા તૈયાર નહોતા. તેમણે દબાણો ખસેડવા રીક્ષાચાલકો અને ગામલોકોની સહીઓ લેવા માંડી અને સહી કરેલો કાગળ મોડાસાના તાલુકા વિકાસ અધિકારી, નાયબ કલૅક્ટર કચેરી અને રૂરલ પોલીસ સ્ટેશનને મોકલી આપ્યો. વળી, એક પ્રેસનોટ તૈયાર કરીને એક સ્થાનિક અખબારમાં પણ મોકલી આપી. જવાનસિંહ જાણતા હતા કે લોકો જ્યારે જાગ્રત થશે ત્યારે સરકારી તંત્રે ઝડપથી પગલાં લેવા પડશે. એક જાગૃત નાગરિક એકલા હાથે કંઈ કરી શકશે નહીં, પણ જો ગામના લોકો એક સાથે સૂર પૂરાવશે તો સરકારી તંત્ર દોડતું થઈ જશે અને વાસ્તવમાં એમ જ બન્યું. દબાણસેલમાંથી પંચાયત પર દબાણ આવ્યું અને પંચાયતે તાત્કાલિક પગલાં લેવાં પડ્યાં. સરપંચના માથે ચૂંટણીનું ભૂત ભમતું હતું તે અચાનક દૂર થયું અને ગામનો પાકો રસ્તો બની ગયો.

જવાનસિંહ ગામલોકોની પાયાની જરૂરિયાતોને ધ્યાનમાં લે છે, તેથી જ તેમને લોકોનો સહકાર સહેલાઈથી મળી રહે છે. ગામના મોટાભાગના લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. ખેતી તેમનો મુખ્ય વ્યવસાય હોવા છતાં પિયત કરવા માટે બોરનાં પાણી પર આધાર રાખવો પડે છે અને તે પાણી લેવા માટે વીજળીનું જોડાણ હોવું જરૂરી છે. પરંતુ, મોટાભાગનાં કુટુંબો પાસે વીજળીનું જોડાણ હતું નહીં. આ મુશ્કેલીની જાણ જવાનસિંહને હતી જ. જવાનસિંહે ગામને કેન્દ્ર સરકારની 'રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુત યોજના'નો લાભ અપાવ્યો. આજે ગામનાં કુલ ૬૦ ઘરોને માત્ર રૂપિયા ૫૦માં આ યોજના હેઠળ વીજળીનું જોડાણ

મળ્યું છે. જવાનસિંહે 'ઉન્નતિ' સંસ્થા દ્વારા યોજાઈ ગયેલી માહિતી અધિકારની તાલીમ ઉપરાંત, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના અંગે પણ તાલીમ મેળવી છે. તેઓ તેના વિશે સતત ગ્રામ સભામાં, સમાજની મિટિંગોમાં પણ ચર્ચા કરતા રહે છે.

જવાનસિંહ પોતાના ગામમાં 'સ્વજલધારા યોજના' આવે તે માટે લોકોને સાથે રાખીને લડી રહ્યા છે. તેમને વિશ્વાસ છે કે વીજજોડાણોની જેમ 'સ્વજલધારાના નીર' તેમની 'ધરા'ને અવશ્ય મળશે. નાગરિક આગેવાન તરીકે તેમણે પોતાનું સૂત્ર બનાવ્યું છે- 'લોકો માટે, લોકો દ્વારા અને લોકોને સાથે રાખીને લોકહિતનાં કાર્યો કરો તો લોકો સારાં કાર્યોની કદર કરશે અને તમારી પડખે રહેશે.'

*(આ લેખનાં લેખિકા હરિતા તલાટી, મુક્ત પત્રકાર છે.)*

■ મમતા સોલંકી

# વહીવટી કામોમાં ભ્રષ્ટાચાર દૂર કરું એ જ મારો જીવનમંત્ર: મકનાભાઈ



**મકનાભાઈ બુબડીયા**
*ગામ: છોછર*
*તાલુકો: ખેડબ્રહ્મા*
*જિલ્લો: સાબરકાંઠા*

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આશરે સાડા ત્રણ હજારની વસતિ ધરાવતા છોછર ગામનો, ખેતી કરતો ૩૪ વર્ષનો આદિવાસી યુવાન, જે માત્ર સાત ચોપડીનું અક્ષરજ્ઞાન ધરાવતો હોય એ પંચાયતનાં કામોમાં થતાં ભ્રષ્ટાચારને બહાર લાવી શકે એ વાત તમારા માન્યામાં આવે ખરી? નહીં ને? પરંતુ ૩૪ વર્ષના મકનાભાઈએ જાહેર જીવનમાં કરેલી કામગીરીની વાતો તેમની પાસેથી જ સાંભળો તો ચોક્કસ વિશ્વાસ થાય.

નાનપણથી જ ખેતી સાથે જોડાયેલા હોવાથી બહારની દુનિયામાં કોઈ ઝાઝો રસ નહીં. હા, પણ પોતાની જ્ઞાતિના કુરીવાજો દૂર કરવામાં થોડી આગેવાની જરૂર લેતા. ખૂબ જ ઓછું બોલતા મકનાભાઈ પોતાના ઘરની જવાબદારીઓ સાથે પોતાના નાનકડા ગામની જવાબદારી કેવી રીતે લેતા થયા એની સફર ખૂબ જ રસપ્રદ છે.

ગમાર, બુબડીયા, પરમાર, તેરમા, કોદરવી જેવી આદિવાસી જ્ઞાતિઓ ધરાવતા છોછર ગામમાં ખેતી અને પશુપાલનનો મુખ્ય વ્યવસાય છે. મકનાભાઈ પણ પોતાના આ વ્યવસાયમાં જ રચ્યાપચ્યા રહેતા. ક્યારેક તેઓ પોતાના આ કામમાંથી સમય કાઢી પોતાની

જ્ઞાતિનાં સંમેલનોનાં કામો કરવા પણ જતા અને આગેવાની લેતા. ક્યારેક તેમના ગામના સામાજિક કાર્યકર થેપાભાઈ પરમાર સાથે બીજાં ગામોની મુલાકાતે જતાં. થેપાભાઈ 'ઉન્નતિ' સંસ્થા સાથે જોડાયેલા છે. સાબરકાંઠાના નાનાં-નાનાં ગામડાંઓમાં પંચાયતો દ્વારા હાથ ધરવામાં આવતાં વિકાસકામો બરાબર થાય છે કે નહીં અને જો ન થતા હોય કે વહીવટી કામોમાં કોઈ ગરબડ કે ભ્રષ્ટાચાર થતો હોય એને જે-તે ગામના આગેવાનોની મદદ લઈ દૂર કરવાનું કામ થેપાભાઈ કરતા.

મકનાભાઈને થેપાભાઈની આ કામગીરીમાં ધીરે ધીરે રસ પડવા લાગ્યો. દંત્રાલ, પોશીના, દેલવાડા, દાંતિયા, આંબાસર, ખતરવાડા જેવાં ગામોમાં વહીવટી કામોમાં થતી સમસ્યાઓને જોઈને મકનાભાઈને પ્રથમ વિચાર પોતાના ગામ છોછરનો આવ્યો. 'ઉન્નતિ' સાથેનો તેમનો સંપર્ક થેપાભાઈ દ્વારા જ થતો. પોતાના ગામને કઈ રીતે મદદરૂપ થવું એની મથામણમાં તેઓ હતા ત્યાં જ થેપાભાઈએ તેમને પોતાના ગામમાં ભ્રષ્ટાચાર નાબુદી સહિત વિકાસની બીજી કામગીરી માટે જોડાવાનું કહ્યું. મકનાભાઈ માટે 'ભાવતુ'તું ને વૈદ્યે કીધું' જેવો ઘાટ થયો.

***મેં અને અમારી સમિતિના બધા જ સભ્યોએ પંચાયતનાં કામોનું જાહેર ઑડિટ કરવાની અરજી પંચાયતમાં કરી. ગામ માટે થતાં પંચાયતનાં વિકાસકામોનું જાહેર ઑડિટ કરાવવાની માંગ પ્રથમવાર થઈ એટલે સરપંચ સહિત બધા જ સભ્યો હચમચી ઉઠ્યા હતા.***

છોછરના લોકો માટે સરપંચની કામગીરી સામે પ્રશ્નાર્થ કરવો એ અઘરી વાત હતી. મકનાભાઈ પોતે શરૂઆતમાં આ કામગીરી સાથે સીધા જોડાવામાં ખચકાટ અનુભવતા હતા. પરંતુ, ગામના વિકાસ આડે આવતા અવરોધો દૂર કરવાની કામગીરીમાં તેમનો રસ પ્રબળ હતો. તેમની આ ઈચ્છાએ તેમને ગામની વિકાસપ્રવૃત્તિ અને 'ઉન્નતિ' સાથે જોડાવાનું પ્રેરણાબળ પૂરું પાડ્યું. ૨૦૦૪માં છોછરમાં 'પંચાયત વિકાસ સમિતિ' 'ઉન્નતિ'ના નેજા હેઠળ બની અને મકનાભાઈ આ સમિતિના આગેવાન બન્યા. મકનાભાઈનો આત્મવિશ્વાસ પણ વધવા લાગ્યો.

સંસ્થા સાથે જોડાયા પછીના પોતાના પ્રથમ 'અભિયાન' વિશે પૂછવામાં આવતાં ખૂબ ઓછું બોલતાં મકનાભાઈની આંખો આત્મવિશ્વાસથી છલકી ઉઠે છે. તેઓ હરખભેર પોતાની આ પ્રથમ કામગીરીની વાત માંડતાં કહે છે, "અમારા ગામમાં રોડ અને તળાવોનું કામ પંચાયત દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. બે-ત્રણ વર્ષથી આ કામો ચાલતાં હતાં, પરંતુ તેનું જાહેર ઑડિટ ક્યારેય થયું નહોતું. સંસ્થામાં જોડાયા પછી પંચાયતની કામગીરીથી માંડીને બધી વહીવટી પ્રક્રિયાઓ કેવી રીતે થાય છે ત્યાં સુધીની તાલીમ લીધી હતી. એ તાલીમનો સદ્‌ઉપયોગ કરવાનો અવસર મળ્યો તેનો ખૂબ આનંદ હતો. મેં અને અમારી સમિતિના બધા જ સભ્યોએ પંચાયતનાં કામોનું જાહેર ઑડિટ કરવાની અરજી પંચાયતમાં કરી. ગામ માટે થતાં પંચાયતનાં

*કહેવાય છે કે સત્યનો માર્ગ કાંટાળો હોય છે. મકનાભાઈના કિસ્સામાં પણ આવું જ બન્યું. પંચાયતના સત્તાધીશોના ભ્રષ્ટાચારને ઉઘાડો પાડવા બદલ મકનાભાઈ અને તેમના સંગઠનને ગ્રામજનો તરફથી શાબાશી તો મળી, પરંતુ તેની સાથે પંચાયતના કેટલાક સત્તાધીશો તરફથી જાનથી મારી નાખવાની ધમકી પણ મળી.*

વિકાસકામોનું જાહેર ઑડિટ કરાવવાની માંગ પ્રથમવાર થઈ એટલે સરપંચ સહિત બધા જ સભ્યો હચમચી ઉઠ્યા હતા. તેમને જાહેર ઑડિટ કરાવવાની વાત જરા પણ મંજૂર નહોતી. તેથી અમને સામેથી કોઈ જ જવાબ ન મળ્યો."

તેમ છતાં, મકનાભાઈ અટક્યા નહીં. તેમણે ફરીથી લોકોની મદદથી પંચાયત પર દબાણ કર્યું અને ૨૦૦૭માં પંચાયત, જાહેર ઑડિટ કરવા માટે સંમત થઈ.

દેલવાડા, છોછર, દાંતિયા અને આંબાસર એ ચાર ગામોની એક પંચાયત હતી. તેથી દેલવાડા-છોછર ગ્રામ પંચાયતમાં મકનાભાઈની વિકાસ સમિતિના ૧૫ સભ્યો અને ગ્રામ પંચાયતના સરપંચ સહિતના ૧૩ સભ્યો તથા ગામલોકોની એક બેઠક મળી.

ગામ માટે આ ક્રાંતિકારી પગલાની વાત આગળ વધારતાં મકનાભાઈ કહે છે, "શરૂઆતમાં સત્તાધારી લોકો સામે અવાજ ઉઠાવતા ગામના મોટાભાગના લોકો ડરતા હતા, પરંતુ અમારા માટે ગામનાં વિકાસકામોમાં થતા ભ્રષ્ટાચારને ગ્રામજનો સામે ખુલ્લો પાડવાનો મોટો પડકાર પણ હતો. એ સમયે લોકોને લાગતું કે સંસ્થા અને અમારી સમિતિ ખોટો વિવાદ ઉભો કરી રહી છે, પરંતુ જ્યારે અમારી બેઠક મળી અને ઑડિટ શરૂ થયું તેમ તેમ અમારી શંકા વાસ્તવિકતામાં ફેરવાઈ. ગામનાં વિકાસકામોમાં પૈસા બાબતે થયેલા ગોટાળા બહાર આવ્યા. ખેડબ્રહ્માના આંબાસર ગામમાં રોડના કામમાં એક ડેપ્યુટી સરપંચે તો, અન્ય મજૂર અને કૉન્ટ્રાક્ટરના બદલે પોતાની જ પત્નીનું નામ લખાવી પૈસા પડાવ્યા હતા. આવાં કેટલાંય કામોમાં ડમી નામ બહાર આવતાં ગયાં અને પ્રજાના પૈસા પોતાના ઘરમાં ભેગા કરતા સત્તાધીશોની પોલ ખૂલતી ગઈ." આ ઘટનાએ મકનાભાઈની સાથે સાથે ભોળા આદિવાસી ગ્રામજનોના વિચારોમાં પરિવર્તન આણ્યું હતું.

કહેવાય છે કે સત્યનો માર્ગ કાંટાળો હોય છે. મકનાભાઈના કિસ્સામાં પણ આવું જ બન્યું. પંચાયતના સત્તાધીશોના ભ્રષ્ટાચારને ઉઘાડો પાડવા બદલ મકનાભાઈ અને તેમના સંગઠનને ગ્રામજનો તરફથી

શાબાશી તો મળી, પરંતુ તેની સાથે પંચાયતના કેટલાક સત્તાધીશો તરફથી જાનથી મારી નાખવાની ધમકી પણ મળી. મકનાભાઈ પોતાના અભિયાનમાં આવેલી અડચણોનો ઉલ્લેખ કરે છે ત્યારે ગંભીર થઈને કહે છે, "કોઈ ભ્રષ્ટાચાર ખુલ્લો પડતો ત્યારે સરપંચો અને ઊંચા હોદ્દા પર બેઠેલા લોકો સામાન્ય માણસોને દારૂ અને નજીવી રકમની લાંચથી ફોસલાવી લેતા, પરંતુ અમે અડગ હતા. ઑડિટ થયા પછી મને જે-તે સમયે એક સરપંચ દ્વારા ધમકી પણ મળી, પરંતુ અમે તેમને અમારા અડગ નિશ્ચયનો પરચો બતાવ્યો. મારે સરપંચ સાથે ઝઘડો થયો ત્યારે મેં તેમને સાફ શબ્દોમાં સંભળાવી દીધું કે પંચાયત જાહેર સંસ્થા છે અને આ સંસ્થામાં સરકાર અને જાહેર જનતાના પૈસા આવે છે. એનું ઑડિટ અને હિસાબ-કિતાબ તો થવો જ જોઈએ. આવી ધમકીઓને અવગણીને આગળ વધવાનું અમારું ધ્યેય છે."

ખેતી કરીને પોતાની પત્ની અને બાળકો સહિત આઠ સભ્યોના પરિવારનું ગુજરાન ચલાવતા મકનાભાઈ હવે જાહેર જીવનમાં આગેવાન તરીકે પ્રસ્થાપિત થયા તે વાતનું તેમને ખૂબ ગૌરવ છે. સંસ્થા સાથે જોડાયાનાં છ વર્ષ દરમિયાન મકનાભાઈ જાહેર જીવનના ઘણા ઉપયોગી પાઠ શીખ્યા છે. મકનાભાઈ પોતાના જૂના દિવસો યાદ કરતા કહે છે, "શિક્ષણનો અભાવ તથા જાહેર જીવનનો કોઈ જ અનુભવ નહીં હોવાના કારણે કોઈની સાથે વાત કરતા ન ફાવે. વળી, કાયદા અને વહીવટી જ્ઞાન વિશે કશી જ સમજણ ન હોવાના કારણે હંમેશાં ખોટાં કામો સામે લાચાર બની જવાતું, પરંતુ 'ઉન્નતિ' સંસ્થાની પદ્ધતિસરની તાલીમ પછી ખબર પડી કે હિસાબ માંગવો એ પ્રજા તરીકેનો અમારો હક્ક છે. હવે છ વર્ષની કામગીરી પછી અરજી લખવાથી માંડી અધિકારીઓ અને સત્તાધીશો સામે વાત અને યોગ્ય રજૂઆત કરવાની પણ ફાવટ આવી ગઈ છે."



*લોકાચાર એટલે કે મરણ પ્રસંગે પાડો મારવાના કે દીકરીના લગ્ન પ્રસંગે કે સગપણ વખતે બકરાની બલિ ચડાવવા જેવા તેમની જ્ઞાતિના કુરિવાજો તેમના જેવા યુવાનોની આગેવાની લઈ મકનાભાઈએ બંધ કરાવ્યા છે.*

લોકાચાર એટલે કે મરણ પ્રસંગે પાડો મારવાના કે દીકરીના લગ્ન પ્રસંગે કે સગપણ વખતે બકરાની બલિ ચડાવવા જેવા તેમની જ્ઞાતિના કુરિવાજો તેમના જેવા યુવાનોની આગેવાની લઈ મકનાભાઈએ બંધ કરાવ્યા છે. પોતાના સમુદાયની સાથે ગામ માટે કંઈક કરી છૂટવું એ મકનાભાઈનું સપનું છે. આરોગ્ય અને શિક્ષણની સેવાઓથી માંડીને બધી જ જરૂરિયાતો પોતાના ગામ સુધી પહોંચે એવા પ્રયત્નો મકનાભાઈ કરવા માંગે છે.

ગામ અને ગામના લોકોમાં આવેલા બદલાવની વાત કરતા સસ્મિત વદને મકનાભાઈ કહે છે, “હવે તો ગામના લોકો ચાલાક થઈ ગયા છે. થોડું-ઘણું વાંચતા ફાવતું હોય એવા ગ્રામજનો પંચાયતનું રજિસ્ટર જોતા થઈ ગયા છે. સરકારી યોજનાઓ, કાયદા અને ગામનાં વિકાસ કામોમાં કેટલી ગ્રાન્ટ ક્યારે મળે છે અને ક્યાં વપરાય છે તેની માહિતી ‘માહિતી અધિકાર કાયદા’ હેઠળ લેતા થયા છે. એ જોઈને સરપંચ અને અધિકારીઓ પણ નવાઈ પામે છે.”

ગામમાં નવા સરપંચ આવ્યા પછી જૂના સરપંચે જે ભ્રષ્ટાચાર કર્યા એનું પુનરાવર્તન ન થાય તે માટે મકનાભાઈ અને તેમની વિકાસ સમિતિએ નવા સરપંચને ભ્રષ્ટાચાર નહીં કરવાનું અને ગામનાં વિકાસ કામો પ્રામાણિકતાથી કરવાનું સૂચન પણ કર્યું છે.

પોતે ભલે સાત ચોપડી ભણ્યા, પરંતુ પોતાનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવવાની નેમ મકનાભાઈ લઈ ચૂક્યા છે. ગામમાં ખેતી માટે પાણીની અછત દૂર કરવા બોર, તથા પોતાના ગામમાં નાનાં બાળકો માટે આંગણવાડી લઈ આવવાના પ્રયત્નો પણ તેઓ કરવા માંગે છે. મકનાભાઈનો એક જ જીવન સંદેશ છે કે, “ભ્રષ્ટાચારને ખુલ્લા પાડવામાં કોઈનો સહકાર હોય, કે ન હોય પરંતુ આ ઝુંબેશ જીવનપર્યંત ચાલુ રહેશે. કારણ કે, સારી વાત હંમેશાં આગળ નીકળે છે અને જૂઠ હંમેશાં પાછળ જ રહેતું હોય છે.”

*(આ લેખનાં લેખિકા મમતા સોલંકી, મુક્ત પત્રકારક છે.)*

■ અજય રામી

# નાગરિકોને નેતૃત્વ કરવાની તક આપતા અનોખા આગેવાન સુરેશભાઈ



**સુરેશભાઈ હોથા**
*ગામ: કણાદર*
*તાલુકો: વિજયનગર*
*જિલ્લો: સાબરકાંઠા*

'કાયદો બન્યા પછી જંગલની જમીન મળવી જોઈએ અને જો ન મળે તો લડત આપવી પડે.' -આ એક વાક્યમાં સાબરકાંઠાના આદિવાસી વિસ્તારના બદલાયેલા મિજાજની ઝલક જોવા મળે છે. સરકારી રાજ શરૂ થયું તે પહેલાથી જંગલ પર રાજ કરતા આદિવાસીઓ માટે જંગલ-જમીન અધિકારનો કાયદો બન્યો પણ હજુ બધાને જમીન મળી નથી. જંગલ-જમીન પર ખેતી કરીને નભતા હોય તેવા આદિવાસી વિસ્તારમાં ખેડૂતોનો વિશાળ વર્ગ છે. ગાંધીનગરમાં બેઠેલા હુકમશાહીના આદેશનું અવળું અર્થઘટન કરીને આવા ખેડૂતોને બેદખલ કરવાનું અવારનવાર બનતું હોય છે. પહેલાં પણ બનતું હતું. પણ હવે થોડો ફરક આવ્યો છે.

ભિલોડાથી દશેક કિલોમીટર દૂર આવેલા કણાદર ગામમાં છેલ્લાં બે વર્ષથી જંગલખાતાના માથાભારે સરકારી અધિકારી-કર્મચારીઓ સામે કાયદાના માર્ગે જ માથું ઉચકવાનું શરૂ કરાયું છે. કણાદર ગામના ખેડૂતોની જંગલ-જમીન પર જંગલખાતા દ્વારા એકાએક પ્લાન્ટેશનના નામે રાતોરાત ખાડા ખોદવાનું શરૂ કરવામાં આવતા ગ્રામજનો મુશ્કેલીમાં મૂકાઈ ગયા. જીવનનિર્વાહ જેના પર નિર્ભર હતો તેવી ખેતીની જમીન ખતરામાં મૂકાઈ ગઈ. તે સમયે ફક્ત ધોરણ-

*જંગલખાતાના કેટલાક કર્મચારીઓ દ્વારા ખેડૂતોને ધમકાવવાનું શરૂ થયું. જેલમાં પૂરવાની અને કૉર્ટમાં લઈ જવાની ચિમકી પણ અપાઈ. કેટલાક લોકો ડરી પણ ગયા, પરંતુ સુરેશભાઈ અને તેમના સાથીઓ જાણતા હતા કે હકની લડાઈ ચાલુ નહીં રહે તો હક નહીં મળે.*

૧૦ ભણેલા કણાદર ગામના સુરેશભાઈ અને 'ગ્રામ વિકાસ સમિતિ'ના સભ્યોએ સમગ્ર મુદ્દા સામે લડત આપવાનું નક્કી કર્યું. જોકે, તેમની સામે સરકારી પીઠબળ ધરાવતા અધિકારીઓ હતા, જ્યારે અહીં બધું જ આપબળથી કરવાનું હતું. પંચાયતી રાજ અંગે 'ઉન્નતિ' પાસેથી તાલીમ લઈને તૈયાર થયેલા સુરેશભાઈ તેમાં મોખરે હતા.

સામાન્ય રીતે જંગલ ખાતાથી ડરીને રહેતા ગ્રામજનો તેમને અન્યાય થતો હતો છતાં બોલવા તૈયાર સુધ્ધાં નહોતા, પણ નાગરિકોને નેતૃત્વ લેતા ન કરે તો સુરેશભાઈ શાના! 'ગ્રામ વિકાસ સમિતિ' દ્વારા મિટિંગ બોલાવી તમામને એકત્ર કર્યા, સમજ આપી. આ પ્રક્રિયા શરૂ થતા જંગલખાતાના કેટલાક કર્મચારીઓ દ્વારા ખેડૂતોને ધમકાવવાનું શરૂ થયું. જેલમાં પૂરવાની અને કૉર્ટમાં લઈ જવાની ચિમકી પણ અપાઈ. કેટલાક લોકો ડરી પણ ગયા, પરંતુ સુરેશભાઈ અને તેમના સાથીઓ જાણતા હતા કે હકની લડાઈ ચાલુ નહીં રહે તો હક નહીં મળે.

ખેડૂતો-ગ્રામજનોને સતત હિંમત આપી સમજાવવાનું ચાલુ રાખ્યું. બધાને એક કરી રેન્જ ફૉરેસ્ટ ઑફિસરને અરજી કરાવી. મામલતદાર કચેરીને આવેદનપત્ર પણ આપ્યું. જંગલ-જમીન માટેની લડાઈ ચાલુ રહી. છેવટે એક દિવસ સોનાનો સૂરજ ઉગ્યો. જંગલ ખાતાની પ્લાન્ટેશનની કામગીરી અટકી ગઈ. વન અધિકાર કાયદા હેઠળ ખેડૂતોને જંગલ-જમીન પર અધિકાર છે તેવું ઠરાવાયું. ૫૦૦થી વધુ લોકોએ જંગલ-જમીન માટેના ફૉર્મ ભર્યા. હવે ૬૦૦ એકર જેટલી જમીન મળે તે દિશામાં કાર્યવાહી શરૂ થવા પામી છે. તે નહીં મળે તો તે માટે પણ લડત કરાશે.

સુરેશભાઈની મહેનત સફળતાના પંથે છે. નાગરિકોનું નેતૃત્વ લેવાના બદલે ક્યારેક નાગરિકોને નેતૃત્વ આપવાથી પણ પરિણામ આવી શકે છે તેમ તેઓ સમજે છે. હવે ગામની અન્ય સમસ્યાઓ તેમના એજન્ડા પર છે. જોકે, તેમની લડત માટેની પ્રેરણા પાછળ 'ઈશ્વર ખાદી ગ્રામોદ્યોગ સંઘ'ના સંચાલક દિલીપભાઈ ગોહિલ અને 'ઉન્નતિ' સંસ્થાના તાપસભાઈ અને શિવાનીબહેનનો ફાળો પણ ઓછો નથી. ગાંધીનગરમાં 'ઉન્નતિ' દ્વારા પંચાયતી રાજ, ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના



અને માહિતી અધિકાર વિશે અપાયેલી તાલીમો પણ તેમાં કારણભૂત છે. 'રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના' હેઠળ ગ્રામજનોને રોજગારી મેળવવા ગામની બહાર જવું પડતું હતું. સુરેશભાઈએ ગ્રામજનોને કાયદાની જોગવાઈઓ વિશે સમજ આપીને અરજીઓ કરાવી એટલે જોબકાર્ડ મળ્યાં અને ગામમાં જ જોઈએ ત્યારે રોજગારી મળવી જોઈએ તેનો અમલ પણ શરૂ થયો. આ માટે ફોટા ન મળતા તાલુકા સ્તરે પણ અરજી કરવામાં આવી છે. જોકે, રોજગાર યોજનાના પૈસા હજુ મળ્યા નથી. વન-વિભાગની જોહુકમી સામે લડત આપ્યા પછી સુરેશભાઈમાં એટલી સમજણ પણ વિકસી છે કે ગામનો વિકાસ બહુમુખી થાય તો જ કાયમી રીતે સમસ્યાઓનો ઉકેલ આવી શકે તેમ છે.

ગામમાં પીવાનાં પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે ઉકેલાયો નથી. પશુઓને પણ પાણી માટે ઘણાં દૂર લઈ જવાં પડે છે. ગામની પોણા ભાગની વસતિના ઘર હજુ વીજળીથી રોશન નથી. સરકારની જ્યોતિગ્રામ યોજનાનું અજવાળું મોટાભાગનાં ઘરોમાં પહોંચ્યું નથી. 'સ્વજલધારા જૂથ યોજના' માટે પાણી સમિતિ બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. વનવિભાગના બીટગાર્ડ કે અન્ય કર્મચારીઓ ક્યારેક ખેડૂતોને ધમકીઓ આપે અને પૈસા માંગે તેમ જ પૂરી દેવાની ધમકી આપે તો સુરેશભાઈનો અનુભવ અને એક વાર તંત્ર સામે પડવાની હિંમત કામે લાગે છે.

'જ્યોતિગ્રામ યોજના' હેઠળ વીજળીકરણનું કામ ચાલી રહ્યું છે તેમાં પણ વન વિભાગના અધિકારીઓ દ્વારા કામ અટકાવાયું હતું. આદિવાસી વિસ્તારમાં ફરજ બજાવતા હોય એટલે કોઈને કાયદાઓમાં ફેરફારની ખબર ન હોય તેવું જડ માનસ ધરાવતા વનવિભાગ દ્વારા

*સુરેશભાઈ જેવા નાગરિકો નેતૃત્વ લે અથવા નાગરિકોને નેતૃત્વ કરાવે તેમાં અવરોધ ઘણા હોય છે, પરંતુ તે જ તેમના ભાવિ વિકાસપથની કસોટી હોય છે.*

વીજળીકરણ કરવા માટેના તાર નાખવાનું કામ ૧૯૮૦ના કાયદા મુજબ અટકાવી દેવાયું હતું. પરંતુ, સુરેશભાઈ કાયદાના નવા ફેરફારથી માહિતગાર હતા. જાહેર માર્ગ, આંગણવાડી, સ્કૂલ, પંચાયત ઘર અને વીજળીનાં કામો માટેની યોજના અટકાવી ન શકાય તેમ કહેતા વન વિભાગે સનદ લઈને આવવા માટે કહ્યું. નવી સનદ આપવાની કામગીરી હાલ સ્થગિત છે. તેમનું નામ હવે ગામની બહાર પણ ગયું છે. નજીકના ઇટાવડી ગામે જંગલ-જમીનનો પ્રશ્ન ઊભો થતા ત્યાં પણ મદદ કરવા દોડી ગયા હતા.

ગામનો એક સમયે નાનો ગણાતો માણસ સમજણ આવવા લાગે એટલે ઘણા સ્થાપિત હિત ધરાવતાં પરિબળોને અવરોધરૂપ લાગે તેવા અનુભવ પણ તેમને થયા છે. બીપીએલ યાદીમાં નવાં નામ માટે યાદી મળી નહોતી. તે અંગે તલાટી, મંત્રી અને સરપંચે સહયોગ ન આપ્યો એટલે જાતે ફોર્મનું સેમ્પલ લઈ આવ્યા અને ગ્રામ સભા યોજી તેની માહિતી આપવા દબાણ કરવું પડ્યું હતું. એક નજરે નાના લાગતા પ્રશ્નો આદિવાસી પૃષ્ઠભૂમિ ધરાવતા ગામમાં અને યંત્રવત માનસિકતા ધરાવતા અધિકારીઓ વચ્ચે ખૂબ મોટા બની જતા હોય છે. આવા વાતાવરણમાં સુરેશભાઈ જેવા નાગરિકો નેતૃત્વ લે અથવા નાગરિકોને નેતૃત્વ કરાવે તેમાં અવરોધ ઘણા હોય છે, પરંતુ તે જ તેમના ભાવિ વિકાસપથની કસોટી હોય છે.

સરપંચ બનીએ તો 'બગડી' જવાય એમ કહેતા સુરેશભાઈની કોઈ રાજકીય મહત્વકાંક્ષા નથી. પોતાનામાં આત્મવિશ્વાસ વધ્યો અને હિંમત સાથે આગેવાની કરતા થયા તેને જીવવાનો સૌથી મોટો ફેરફાર માને છે. અગાઉના અને હાલના સુરેશભાઈ માટે ફરક એ પડ્યો છે કે પહેલાં ગામ સોંસરવા નીકળી જાય તો કોઈ નોંધ લેતું નહોતું. હવે તેમને ફળિયે ફળિયે 'આવો સુરેશભાઈ' તેમ કહીને આવકાર મળે છે. તેમની કહેલી વાત પણ ધીરજથી સાંભળવામાં આવે છે. કદાચ નાગરિકોને નેતૃત્વ આપતો નેતા કેવો હોવો જોઈએ તેની સમજ નાગરિકોને પણ આવી રહી છે.

*(આ લેખના લેખક અજય રામી, 'દિવ્ય ભાસ્કર' દૈનિકના પત્રકાર છે.)*

■ મમતા સોલંકી

# જ્ઞાતિઓની વાડાબંધી દૂર કરવાની નેમ ધરાવતા વયોવૃદ્ધ આગેવાન લલ્લુભાઈ

"વૈષ્ણવ નથી થયો તું રે,
શીદ ગુમાનમાં ઘુમે,
તુજ સંગ કોઈ વૈષ્ણવ થાયે
તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ન લાગે
તાહાં લગી તું કાચો."



***લલ્લુભાઈ ભાંભી***
*ગામઃ શેરપુર*
*તાલુકોઃ ઇડર*
*જિલ્લોઃ સાબરકાંઠા*

ઉપરોક્ત પંક્તિઓમાં કહી છે તેમ સાચા વૈષ્ણવ જનની જેમ પરાયા લોકોની પીડા સમજી તેમને મદદરૂપ થવાનો ભેખ ધારણ કર્યો છે ૭૦ વર્ષના વયોવૃદ્ધ લલ્લુભાઈએ. સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના શેરપુર ગામના લલ્લુભાઈએ જાણતા-અજાણતા આ રચનાઓના હાર્દને જીવનમાં સારી પેઠે ઉતારી લીધો છે. સમાજના પછાત કહેવાતા સમૂહનું પ્રતિનિધિત્વ કોઈ પણ જાતના આર્થિક વળતર કે કોઈ પણ હોદ્દાની લાલસા વગર આ વડીલ કરી રહ્યા છે.

ચર્મકામનો વ્યવસાય કરતી ભાંભી કોમના મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલા લલ્લુભાઈએ નાનપણથી જ જ્ઞાતિઓની વાડાબંધીનો અનુભવ કરેલો. આઝાદી પહેલાના સમયમાં બાલ્યાવસ્થામાં તેઓ એક દલિત સમુદાયના સભ્ય તરીકે મુશ્કેલીઓનો સામનો કરી ચૂક્યા હતા. દુનિયાદારીની સમજણ આવતા સુધી દલિત સમુદાયમાંથી આવતા હોવાના કારણે અનેક

*સંસ્થા દ્વારા યોજાતી તાલીમોમાં ભાગ લેવાથી મહેસુલ ખાતું, પોલીસ ખાતું, અને બીજાં એવાં અનેક સરકારી ખાતાઓમાં જઈ લોક ઉપયોગી કામો કેવી રીતે કરવા તેની ખબર પડી. ઉપરાંત, માહિતી અધિકારના કાયદાના ઉપયોગ વિશે પણ જાણ્યું. તેમણે કુકડીયા, વાંસડોલ, અંકાલા, હસનપુરા, ડુંગરી જેવાં નાનાં-નાનાં ગામોમાં સમિતિઓ બનાવી લોકોને માહિતગાર કર્યા.*

કડવા અનુભવો કરી ચૂક્યા હતા. આ અનુભવોએ તેમને સમાજના મુખ્યપ્રવાહમાં જઈને આ સમુદાયને કેમ મદદરૂપ થવું તે વિચારવા માટે મજબૂર કર્યા. પોતાના ગામમાં પોતાના જેવા પીડિત લોકોને મદદરૂપ થઈ અને આગળ લાવવાનું કામ લલ્લુભાઈએ ૮૦ના દાયકાથી જ શરૂ કરી દીધું હતું. તેઓ પંચાયત સાથે જોડાઈ ગયા, પરંતુ તેમના આ કામને આગળ ધપાવવામાં મદદ પહોંચાડી એક નાની ઘટનાએ.

૧૯૮૧માં જિલ્લા કલેક્ટર કે. બી. સોલંકીએ હુકમ કર્યો કે ગામની ૧૦ એકર જમીનમાંથી ૩ એકર જમીન દલિતો માટે ફાળવવી. લલ્લુભાઈ આ ઘટનાને યાદ કરતાં કહે છે કે, "તે વખતે કલેક્ટરના હુકમ પછી અમારી પંચાયતે આ જમીન દલિતોને ફાળવવાનો ઠરાવ પસાર કર્યો, પરંતુ ગામની એક સવર્ણ કોમના કેટલાક આગેવાનોને આ નિર્ણય ગમ્યો નહીં. તે વખતે આ કોમે અમારા કામને અને આ ઠરાવને પડકારવા ગામમાં જ એક યુવક મંડળની રચના કરી જેથી કરીને દલિતોની તરફેણમાં થતાં કામોને પડકારી શકાય. આ મંડળે અમારા ઠરાવ વિરુદ્ધ પ્રાંતમાં અપીલો કરી અને એ બાબતનો મેં ખુલ્લેઆમ વિરોધ કર્યો. આ કેસ ખૂબ લાંબો ચાલ્યો સામે મેં પણ મારી લડત ચાલુ જ રાખી હતી. બસ, પછી મારું કામ ખરા અર્થમાં શરૂ થયું."

૧૯૭૮ પછી તેઓ 'માનવ અસ્મિતા મંચ' સંસ્થા સાથે જોડાયા. જોકે, એ દરમિયાન તેઓ શેરપુર ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ પણ રહી ચૂક્યા હતા. દલિતો અને પછાત વર્ગ માટે કામ કરતી આ સંસ્થાના સંપર્કમાં રહીને તેમણે 'દલિત નેતૃત્વ કાર્યક્રમ' હેઠળ બે વર્ષ સુધી કામગીરી બજાવી. ખાસ તો મંદિરો તથા જાહેર સંસ્થાઓમાં દલિતોના પ્રવેશ નિષેધ બાબતે તેમણે ખાસ લડત ચલાવી. પછાત વર્ગના લોકોની સાથે જાગૃતિ માટે સવર્ણોને પણ તેઓ સમજાવવાનું કામ કરતા. આ ઉપરાંત વિવિધ સરકારી યોજનાઓમાં દલિતોના વિકાસ માટે કઈ યોજનાઓ ઉપયોગી છે તેની વિગતો પૂરી પાડવા ઉપરાંત આવી યોજનાઓનો લાભ કેવી રીતે ઉઠાવવો તેના રસ્તા પણ લલ્લુભાઈ બતાવતા રહ્યા. એ વખતે તેમણે 'ઇન્દિરા આવાસ યોજના' હેઠળ અપાતી સહાયના ભાગરૂપે દલિત સમુદાયનાં ૩૦ કુટુંબોને તેમણે

મળવાપાત્ર પ્લૉટ અપાવ્યાં હતાં. તેમની આ કામગીરીથી લોકો પરિચિત થવા માંડ્યા. દરમ્યાન, 'લોકસેવા યુવા ટ્રસ્ટ' દ્વારા તેમને 'ઉન્નતિ' સંસ્થા વિશે માહિતી સાંપડી. અત્યાર સુધી માત્ર પોતાની આંતરિક સુઝબુઝથી કામ કરતા લલ્લુભાઈને નવા જમાનાની રીતભાત અને વધારે સંસાધનોથી પોતાની કામગીરી વધારે વેગવંતી બનાવવાની તક મળતી હોય તેમ લાગ્યું અને તેઓ 'ઉન્નતિ' સાથે જોડાયા.

ત્યાર પછી તેમના કામને નવો ઓપ અને દિશા મળી. લલ્લુભાઈ 'ઉન્નતિ' સાથેના પોતાના અનુભવોની વાત માંડતા કહે છે, "સંસ્થા સાથે જોડાયા પછી હું વધારે સંગઠિત અને પદ્ધતિસર કામ કરતો થયો. સંસ્થા દ્વારા યોજાતી તાલીમોમાં ભાગ લેવાથી મહેસુલ ખાતું, પોલીસ ખાતું, અને બીજાં એવાં અનેક સરકારી ખાતાઓમાં જઈ લોક ઉપયોગી કામો કેવી રીતે કરવા તેની ખબર પડી. ઉપરાંત, માહિતી અધિકારના કાયદાના ઉપયોગ વિશે પણ જાણ્યું. તેમણે કુકડીયા, વાંસડોલ, અંકાલા, હસનપુરા, ડુંગરી જેવાં નાનાં-નાનાં ગામોમાં સમિતિઓ બનાવી લોકોને માહિતગાર કર્યા."

જોકે, લલ્લુભાઈનાં આ કામોમાં અવરોધો અને અડચણોની કમી નહોતી. દલિતોને ગૌચરની જમીન ફાળવવાના મુદ્દે પોતે ચલાવેલી લડત માટે તેમણે અને તેમના કુટુંબીજનોએ ૧૯૮૭માં સવર્ણો દ્વારા કરવામાં આવેલા પોતાના ઘર પર સળગતાં પેટ્રોલના કાકડાના હુમલાનો સામનો કરવો પડ્યો હતો.



પોતાના ગામ શેરપુરમાં 'વિકાસ સમિતિ'ના નેજા હેઠળ લલ્લુભાઈ પછાત વર્ગ માટે ઘણાં વિકાસ કાર્યો કરી રહ્યા છે. હવે લોકો પણ તેમને આ કામગીરીમાં મદદ કરતા થયા છે. જ્ઞાતિના ભેદભાવ હેઠળ જ્યાં માત્ર સવર્ણ કોમના મહોલ્લામાં ગટર, પાણીના નળ, વીજળીની સુવિધાઓ અપાતી ત્યાં હવે દલિતોના રહેણાંક વિસ્તારોમાં આ બધી સુવિધાઓ મળતી થઈ છે. પાકા રોડ પણ બન્યા છે. આ બધાં કામો માટે ગ્રામજનો લલ્લુભાઈનો આભાર માનવાનું ચૂકતા નથી.

છેલ્લાં ૩૫ વર્ષ દરમ્યાન વકીલો રોકવાથી માંડીને દલિતો અને પછાત વર્ગના હક માટે લડવા પાછળ તેમણે પોતાના પૈસા અને સમયનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે. ખૂબ ઓછું ભણેલા આ વડીલ, માહિતી અધિકારના કાયદા સહિત પંચાયત ઍક્ટ અને પોલીસ ઍક્ટનું પણ પૂરેપૂરું જ્ઞાન ધરાવે છે. આવકના દાખલા માટે ગરીબ મજૂરવર્ગ પાસેથી તલાટીને પૈસા લેતા રોકવાનું કામ હોય કે પછી દલિતો પાસેથી વધારે ઘર-વેરા લેવાની છેતરામણી અટકાવવાનું, 'લલ્લુકાકા' ગમે ત્યાં હાજર થઈ અન્યાય થતો અટકાવે છે. હવે તેઓ અરજીઓ લખતા પણ શીખી ગયા છે.

આ ઉંમરે પણ તેઓ કોઈ પણ જાતની શારીરિક મર્યાદાનો વિચાર કર્યા વગર એક ગામથી બીજે ગામ સતત કાર્યશીલ રહે છે. લલ્લુકાકા જ્યારે પોતાનાં સપનાં વિશે ઉલ્લેખ કરે ત્યારે તેમની ઘરડી આંખોમાં ચમક આવી જાય છે. દલિત અને પછાત વર્ગ માટેની કામગીરીમાં સવર્ણોનો પણ સંપૂર્ણ સહકાર મળે તે તેમનું સપનું છે. જ્ઞાતિઓની વાડાબંધી તેમને કઠે છે. તે તેમને પોતાના ગામ અને સમાજમાંથી દૂર કરવી છે. જે ગરીબ બાળકો યોગ્ય સંસાધનોના અભાવે ભણી નથી શકતાં, તેમના માટે ગામની હાઈસ્કૂલ નજીક એક આશ્રમ બાંધી તેમને રાખવાની અને ભણાવવાની જવાબદારી ઉપાડી લેવાનું તેમનું સપનું છે.

સંપૂર્ણપણે દલિતોને સમર્પિત રહેવું તે જ તેમનું જીવન ધ્યેય છે.

*(આ લેખનાં લેખિકા મમતા સોલંકી, મુક્ત પત્રકાર છે.)*

■ અનિતા જતકર

# શિક્ષણના માધ્યમ દ્વારા ગામની કાયાપલટ કરવા માટે આરંભાયેલો યજ્ઞ



**નરેશભાઈ પાંડવ**
*ગામઃ પાલડી*
*તાલુકો: ધોળકા*
*જિલ્લોઃ અમદાવાદ*

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના પાલડી ગામમાં શિક્ષણનો યજ્ઞ કરનાર ૨૩ વર્ષના નરેશકુમાર રમણલાલ પાંડવ પોતે બાર ધોરણ સુધી ભણ્યા છે. ઉપરાંત, કૉમ્પ્યુટરની જાણકારી પણ એમણે મેળવેલી છે. તમને થશે કે આ યુવાન આગળ કેમ ન ભણ્યા? નરેશભાઈને પણ આગળ ભણવાની હોંશ હતી, પરંતુ કુટુંબની નબળી આર્થિક સ્થિતિને લીધે તેઓ આગળ ભણી ન શક્યા. કુટુંબને ટેકો થાય માટે એક કંપનીમાં નોકરી કરી, પરંતુ સમાજ માટે, ગામ માટે કંઈક કરી છૂટવાની ભાવનાએ તેમને બેચેન કર્યા.

નરેશભાઈએ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પુસ્તક વાંચ્યું હતું. એમાંથી એમને સમાજ માટે કંઈક કરવાની પ્રેરણા મળી.

એમણે એમના મનની વાત ઘરમાં કહી. ઘરમાં બાપુજી લખીવાંચી શકે એટલું ભણેલા, માતા અભણ, ભાઈ એમની જેમ હાઈસ્કૂલ સુધી ભણેલો. બધાએ તેમને પૂછ્યું કે, તને શું મળશે? જોકે, નરેશભાઈના મનમાં પોતાને શું મળશેનો ભાવ ક્યારેય આવ્યો નથી. આજે નરેશભાઈ પાલડી ગામનાં આશરે ૫૦થી વધારે બાળકોને મફતમાં ભણાવે છે. એટલે આ બધાં બાળકો સરકારી શાળામાં તો જાય જ છે, પરંતુ નબળી આર્થિક સ્થિતિના કારણે આ બધાં જ બાળકો પ્રત્યે એમના

*ᏒᏕ*

***નરેશભાઈએ તો શિક્ષણના યજ્ઞના શ્રી ગણેશ કર્યા. બાળકોને ગામની પંચાયત ઑફિસમાંની લોબીમાં ભણાવવાનું શરૂ કર્યું. આ સાંભળી સરપંચ તો રાજીના રેડ થઈ ગયા. એમણે તરત જ ગામના કૉમ્યુનિટી હૉલની ચાવી નરેશભાઈને આપી દીધી. આથી તો જાણે સોનામાં સુગંધ ભળી. વિદ્યાર્થીઓને બેસવાની સારી જગ્યા મળી ગઈ.***

માતા-પિતા પૂરતું ધ્યાન આપી શકતા નથી. એટલે દરેક બાળકને ભણવું છે, આગળ આવવું હોય છે, છતાં એમની ભણવા પ્રત્યેની ગંભીરતા કોણ સમજે? માતા-પિતા મજૂરીએ જાય કે એમને ભણાવે? પરિણામે, પોતાના અનુભવને કારણે શિક્ષણનું મહત્ત્વ સમજેલા નરેશભાઈ બે વર્ષથી તદ્દન નિઃશુલ્ક રીતે ગામનાં બાળકોને ભણાવવાનો યજ્ઞ ચલાવી રહ્યા છે. શરૂઆતમાં કામમાં તેઓ એકલા જ હતા, આજે ગામના એમના મિત્રો, ગામના સરપંચ, ગામના આગેવાનો તથા ગામલોકો નરેશભાઈને સાથ-સહકાર આપી રહ્યા છે.

સમાજ સેવા માટે શિક્ષણનું ક્ષેત્ર કેમ પસંદ કર્યું તેના જવાબ રૂપે તેઓ કહે છે કે, "બે વર્ષ પહેલાં એક વાર 'ઉન્નતિ' સંસ્થાના કાર્યકરો અમારા ગામમાં આવ્યા હતા. ગામની શાળામાં તેઓએ સભા ભરી. સભામાં તેમણે શિક્ષણ અને તેમાંય કન્યા કેળવણી પર ભાર મૂકતું નાટક રજૂ કર્યું. વળી, એમાં સ્ત્રી-ભ્રુણ હત્યાના વિરોધ માટેનો પણ સંદેશો હતો. એ નાટકની મારા મન પર ઊંડી અસર થઈ અને મને થયું કે હું ગામનાં બાળકોને ભણાવું તો કેવું! શિક્ષણ જ વિકાસનો પાયો છે. શિક્ષણ હશે તો લોકો લખી-વાંચી શકશે, કોઈક યોજનાનો લાભ લઈ શકશે અને શિક્ષણથી ગામમાં જાગૃતિ આવશે. બસ, એ દિવસથી નક્કી કરી બીજા દિવસથી હું આ શિક્ષણના કાર્યમાં લાગી ગયો." એમણે શાળાના વિદ્યાર્થીઓનો સર્વે કરી બધી માહિતી મેળવી. શાળામાં જાહેરાત કરાવી કે શાળાના સમય પછી ગામમાં અમુક જગ્યાએ ચોક્કસ સમયે તેઓ બાળકોને ભણાવશે.

નરેશભાઈએ તો શિક્ષણના યજ્ઞના શ્રી ગણેશ કર્યા. બાળકોને ગામની પંચાયત ઑફિસમાંની લોબીમાં ભણાવવાનું શરૂ કર્યું. શરૂમાં તો માંડ દસ-બાર છોકરાઓ આવ્યાં. એ દરમ્યાન નરેશભાઈએ ગામના સરપંચ વિક્રમભાઈ ભરવાડને પોતાના કામની વાત કરી. આ સાંભળી સરપંચ તો રાજીના રેડ થઈ ગયા. એમણે તરત જ ગામના કૉમ્યુનિટી હૉલની ચાવી નરેશભાઈને આપી દીધી. આથી તો જાણે સોનામાં સુગંધ ભળી. વિદ્યાર્થીઓને બેસવાની સારી જગ્યા મળી ગઈ. જેમ જેમ ગામમાં જાણ થતી ગઈ તેમ તેમ ભણવા આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધી અને નરેશભાઈના આ યજ્ઞ કાર્યમાં સાથ આપનારાની સંખ્યામાં વધારો

*ᏕᏒ*




થયો. ગામ લોકોએ સ્વેચ્છાએ વિદ્યાર્થીઓ માટે કાળુ પાટિયું, ચોક, ડસ્ટર, વગેરે લાવી આપ્યાં. નરેશભાઈને તો મનગમતું કામ મળતા તે તો આનંદમાં રહેવા લાગ્યા, પણ પાછું વિદ્યાર્થીઓ ઓછા આવે તો એમને ચિંતા થતી. બાળકો ભણવા આવે માટે તેઓ ચોકલેટ, બિસ્કીટ આપતા. ગામમાં ઘરેઘરે જઈ બાળકોને ભણવા મોકલવા માટે મા-બાપને સમજાવતા. છતાં ઘણા ગામલોકોને મનમાં ડર હતો કે વર્ષ પત્યા પછી નરેશભાઈ ટ્યુશનના પૈસા માગશે તો? જોકે, આજે બે વર્ષ પછી ગામની દરેક વ્યક્તિને નરેશભાઈની નિઃસ્વાર્થ ભાવનાનો પરિચય થઈ ગયો છે.

નરેશભાઈનું ગામ અને કામ પ્રત્યેનું સમર્પણ જોઈને ગામના સરપંચે તેમને ગ્રામમિત્રમાં અરજી કરવાની ભલામણ કરી. તેમણે અરજી કરતાં નરેશભાઈની પાલડી નજીકના કાદીપુર ગામના ગ્રામમિત્ર તરીકે નિમણૂક થઈ છે. નરેશભાઈ સદાય એમની ફરજ માટે તત્પર રહે છે.

સાથેસાથે નરેશભાઈ 'ઉન્નતિ' સંસ્થા સાથે પણ જોડાયેલા છે. 'ઉન્નતિ'માં જોડાયા પછી ગામલોકોના દરેક કામ માટે તેઓ સહકાર આપે છે. એક વાર સરકારી કામ કરાવવામાં થયેલા ખરાબ અનુભવ વિશે તેઓ કહે છે કે, "ગામમાં આંબેડકર આવાસ યોજનાનાં મકાનો બન્યાં છે. તેનાં નાણાં લેવામાં અમને બહુ તકલીફ પડી હતી. લાગતાવળગતા અધિકારી સાહેબે અમને નાહકના ધક્કા ખવડાવ્યા હતા. આખરે કંટાળી એક દિવસ સાહેબને મેં પૂછ્યું કે અમને અમારા પૈસાનો ચેક ક્યારે મળશે? ચોખ્ખો જવાબ આપો નહીંતર હું માહિતી અધિકારની રૂએ એ બાબતે આગળ વધીશ. આ વાક્ય સાંભળતાની સાથે અધિકારી નરમ બન્યા ને અઠવાડિયામાં ચેક આવશેની વાત કરી અને એ પછી સાચ્ચે જ અઠવાડિયામાં ચેક આવી ગયો."

નરેશભાઈ કહે છે કે, 'ઉન્નતિ' સંસ્થાએ મને કામ કરવાનો મારગ દેખાડ્યો. એટલે તો હું આજે વિદ્યાર્થીઓને ભણાવી રહ્યો છું. સંસ્થાની મિટિંગમાં જવાથી મને ઘણી જાણકારી મળી છે. એનો ઉપયોગ હું મારા પોતાના માટે તથા ગામના વિકાસ માટે પણ કરું છું.

નરેશભાઈના હૈયે ગામનું હિત વસેલું છે. એના માટે તેઓ અનેકાનેક પ્રવૃત્તિઓ કર્યા કરે છે. ગામના યુવાનો ગામમાં મદદરૂપ બને એ હેતુથી તેઓએ ૧૩ યુવાનોનું એક મિત્રમંડળ બનાવ્યું છે. આ મંડળ દર મહિને સો રૂપિયાની બચત કરે છે. મંડળનું રજિસ્ટ્રેશન કરાવી વિધિવત રીતે બચત મંડળની શરૂઆત કરવાનો નરેશભાઈનો વિચાર છે. આ બચતમાંથી મંડળના મિત્રો અને બીજા લોકોને મદદ કરવાનો તેમનો હેતુ છે. સમય જતાં આ મંડળની સભ્ય-સંખ્યા વધે અને બાળકો માટે આધુનિક શાળા અથવા સુંદર બગીચો બને એ નરેશભાઈનું સ્વપ્ન છે. આપણે ઇચ્છીએ કે નરેશભાઈનું આ સ્વપ્ન સાકાર થાય.

*(આ લેખનાં લેખિકા અનિતા જતકર, મુક્ત પત્રકાર છે.)*

# મારા ગામમાં મારે મોટી સ્કૂલ કરવી છે: ભરતભાઈ

"પહેલાં તો એવી સ્થિતિ હતી કે આઠમા ધોરણમાંય અમારે છોકરાંને કક્કો-બારાખડી કરાવવાં પડતાં હતાં. હવે તારા આવ્યા પછી સ્થિતિ ધરમૂળથી સુધરી છે." તમારા ગામની હાઇસ્કૂલના ટ્રસ્ટી તમને બજાર વચ્ચે ઊભા રાખી, ખભે પ્રેમથી હાથ મૂકીને આ શબ્દો કહે અને તમારી ઉંમર માંડ ૨૨ વર્ષની હોય તો તમારી છાતી ગજ ગજ ફૂલે કે નહીં?



**_ભરતભાઈ સોલંકી_**
*ગામ: પાલડી*
*તાલુકો: ધોળકા*
*જિલ્લો: અમદાવાદ*

જોકે, અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના પાલડી ગામના ભરત સોલંકીને આવા માનભર્યા શબ્દોની હવે બહુ નવાઈ નથી રહી, કેમ કે એણે ગામનાં બાળકોનું ભાવિ સુધારવાનું કામ તો ઉપાડ્યું જ છે, સાથોસાથ ગામલોકોનો વર્તમાન પણ ખુશાલીભર્યો બનાવવાનું ભગીરથ કામ આરંભ્યું છે.

આપણે માંડીને વાત કરીએ. ભરતનો પરિવાર વર્ષોથી પાલડી ગામમાં સ્થાયી થયો છે, પણ સૌથી મોટા દીકરા ભરતે બીજા ધોરણથી અમદાવાદની પ્રકાશ હાઇસ્કૂલમાં હૉસ્ટેલમાં રહીને અભ્યાસ કર્યો. કારણ સાદું - પાલડી ગામમાં શિક્ષણની હાલત સાવ કથળેલી અને મા-બાપને ભરત ભણીગણીને 'મોટો માણસ' બને એવી આશા અને શ્રદ્ધા બંને. ભરતે ૧૨મું ધોરણ પાસ કર્યા પછી હાર્ડવેર નેટવર્કિંગ એન્જિનિયરિંગનો

*ભરતના ગામનું કામ જોઈને આસપાસનાં બીજાં ગામોની પંચાયતના સભ્યો પણ પાલડીમાં માર્ગદર્શન માટે આવ્યા અને એમણે પણ યોજનાનો લાભ લેવાનું શરૂ કર્યું. ભરતની ધગશ જોઈને પાલડી ગ્રામપંચાયતે તેને ગ્રામસેવક બનાવ્યો છે.*

અભ્યાસ કર્યો. છેલ્લાં બે-એક વર્ષથી પોતાને ઘેર રહીને અમદાવાદ અપ-ડાઉન કરીને એ નોકરી સાથે અભ્યાસ આગળ ધપાવે છે. આ બે વર્ષ દરમિયાન, પોતાને શિક્ષણનો જે લાભ મળ્યો એ ગામનાં બીજાં છોકરાંને ન મળતો જોઈને ભરતનું મન કોચવાતું હતું. દરમિયાન, ‘ઉન્નતિ’ સંસ્થા સાથે સંકળાયેલા એક મિત્રના કારણે ભરત પણ ‘ઉન્નતિ’ના પરિચયમાં આવ્યો. ‘ઉન્નતિ’ રાઇટ ટુ ઇન્ફર્મેશન (આરટીઆઇ) એટલે કે ‘માહિતી અધિકાર’ના કાયદાની મદદથી લોકોનાં ખોરંભે પડેલાં સરકારી કામો આગળ ધપાવવામાં મદદરૂપ થાય છે. ભરત કહે છે, “મને આ કામ કરવા જેવું લાગ્યું એટલે હું એમાં જોડાયો.”

એમાં કરવાનું એટલું હતું કે ધોળકા જેવા ગામમાં, જ્યાં આજુબાજુનાં નાનાં ગામોના લોકો બજારના કામસર આવતા હોય ત્યાં, ‘ઉન્નતિ’ના બીજા કાર્યકરો સાથે ખુરશી-ટેબલ નાખીને બેસવાનું, લોકોને માહિતી અધિકાર વિશે માર્ગદર્શન આપવાનું અને કોઈને વધુ મદદની જરૂર હોય તો એની સાથે સરકારી કચેરીએ જવાનું. ભરત કહે છે, “લોકોને સરકારી આવાસ યોજનામાં મળવાપાત્ર સહાયનો આગલો ચેક અટકી પડ્યો હોય કે રેશન કાર્ડ મળવામાં વધુ પડતું મોડું થતું હોય તો અમે સાથે કચેરીએ જઈએ અને અધિકારી કે કારકૂનને સમજાવીએ કે અમે માહિતી અધિકાર હેઠળ આગળ કાર્યવાહી કરીશું. એની અસર થાય અને ભ્રષ્ટાચાર વિના લોકોનું કામ થઈ જાય.”

ભરત કહે છે કે ‘ઉન્નતિ’ સાથે સંકળાયા પછી એને લોકોને મળવાપાત્ર વિવિધ સરકારી યોજનાના લાભ વિશે માહિતી મળી. આ માહિતી ભરત માટે એટલી અસરકારક નીવડી કે આજે ભરતની પહેલને કારણે એના ગામના ૪૭૬ જેટલા પરિવારોને નવી રોજી મળી છે. ભરત કહે છે, “હજી ગયા વર્ષ સુધી મને જોબકાર્ડ એટલે શું એ પણ ખબર નહોતી. ‘ઉન્નતિ’માંથી જાણવા મળ્યું કે કેન્દ્ર સરકારની ‘રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના’ હેઠળ ગામલોકોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજી મળી શકે છે.” ભરતે પોતાના ગામના સરપંચ અને તલાટીને વાત કરી, એમને પણ થયું કે ગામને આ લાભ મળવો જોઈએ.




સૌએ સાથે મળીને તપાસ કરી અને ગામના પરિવારોનાં જોબકાર્ડ બનાવડાવ્યાં. હવે ગામના રસ્તા સુધારવા, લેવલિંગ કરવું, વનીકરણ કરવું વગેરે કામમાં આ પરિવારોને રોજી મળે છે. યોજના હેઠળ વર્ષે એક પરિવારને કુલ ૧૦૦ દિવસનું કામ અને રૂ. ૧૦,૦૦૦ની રોજી મળે છે. ભરતના ગામનું કામ જોઈને આસપાસનાં બીજાં ગામોની પંચાયતના સભ્યો પણ પાલડીમાં માર્ગદર્શન માટે આવ્યા અને એમણે પણ યોજનાનો લાભ લેવાનું શરૂ કર્યું. ભરતની ધગશ જોઈને પાલડી ગ્રામપંચાયતે તેને ગ્રામસેવક બનાવ્યો છે.

જોકે, ભરતને ફક્ત આટલાથી સંતોષ નહોતો. ગામમાં શિક્ષણની સ્થિતિ સુધારવાનું સ્વપ્ન હજી અધૂરું હતું. 'ઉન્નતિ'નું માર્ગદર્શન તો હતું જ, એમાં નરેશભાઈ પાંડવ અને મહેશભાઈ પાંડવ નામના મિત્રોનો સાથ મળ્યો એટલે ભરતે ગામનાં બાલમંદિરથી સાત ધોરણ સુધીનાં બાળકો માટે મફત ટ્યુશન ચાલુ કર્યાં. એની સુવાસ એવી પ્રસરી કે અત્યારે ૩૦૦ જેટલાં બાળકો એનો લાભ લે છે. ભરત કહે છે, "છોકરાંને સ્કૂલમાં ગમે કે ટ્યુશનમાં એમ પૂછીએ તો ફટાક દઈને ટ્યુશનમાં એવો જવાબ મળે છે. કારણ કે નિશાળમાં સાહેબના માર કે ઠપકાની બીક હોય, જ્યારે અમે પ્રેમથી, હસતાં-રમતાં ભણાવીએ. મફતમાં નોટ-પેન્સિલ આપીએ, સ્પર્ધાઓ ગોઠવીએ, પ્રોત્સાહન ઇનામ આપીએ, કૉમ્પ્યુટર શીખવીએ. પિકનિક પર લઈ જઈએ... પછી ભણવું ગમે જ ને!" ભરત હસીને ઉમેરે છે કે, "પહેલાં ગામમાં હું કોઈને ન ઓળખું, એમ મનેય કોઈ ન ઓળખે. હવે નાનું છોકરુંય મળે તો 'ગુડ મોર્નિંગ સર, ગુડ આફ્ટરનૂન સર' કહે છે.

ભરત છેલ્લાં બે-ત્રણ વર્ષમાં જે કામ થઈ શક્યું છે એને વધુ વ્યવસ્થિત અને લાંબા ગાળાનું

સ્વરૂપ આપવા માટે પણ પ્રયત્નશીલ છે. મિત્રો સાથે મળીને એણે 'સનરાઇઝ મિત્રમંડળ' સ્થાપ્યું છે. એને ધીમે ધીમે એ એક રજિસ્ટર્ડ સંસ્થાનું સ્વરૂપ આપવા માગે છે. ભરત તેના પોતાના ભાવિ બાબતે પણ બહુ સ્પષ્ટ છે. કહે છે, "પાંચ વર્ષનું મેનેજમેન્ટ કરી લીધું છે. વધુ અભ્યાસ માટે હું બેંગલોર જાઉં છું અને પછી લંડન જઈને એમસીએ કરવું છે." અને પછી ત્યાં જ રહી પડવાનું મન નહીં થાય? એવું પૂછતાં ભરત કહે છે, "પાછા તો આવવું જ છે. મારા ગામમાં મારે જૂનિયર કે.જી.થી છેક સુધીની મોટી સ્કૂલ કરવી છે. મેં જે જે નક્કી કર્યું છે એમાં સફળતા મળી જ છે, આ પણ થશે જ."

ભરત પર ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારોની ઘેરી અસર છે. એ કહે છે કે એણે બાબાસાહેબનાં બધાં પુસ્તકો વાંચી નાખ્યાં છે. ભરત કહે છે, "બાબાસાહેબે લખ્યું છે કે 'હું નોકરી ખાતર ભણતો નથી. મારી જનતા માટે ભણું છું.' મારું પણ એવું જ છે. હું 'ઉન્નતિ' સાથે સંકળાયો ન હોત તો ભણવામાં વધુ ધ્યાન આપીને કદાચ થોડા વધુ ટકા મળ્યા હોત. પણ, જેને મેરિટ-નોકરી-પૈસામાં રસ નથી એને પરીક્ષામાં ટકા કરતા લોકોની કદરનું મહત્ત્વ વધુ છે. અત્યારે બે વર્ષમાં આખો તાલુકો મને ઓળખતો થયો છે. વધુ ભણીને પાછો આવું પછી તો આખું ગુજરાત મને ઓળખતું હોવું જોઈએ."

આપણા દેશમાં બીજા માટે કંઈક કરી છૂટવાની ભાવના તો ઘણા ખરા લોકોમાં હોય છે, પણ આત્મવિશ્વાસથી છલકાતા ભરતને મળીએ ત્યારે સમજાય કે દૃષ્ટિવંત લોકોનો સાથ અને પ્રોત્સાહન મળે તો આ ભાવનાને સાચી દિશા મળે છે અને એનાથી એક નહીં, અનેક જીવન બદલાય છે.

*(આ લેખના લેખક હિમાંશુ કીકાણી, મુક્ત પત્રકાર છે.)*

# શહેરી ગરીબો માટે પાણી અને સફાઈની સમસ્યાના ઉકેલ માટે કટિબદ્ધ જ્યોત્સનાબહેન



***જ્યોત્સનાબહેન***
*ખાનપરા વિસ્તાર*
*મુ. ધોળકા*
*તાલુકો: ધોળકા*
*જિલ્લો: અમદાવાદ*

સૌરાષ્ટ્રના ભાલ પ્રદેશનું પ્રવેશ દ્વાર ધોળકા, અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનું એ તાલુકામથક છે. ધોળકાની નગરપાલિકા ગુજરાતની સૌથી જૂની નગરપાલિકાઓમાંની એક નગરપાલિકા છે. પાલિકામાં અનેક સમિતિઓની રચના કરવામાં આવી છે, પણ મોટા ભાગની સમિતિઓની કોઈ કામગીરી નથી. સંસાધનોનો અભાવ હોવાથી નબળી કામગીરી થાય છે. એ જ રીતે, નબળી કામગીરી હોવાના કારણે સંસાધનો ઉપલબ્ધ થતાં નથી. પાલિકાની સેવાઓ ખરાબ હોવાથી લોકો વેરા પણ ચુકવતા નથી. સેવાઓની સ્થિતિ સુધારવા માટે કે પછી નવી માળખાગત સવલતો ઊભી કરવા માટે ખાસ કોઈ પ્રયાસ કરવામાં આવ્યા નથી.

આવી સ્થિતિમાં ધોળકા નગરની પાયાની સેવાઓ સુધારવામાં સ્થાનિક નાગરિક જૂથે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં પાણી પુરવઠા અને સફાઈ સેવાઓ સુધારવાની દિશામાં સ્થાનિક નાગરિકોએ પહેલ કરી છે. તેમાં અસરકારક આગેવાની પૂરી પાડવામાં જ્યોત્સનાબહેનનું નામ અચૂક લેવું પડે. જ્યોત્સનાબહેન ખાનપરા વિસ્તારમાં રહે છે. વૉર્ડ નં.૧માં આવેલા આ ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકો પતરાંનો ભંગાર એકઠો કરીને જાહેર રસ્તા



*જ્યોત્સનાબહેને સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે લોકભાગીદારીનો રસ્તો અપનાવ્યો. જ્યોત્સનાબહેનને એ ખબર હતી કે, સમુદાયની ભાગીદારીથી જ સમસ્યાઓનો અસરકારક ઉકેલ આવી શકે.*

પરની લાઈટોના પ્રકાશમાં પતરાં સીધાં કરવાનું કામ કરે છે.

સ્થાનિક વિસ્તારની પરિસ્થિતિ જોઈને જ્યોત્સનાબહેને ત્યાંની સમસ્યાઓ ઉકેલવાનું બીડું ઝડપ્યું. સૌથી પહેલાં તેમણે 'સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજના' હેઠળ મહિલાઓને ભેગી કરીને વ્યવસાયી તાલીમ મેળવવા માટે પ્રોત્સાહિત કરી. જ્યોત્સનાબહેન વર્ષ ૧૯૯૮માં પહેલી જ વાર અપક્ષ નગર સેવક તરીકે ચૂંટાયાં. તેમણે સ્થાનિક મહિલાઓને સરકારી યોજનાઓ વિશે માહિતી આપી. રેશન કાર્ડ, વિધવા પેન્શન, બસ પાસ, રેલવે પાસ વગેરે જેવી સેવાઓ અંગે તેમણે લોકોને જાગૃત કર્યા. તેમણે ઘરેલુ હિંસાના મુદ્દે પણ લોકોમાં સમજ ઊભી કરી. નગર સેવક તરીકેની કામગીરી દરમ્યાન જ્યોત્સનાબહેને પોતાના વિસ્તારના પ્રશ્નો અંગે નગરપાલિકામાં રજૂઆત કરી, પણ તેમની ફરિયાદો સામે આંખ આડા કાન કરવામાં આવતા હતા. મોટે ભાગે પાલિકા પાસે પૈસા નથી એવું બહાનું આગળ ધરવામાં આવતું હતું.

આવા અનુભવોને કારણે જ્યોત્સનાબહેને પોતાના વિસ્તારના સમુદાય

સાથે અનૌપચારિક બેઠકો યોજવાનું શરૂ કર્યું. આ બેઠકોમાં તેઓ સ્થાનિક પ્રશ્નોની ચર્ચા કરતા. બેઠકોમાં લોકો પોતાનાં મંતવ્યો મુક્ત મને રજૂ કરતા. ત્યાર પછી સર્વસંમતિથી નિર્ણયો લેવાતા. આ રીતે જ્યોત્સનાબહેને સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે લોકભાગીદારીનો રસ્તો અપનાવ્યો. જ્યોત્સનાબહેનને એ ખબર હતી કે, સમુદાયની ભાગીદારીથી જ સમસ્યાઓનો અસરકારક ઉકેલ આવી શકે.

એક નાગરિક આગેવાન તરીકેના અનુભવોથી તેમને સમજાયું કે યોજનાઓ વિશેની માહિતીનો અભાવ અને જટિલ કાનૂની પ્રક્રિયા પોતાના કામમાં મોટા અવરોધરૂપ છે. તેથી તેમણે સ્વૈચ્છિક સંસ્થા 'ઉન્નતિ' દ્વારા ધોળકામાં ચાલતા 'નાગરિક સહયોગ કેન્દ્ર'નો સંપર્ક સાધીને બધી યોજનાઓ અને નગરપાલિકાના ધારા વિશે માહિતી મેળવી. અભણ હોવા છતાં જ્યોત્સનાબહેને કાયદાને લગતી બાબતો જાણવામાં ખૂબ રસ દાખવ્યો અને 'ઉન્નતિ'ના કાર્યકરોની મદદ લઈને કાયદાકીય બાબતો તેમ જ વિકાસના મુદ્દાઓની સમજ કેળવી. ત્યાર પછી તેમણે સમુદાયને સાથે રાખીને પ્રશ્નો અંગેની ફરિયાદો નોંધવાનું શરૂ કર્યું.

જ્યોત્સનાબહેને પાણી અને સફાઈની સમસ્યાઓ ઉકેલવા માટે કરેલા પ્રયાસો સફળ થયા. વૉર્ડ નં.૧માં તેમના પ્રયત્નોને પરિણામે પાણી પુરવઠા માટે નવી પાઈપ લાઈન નાખવામાં આવી. આ પાઈપ લાઈનમાંથી સ્થાનિક વિસ્તારના ૩૦૦માંથી ૨૦૦ પરિવારો પાણીનું જોડાણ ધરાવતા હતા. બાકીના ૧૦૦ પરિવારો માટે તેમણે સ્ટેન્ડ પોસ્ટની વ્યવસ્થા ઊભી કરાવી. સ્થાનિક રસ્તા કાચા હતા એ આરસીસીના કરાવ્યા. રસ્તા પરની લાઈટો ચાલુ કરાવી. ગુજરાત વિદ્યુત બૉર્ડ અને નગરપાલિકા સાથે વાટાઘાટો કરીને વીજળીથી વંચિત ૧૫૦ પરિવારોને વીજળીનું જોડાણ અપાવ્યું. એક સફળ આગેવાનના આવાં ઉમદા કામોની કદર કરીને સ્થાનિક લોકોએ તેમને ફરી વાર ૨૦૦૨માં નગર સેવક તરીકે ચૂંટ્યાં.

એક નાગરિક આગેવાન તરીકે જ્યોત્સનાબહેને સ્થાનિક શાસનના કાયદા-નિયમોની સમજ કેળવી, તેથી તેમની કામગીરી સરળ બની. વળી, તેઓ નગરપાલિકા અને લોકો વચ્ચે મહત્ત્વની કડી બન્યાં. આ રીતે તેઓ નગરપાલિકાને વધારે પારદર્શી અને ઉત્તરદાયી બનાવવામાં સફળ થયાં.

*(આ લેખનાં લેખિકા એલિસ મોરિસ, 'ઉન્નતિ' સંસ્થાનાં પ્રોગ્રામ કોઑર્ડિનેટર છે.)*

# કુદરતી આફતોમાં સરાહનીય કામગીરી કરનાર આગેવાન ઇસ્માઈલભાઈ



***ઇસ્માઈલભાઈ***
*મુ. ભચાઉ*
*તાલુકો: ભચાઉ*
*જિલ્લો: કચ્છ*

કોઈ પણ કુદરતી આફત પછી સૌથી વંચિત અસરગ્રસ્ત લોકો સુધી રાહત અને પુનર્વસનની સહાય પહોંચે તે માટે સ્થાનિક આગેવાનો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. જો નિષ્ઠાવાન આગેવાન હોય તો તે સાચા ગરીબો અને વંચિતોને શોધીને એમના સુધી મદદ અને વિકાસનાં ફળ પહોંચાડવામાં નિમિત્ત બને. એટલે જ કોઈ પણ પ્રકારની આફતોમાં નિષ્ઠાવાન અને પ્રામાણિક આગેવાનનું અદકેરું મહત્ત્વ હોય છે.

કચ્છ જિલ્લાના ભચાઉ નગરના ઇસ્માઈલભાઈ પણ આવા જ એક નિષ્ઠાવાન આગેવાન છે. આમ તો તેઓ ૧૯૭૯થી ભચાઉ નગરમાં ચાની લારી ચલાવે. વર્ષ ૨૦૦૧ના ભૂકંપ દરમ્યાન તેમણે રાત-દિવસ એક કરીને નગરના તમામ લોકો માટે કામ કર્યું. સૌથી પહેલા તેઓ એક જૂથ બનાવીને રાહતના કામમાં લાગી ગયા. તેમણે લોકોની તત્કાલિન જરૂરિયાતો ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું. મદદ માટે આવતી સંસ્થાઓ સાથે સંપર્ક કરીને લોકો માટે અન્ન, દવાઓ અને આવાસની વ્યવસ્થા કરાવી. રાહત કાર્ય પૂરું થયા પછી ગુજરાત સરકાર દ્વારા ભૂકંપથી અસરગ્રસ્ત લોકો માટે વળતરનું પેકેજ જાહેર થયું. આ કામમાં પણ તેમણે પાછી પાની નથી કરી. ઇસ્માઈલભાઈએ લોકોને થયેલા નુકસાનની આકારણી કરવામાં અને

માહિતીનો પ્રચાર-પ્રસાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. વળતર મેળવવામાંથી બાકાત રહી ગયેલા નિઃસહાય પરિવારોને તેમણે શોધી કાઢ્યા અને તેમને સહાય અપાવી.

ધરતીકંપ દરમ્યાન અનેક પરિવારોએ પોતાનાં રૅશન કાર્ડ ગુમાવ્યાં હતાં. જ્યારે સરકારે એ વખતે એવો નિયમ કર્યો હતો જેમની પાસે રૅશન કાર્ડ હશે તેમને જ વળતર મળશે. સ્થાનિક વિધવાઓ, ઝૂંપડાવાસીઓ અને અન્ય નિઃસહાય જૂથો પાસે કોઈ પુરાવા ન હોવાના કારણે એ લોકોને નિયમ પ્રમાણે વળતર મળતું નહોતું. કેટલાક કિસ્સાઓમાં તો જેમની પાસે રૅશન કાર્ડ હતાં તેમને પણ વળતર મળ્યું નહોતું.

ઇસ્માઈલભાઈની આગેવાનીમાં સ્થાનિક સમુદાયમાં આ મુદ્દા અંગે ચર્ચા થઈ અને આ બાબતે સંબંધિત અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું. સરકાર સાથે આ અંગે અનેક વખત ચર્ચા-વિચારણા થયા પછી ત્રણ મહિના બાદ નિયમો બદલવામાં આવ્યા. નવા નિયમો

***સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઇસ્માઈલભાઈને સમજાયું કે લોકોને ઘર બાંધવામાં ભારે મુસીબતોનો સામનો કરવો પડે છે. તેથી તેમણે જુદી જુદી સંસ્થાઓ સાથે સંપર્ક કરતા રહીને સમુદાય સુધી ઉપયોગી જાણકારી પહોંચાડી. ખાસ કરીને વિધવા મહિલાઓ, એકાકી નારીઓ અને વૃદ્ધોને તેઓ ખૂબ મદદરૂપ બન્યા.***



મુજબ જેમનાં રૅશન કાર્ડ ખોવાઈ ગયાં હોય તેઓ તે અંગે દુકાનદારનો પુરાવો લઈ આવે તો તેને પુરાવો ગણી શકાય એમ નક્કી થયું. વળી, રૅશન કાર્ડથી વંચિત લોકોને લેખિત પરવાનગીની ખાતરી આપવામાં આવી. પરિણામે, બધા પરિવારોને લાભ થયો. પુનર્વસનની યોજનામાંથી બાકાત રહી ગયેલા લોકો માટે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા 'ઉન્નતિ'એ ઇસ્માઈલભાઈને મદદ અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં. 'ઉન્નતિ' દ્વારા ચાલતા 'નાગરિક સહયોગ કેન્દ્ર'માંથી પણ ઇસ્માઈલભાઈ અવારનવાર જાણકારી મેળવતા રહેતા અને એ જાણકારી લોકો સુધી પણ પહોંચાડતા.

સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઇસ્માઈલભાઈને સમજાયું કે લોકોને ઘર બાંધવામાં ભારે મુસીબતોનો સામનો કરવો પડે છે. તેથી તેમણે જુદી જુદી સંસ્થાઓ સાથે સંપર્ક કરતા રહીને સમુદાય સુધી ઉપયોગી જાણકારી પહોંચાડી. ખાસ કરીને વિધવા મહિલાઓ, એકાકી નારીઓ અને વૃદ્ધોને તેઓ ખૂબ મદદરૂપ બન્યા. કયા મુદ્દા અંગે કયા અધિકારીને મળવું એ અંગેની જાણકારી એ સમયગાળામાં ખૂબ ઉપયોગી નીવડે તેવી હતી. તેથી તેમણે એ પ્રકારની માહિતી પહોંચાડવાનું મહત્ત્વનું કામ કર્યું. એવામાં ઇસ્માઈલભાઈની ચાની લારી પણ ફરી વાર બંધાઈ. લોકો તેમને ત્યાં તેમને મળવા આવતા તેમ જ પાણી તથા વીજળીના જોડાણ અને વિકલાંગતાના પ્રમાણપત્ર વિશે માહિતી મેળવતા. ઇસ્માઈલભાઈને મળવા આવનારા લોકોમાંથી કેટલાક લોકોએ પોતાનો ધંધો શરૂ કરવાની લાગણી વ્યક્ત કરી. આર્થિક રીતે નબળા સમુદાયના આ લોકો માટે ઇસ્માઈલભાઈએ આજીવિકાના મુદ્દે કાર્યરત સંસ્થાઓનો સંપર્ક સાધ્યો અને લોકોને ધંધા-વ્યવસાય વિકસાવવાની સહાય અપાવી.

આફત પછીના પુનર્વસનમાં સંસાધનોની સમાન રીતે વહેંચણી થાય તેમ જ નગરની પુનર્રચનાનું કામ બધાનો સમાવેશ કરે તેવું બને તે દિશામાં તેમણે ખૂબ નોંધપાત્ર પ્રયાસો કર્યા. તેઓ આજે પણ લોકોનાં કામો કરવા માટે મથ્યા કરે છે.

*(આ લેખનાં લેખિકા એલિસ મોરિસ, 'ઉન્નતિ' સંસ્થાનાં પ્રોગ્રામ કોઑર્ડિનેટર છે.)*

# શહેરી શાસનની નાડ પારખતા નાગરિક આગેવાન ગુણવંતભાઈ



*ગુણવંતભાઈ રાઠોડ*
*સોનારકુઈ વિસ્તાર*
*મુ. ધોળકા*
*તાલુકો: ધોળકા*
*જિલ્લો: અમદાવાદ*

અમદાવાદ જિલ્લાના ધોળકા નગરમાં સોનારકૂઈ નામનો ઝૂંપડપટ્ટી વિસ્તાર છે. તેમાં આશરે ૪૦૦ ઘર છે. ગુણવંતભાઈ રાઠોડ એ વિસ્તારમાં રહે છે. સ્વૈચ્છિક સંસ્થા 'ઉન્નતિ'એ વર્ષ ૨૦૦૨માં આ વિસ્તારમાં વૉર્ડ સ્તરના આયોજનની પ્રક્રિયા શરૂ કરી ત્યારે એક જાગૃત નાગરિક તરીકે ગુણવંતભાઈએ તેમાં ખૂબ રસ લીધો. વળી, તેમણે સ્થાનિક સમુદાયને પણ આયોજનની પ્રક્રિયામાં સામેલ કર્યા. 'ઉન્નતિ' દ્વારા યોજાતી જુદી જુદી તાલીમોમાં પણ તેમણે ભાગ લીધો. તાલીમોમાંથી સમજ કેળવ્યા પછી તેમણે પોતાના વિસ્તારના પાણી પુરવઠા, પાકા રસ્તા અને ગટર લાઈનની સમસ્યાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

ગુણવંતભાઈને વિકાસના આયોજનમાં આમ આદમીની ભાગીદારી અંગે ખૂબ શ્રદ્ધા હતી. તેથી તેમણે લોકો સાથે સ્થાનિક સમસ્યાઓ અંગે બેઠકો યોજવાનું શરૂ કર્યું. આ બેઠકોમાં તેમણે સેવાઓની ગુણવત્તા સુધરે તે માટે ચર્ચા શરૂ કરી. એટલું જ નહીં, તેમણે ઘેર ઘેર ફરીને લોકોને સ્થાનિક પ્રશ્નો અંગે જાગૃત કર્યા. ત્યાર પછી તેમણે સમુદાયના બીજા સભ્યો સાથે મળીને નગરપાલિકામાં સ્થાનિક પ્રશ્નોની રજૂઆત કરી તેમ જ તેના ઉકેલ માટે જરૂરી નિર્ણયો લેવડાવ્યા. જોકે, શરૂઆતમાં નગરપાલિકાના અધિકારીઓ તરફથી પૂરતો સહકાર મળતો નહોતો. વળી, લોકોને પણ કાયદા-કાનૂન અને નિયમોની કોઈ જાણકારી નહોતી. અધૂરામાં પૂરું, ગુણવંતભાઈ યુવાન હતા એટલે એમનામાં કોઈને બહુ વિશ્વાસ પણ પડતો નહોતો. જોકે, ગુણવંતભાઈ એમ હારે એમ નહોતા. એમણે દરેક પ્રક્રિયામાં લોકોને સતત સાથે રાખવાનું વલણ અપનાવ્યું. પરિણામે, લોકો એમની સાથે જોડાયા.



ત્યારપછી ગુણવંતભાઈની આગેવાનીમાં એક પછી એક પ્રશ્નો હાથ ધરવામાં આવ્યા. પાણી પુરવઠાનો ચોક્કસ સમય નક્કી થવાથી લોકોને પૂરતું પાણી મળતું થયું. સ્થાનિક બધા જ રસ્તા પાકા થયા અને રસ્તા ઉપર પૂરતી લાઈટોની વ્યવસ્થા પણ થઈ.

વર્ષ ૨૦૦૫માં સ્થાનિક વિસ્તાર માટે નગરપાલિકા દ્વારા ગટર લાઈન મંજૂર કરવામાં આવી. તેનાથી ખુશ થવાને બદલે લોકો થોડાક મુંઝાતા હતા. કારણ એ હતું કે, ગટર લાઇન થવાથી રસ્તો ઊંચો થશે અને મુસીબતો વધશે એવો લોકોને ડર હતો. ગુણવંતભાઈને તરત જ લોકોની માનસિકતાનો અંદાજ આવી ગયો તેથી તેમણે ભૂગર્ભ ગટર યોજનાથી થનારા ફાયદા વિશે લોકોને સમજાવાનું શરૂ કર્યું. વળી, વૉર્ડના પ્લાનમાં જ એ અંગેની માહિતી પણ સામેલ કરવામાં આવી. પરિણામે લોકોનો ડર દૂર થયો અને સમગ્ર વિસ્તારને ભૂગર્ભ ગટર યોજનાનો લાભ મળ્યો.

ગુણવંતભાઈ સ્થાનિક દલિત રક્ષક સમિતિના પ્રમુખ છે અને મજૂર મંડળમાં પણ સક્રિય છે. ગુણવંતભાઈએ તૈયાર કરેલા સ્વયંસેવકો સ્થાનિક પ્રશ્નો અંગે અસરકારક રીતે કામ કરે છે એ એમનું મહત્ત્વનું પ્રદાન કહી શકાય. અસરકારક નાગરિકત્વ, શાસન, સંસાધનોની સમાન વહેંચણી જેવા મુદ્દાઓ અંગે લોકોમાં જાગૃતિ અને સમજ કેળવાય એ દિશામાં ગુણવંતભાઈ ખૂબ મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે.

*(આ લેખનાં લેખિકા એલિસ મોરિસ, 'ઉન્નતિ' સંસ્થાનાં પ્રોગ્રામ કોઑર્ડિનેટર છે.)*

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
૭૦૧–૭૦૨, સાકાર–૪, મા. જે. પુસ્તકાલય સામે,
આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.
ફોનઃ ૦૭૯–૨૬૫૮૩૩૦૫    ફોન/ફેક્સઃ ૨૬૫૮૮૯૫૮